RNI NO GUJGUJ/2005/23814

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

JAMNAGAR
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા | શિવમ બિલ્ડીંગ, અનુપમ ટોકીઝ પાસે, જામનગર ૯૭૨૭૯૧૧૦૮૭

● સંવત ૨૦૮૩ કારતક સુદ - ૯ | બુધવાર, તા.૧૮-૧૧-૨૦૨૬ | અંક : ૨૬૯ વર્ષ : ૨૧ | jamnagar@aaspassaindia.com | કિંમત રૂા. ૨-૫૦ | પાના - ૮

એપલની સર્વિસમાં વૈશ્વિક 'બ્લેકઆઉટ', iPhone યુઝર્સ હેરાન

ભારત સહિત અનેક દેશોમાં લાખો યુઝર્સ મુશ્કેલીમાં મુકાયા; Apple Pay, Apple Music અને iCloud ખોરવાતાં ડિજિટલ વ્યવહારો અને સેવાઓ પર અસર, સાત દિવસમાં અમેરિકામાં ચોથી મોટી ટેકનિકલ ખામી

વોશિંગટન,

ટેક્નોલોજીના આજના આધુનિક યુગમાં, જ્યાં માનવીનું અડધું જીવન સ્માર્ટફોન અને ડિજિટલ ઉપકરણો પર નિર્ભર થઈ ગયું છે, ત્યાં અચાનક જ દુનિયાના દિગ્ગજ બ્રાન્ડ ગણાતી 'એપલ' કંપનીની મુખ્ય સેવામાં મોટો બ્રેકડાઉન જોવા મળ્યો છે.

વિશ્વભરમાં એપલના કરોડો યુઝર્સ માટે બુધવારની રાત અતિશય મુશ્કેલીભરી સાબિત થઈ હતી. આઈફોન , મેકબુક અને અન્ય એપલ ડિવાઈસ વાપરતા લાખો લોકો અચાનક જ કંપનીની મુખ્ય સર્વિસથી વિમુખ થઈ ગયા હતા.

મળતી માહિતી મુજબ, એપલની આંતરરાષ્ટ્રીય સ્તરની લોકપ્રિય સેવાઓ જેવી કે આઈક્લાઉડ, એપ સ્ટોર, એપલ પે, એપલ મ્યુઝિક અને સપોર્ટ સર્વિસ સંપૂર્ણપણે



ઠપ થઈ ગઈ હતી. ભારત સહિત દુનિયાભરના અનેક દેશોમાં યુઝર્સે સોશિયલ મીડિયા પર પોતાની નારાજગી અને મુશ્કેલીઓ વ્યક્ત કરી હતી.

યુઝર્સ દ્વારા પ્રાપ્ત અહેવાલો અને આઉટેજ ટ્રેક કરતી જાણીતી વેબસાઈટ 'ડાઉનડિટેક્ટર' પર હજારોની સંખ્યામાં ફરિયાદો નોંધાઈ હતી.અનેક યુઝર્સે ફરિયાદ કરી હતી કે તેમના આઈફોન અને મેક ડિવાઈસમાંથી અચાનક આઈક્લાઉડ લોગઆઉટ થઈ ગયું હતું. વારંવાર આવતા ટેક્નિકલ એરરના કારણે યુઝર્સે ફરીથી લોગઈન કરવાની લાંબી અને કંટાળાજનક પ્રક્રિયામાંથી પસાર થવું પડ્યું હતું.આઈફોન ચલાવતા શોખીનો જ્યારે નવા એપ્લિકેશન્સ ડાઉનલોડ કરવા માટે એપ સ્ટોર પર ગયા, ત્યારે તે એક્સેસ ન થવાને કારણે ભારે હાલાકી ભોગવવી પડી હતી.ડિજિટલ પેમેન્ટના આ યુગમાં ગ્રાહકોને સ્ટોર્સ પર ખરીદી કરતી વખતે 'એપલ પે' વાપરવામાં અડચણો નડી હતી, જેના કારણે લેણદેણ અટકી પડી હતી. સંગીતના શોખીન યુઝર્સ માટે મનોરંજન પર પણ ગ્રહણ લાગ્યું હતું. અમેરિકા અને અન્ય દેશોમાં યુઝર્સ મ્યુઝિક સ્ટ્રીમ કરી શક્યા નહોતા નવું ડિવાઈસ ખરીદીને એક્ટિવેટ કરવા માગતા ગ્રાહકો અટવાયા હતા, તેમજ ડેવલપર્સ માટેનું 'એપલ સ્ટોર કનેક્ટ' પણ ઠપ થઈ જતા પ્રોજેક્ટ્સને અસર થઈ હતી.

ખાસ કરીને યુનાઈટેડ સ્ટેટ્સ માટે આ અઠવાડિયું આફતોથી ભરેલું સાબિત થઈ રહ્યું છે. છેલ્લા માત્ર સાત જ દિવસમાં આ ચોથી મોટી ઘટના છે જ્યારે કોઈ મોટી ટેક કંપની કે સિસ્ટમ ખોરવાઈ ગઈ હોય. આ સિલસિલો ગત ગુરુવારની રાત્રે 'માઈક્રોસોફ્ટ'ના મોટા આઉટેજ સાથે શરૂ થયો હતો.

ત્યારબાદ એરલાઈન્સનું કમ્યુનિકેશન સિસ્ટમ અચાનક ડાઉન થઈ ગયું હતું અને મંગળવારે અમેરિકન બેંકિંગ સિસ્ટમમાં પણ કેટલાક સમય માટે મોટો અવરોધ ઊભો થયો હતો. આટલું ઓછું હોય તેમ, હવે એપલ જેવી મજબૂત સિક્યોરિટી અને સર્વિસ ધરાવતી કંપનીનું નેટવર્ક પણ ખોરવાઈ જતાં વૈશ્વિક સ્તરે સાયબર નિષ્ણાંતો અને ટેક પ્રેમીઓ ચિંતામાં મૂકાયા છે.

૨૦મીએ આંધ્ર.માં ત્રાટકશે વાવાઝોડું અકવાન

૪ રાજ્યોમાં ભારે વરસાદનું ઍલર્ટ, મુખ્યમંત્રી ચંદ્રબાબુ નાયડુએ કરી સમીક્ષા, હેલ્પલાઈન નંબર કરાયા જાહેર

નવીદિલ્હી,

બંગાળની ખાડીમાં સક્રિય થયેલું વાવાઝોડું અકવાન ઝડપથી આગળ વધી રહ્યું છે. ભારતીય હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આ સિસ્ટમ ડીપ ડિપ્રેશનમાંથી આગળ વધીને ચક્રવાતી તોફાન બની ચૂકી છે અને આજે સાંજ સુધીમાં તે 'ગંભીર ચક્રવાતી તોફાન'માં ફેરવાઈ શકે છે.

હાલમાં આ વાવાઝોડું ચેન્નાઈથી લગભગ ૬૧૦ કિલોમીટર પૂર્વમાં, મછલીપટ્ટનમથી ૬૬૦ કિલોમીટર, વિશાખાપટ્ટનમથી ૬૭૦ કિલોમીટર અને ઓડિશાના ગોપાલપુરથી ૭૯૦ કિલોમીટર દૂર સમુદ્રમાં સ્થિત છે. હવામાન વિભાગના અંદાજ મુજબ, ગુરુવાર સવાર સુધીમાં તે અત્યંત ગંભીર સ્વરૂપ ધારણ કરશે અને શુક્રવાર, ૨૦ નવેમ્બરની બપોર આસપાસ આંધ્રપ્રદેશના નેલ્લોર અને તુની વચ્ચે લેન્ડ કરશે.

લેન્ડ થવાના સમયે પવનની ઝડપ ૧૨૦થી ૧૩૦ કિલોમીટર પ્રતિ કલાક રહેવાની શક્યતા છે, જ્યારે પવનના ઝોકા ૧૪૫ કિલોમીટર પ્રતિ કલાક સુધી પહોંચી શકે છે. તાજેતરના અઠવાડિયામાં 'અર્નબ' અને 'મુરાસુ' બાદ આંધ્રપ્રદેશ પર ત્રાટકનારું આ ત્રીજું મોટું વાવાઝોડું છે. દરિયાકાંઠાના વિસ્તારોમાં ૧થી ૨ મીટર ઊંચા મોજા ઉછળી શકે છે, જેના કારણે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાનું જોખમ ઊભું થયું છે.

વૈશ્વિક ઊર્જાના સંકટ વચ્ચે જાપાને એશિયન એનર્જી એજન્સી બનાવવાનો મૂક્યો પ્રસ્તાવ

જાપાન ઈન્ડોનેશિયા સ્થિત આર્થિક સંશોધન સંસ્થા સાથે મળીને આ ટાસ્ક ફોર્સનું નેતૃત્વ કરશે

નવી દિલ્હી,

મધ્ય-પૂર્વમાં ચાલી રહેલા ઈરાન યુદ્ધના કારણે સમગ્ર વિશ્વમાં ઊર્જા સંકટ ઘેરું બન્યું છે અને ક્રૂડ ઓઈલના ભાવ આસમાને પહોંચ્યા છે. આ કપરી પરિસ્થિતિ વચ્ચે જાપાને એશિયાઈ દેશોને મોટી રાહત અપાવતો એક ઐતિહાસિક પ્રસ્તાવ રજૂ કર્યો છે. તારીક ૧૭ નવેમ્બર ૨૦૨૬ના રોજ ફિલિપાઈન્સની રાજધાની મનીલા ખાતે યોજાયેલા છજીઈછદ્ર શિખર સંમેલન યોજાયું હતું. આ સંમેલનમાં જાપાનના વડાપ્રધાન સનાએ તાકાઈચીએ ૪૮ દેશો સમક્ષ 'એશિયન એનર્જી એજન્સી'ની સ્થાપના કરવાનો પ્રસ્તાવ મૂક્યો છે.

સંમેલનમાં પ્રસ્તાવર અંગે વાત કરતા જાપાનના વડાપ્રધાને સ્પષ્ટ કર્યું કે, તેઓ ૧૯૭૪ના તેલ સંકટ સમયે રચાયેલી 'ઈન્ટરનેશનલ એનર્જી એજન્સી'ના તર્જ પર તેનું એશિયન વર્ઝન અને એક ખાસ 'ઓઈલ સિક્યોરિટી ટાસ્ક ફોર્સ' બનાવવા માંગે છે. જાપાન ઈન્ડોનેશિયા સ્થિત આર્થિક સંશોધન સંસ્થા સાથે મળીને આ ટાસ્ક ફોર્સનું નેતૃત્વ કરશે. આ પહેલનો મુખ્ય ઉદ્દેશ્ય યુદ્ધ કે વૈશ્વિક કટોકટીના સમયે સભ્ય દેશોના રાષ્ટ્રીય તેલ ભંડારમાંથી તેલ જારી કરવા અને જરૂરિયાતમંદ દેશો સાથે પરસ્પર વહેંચણી કરવા માટેના ચોક્કસ નિયમો ઘડવાનો છે.

એશિયામાં મોટાભાગના દેશો પોતાની જરૂરિયાત પ્રમાણે તેલની આયાત કરે છે. વર્તમાનમાં જે યુદ્ધની સ્થિતિ ચાલી રહી છે તેના કારણે તેલ સપ્લાય પર અસર થઈ રહી છે. આ સંકટમાં એશિયાઈ દેશોમાં કોઈ સમસ્યા ના સર્જાય અને ઈંધણના ભાવ ભૂતકાળની જેમ જળવાઈ રહે તે માટે જાપાને આ યોજના બનાવી છે. આ પ્લાન ભારત માટે અતિમહત્વપૂર્ણ અને ફાયદાકારક સાબિત થઈ શકે છે. ભારત

ભારત પાસે ૨ અબજ ડોલરની લોન, નવા હવાઈ માર્ગોની માંગ સાથે દિલ્હી આવશે બાલેન શાહ

૨૨ નવેમ્બરે દિલ્હી પહોંચશે નેપાળના વડાપ્રધાન; હવાઈ માર્ગોની સુવિધા, ૨.૫ અબજ ડોલરની આર્થિક સહાય અને પુનર્નિર્માણ પેકેજ પર થશે ચર્ચા

કાઠમાંડૂ,તા.૧૭

નેપાળી વડા પ્રધાન બાલેન શાહ ૨૨ નવેમ્બરે લગભગ ૨૫ કલાક માટે ભારતની મુલાકાતે આવી રહ્યા છે.

આ એક દુર્લભ ઘટના છે, કારણ કે નેપાળી વડા પ્રધાનોની રાજ્ય મુલાકાતો સામાન્ય રીતે ૩ થી ૫ દિવસની હોય છે. જા કે, બાલેન શાહ ૨૩ નવેમ્બરે બપોરે ૩ વાગ્યાની આસપાસ નેપાળ પાછા ફરશે.



બાલેન શાહ ફક્ત વડા પ્રધાન મોદીને મળવા દિલ્હી આવવા માંગતા ન હતા; તેમણે ઘણા મહિનાઓ પહેલા જ તેમની મુલાકાત માટે ઘણી શરતો મૂકી દીધી હતી.

ભારત સાથે હવાઈ જાડાણ વધારવું એ નેપાળની લાંબા સમયથી માંગ રહી છે, અને બાલેન શાહની મુલાકાત દરમિયાન આ એક મુખ્ય એજન્ડા રહેશે. નેપાળ ભૈરહવા, નેપાળગંજ, મહેન્દ્રનગર અને જનકપુર થઈને નવા હવાઈ માર્ગો ઇચ્છે છે જેથી નેપાળ જતી અને જતી આંઆંતરરાષ્ટ્રીય ફ્લાઇટ્સ માટે મુસાફરીને સરળ બનાવી શકાય. નેપાળી અધિકારીઓને આશા છે કે ભારત સકારાત્મક વલણ અપનાવશે. કાઠમંડુ પોસ્ટના અહેવાલ મુજબ, ભારત રક્સૌલમાં એક એરપોર્ટ બનાવી રહ્યું છે, અને ભારતીય અધિકારીઓએ નેપાળી એરસ્પેસનો ઉપયોગ કરવાની પરવાનગી માંગી હતી, જેને નેપાળે નકારી કાઢી છે અને તકનીકી વિગતો માંગી છે. જાકે, ભારતને બાગડોગરામાં હવાઈ ક્ષેત્રની સુવિધા આપવામાં આવી છે.

કેબિનેટમાં ફેરફારના સંકેતો વચ્ચે PM મોદીએ બોલાવી મંત્રી પરિષદની બેઠક

શાસન-વહીવટમાં સુધારા, કલ્યાણકારી યોજનાઓના લાભાર્થીઓ સુધી પહોંચ અને મહિલા-યુવાનો સાથે સીધા સંવાદ પર થશે ચર્ચા

નવીદિલ્હી,

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની આગેવાની હેઠળ આજે મંત્રી પરિષદની એક મહત્ત્વપૂર્ણ બેઠક મળવા જઈ રહી છે. વાર્ષિક ભારત-આસિયાન શિખર સંમેલનથી પરત ફર્યા બાદ પીએમ મોદી આ બેઠક યોજવાના છે. કેબિનેટમાં ફેરબદલની અટકળો વચ્ચે યોજાઈ રહેલી આ બેઠકમાં શાસન, સુધારાઓ તેમજ કલ્યાણ અને વિકાસ યોજનાઓ વિશે મહિલાઓ તથા યુવાનો સુધી પહોંચવા જેવા અનેક મહત્ત્વપૂર્ણ મુદ્દાઓ પર ચર્ચા થવાની પ્રબળ સંભાવના છે.

આ બેઠકનો મુખ્ય ઉદ્દેશ્ય મંત્રીઓને સરકાર સમક્ષ રહેલા મુદ્દાઓને વધુ સારી રીતે સમજવામાં મદદ કરવાનો છે. જોકે, કેબિનેટ ફેરબદલને લઈને સરકાર તરફથી હજુ સુધી કોઈ અધિકૃત નિવેદન સામે આવ્યું નથી, પરંતુ આ અટકળો વચ્ચે આ બેઠક અત્યંત મહત્ત્વપૂર્ણ માનવામાં આવી રહી છે. મંત્રી પરિષદની અગાઉની બેઠક સપ્ટેમ્બર મહિનામાં યોજાઈ હતી, જેને 'ચિંતન શિબિર' નામ આપવામાં આવ્યું હતું. તે બેઠકમાં મંત્રીઓએ વિગતવાર ચર્ચા કરી હતી કે સરકારી યોજનાઓનો લાભ ૧૦૦ ટકા વાસ્તવિક લાભાર્થીઓ સુધી કેવી રીતે પહોંચાડી શકાય અને નાગરિકો સાથે વધુ અસરકારક રીતે કેવી રીતે જોડાવું.

જમ્મુના કુલગામમાં મસ્જિદમાં છુપાયેલો મોસ્ટ વૉન્ટેડ આતંકી લતીફ ભટ એન્કાઉન્ટરમાં ઠાર

આત્મસમર્પણની અપીલ ઠુકરાવી,,ઉમર નિસાર બાદ હવે લતીફ ભટનો પણ ખેલ ખતમ, કુલગામમાં આતંકી મોડ્યુલને મોટો ફટકો

જમ્મુ,

જમ્મુ-કાશ્મીરના કુલગામ જિલ્લામાં બુધવારે સવારે સુરક્ષાદળો અને આતંકીઓ વચ્ચે થયેલી અથડામણમાં લશ્કર-એ-તૈયબાના મોસ્ટ વોન્ટેડ આતંકી લતીફ અહેમદ ભટને સુરક્ષાદળોએ ઠાર કર્યો છે. આતંકીએ દેવસરના જંગલપોરા વિસ્તારમાં આવેલી એક મસ્જિદમાં શરણ લીધી હતી. અધિકારીઓના જણાવ્યા અનુસાર, જમ્મુ-કાશ્મીર પોલીસ અને સુરક્ષાદળોની સંયુક્ત ટીમે આખા વિસ્તારને ઘેરી લીધો હતો. સુરક્ષાદળોએ લતીફને આત્મસમર્પણ કરવાની તક પણ આપી હતી, પરંતુ તેણે સતત ગોળીબાર ચાલુ રાખ્યો હતો, જેના જવાબમાં કાર્યવાહી કરતા તેને મોતને ઘાટ ઉતારવામાં આવ્યો હતો.

કુલગામના એસએસપી ઈનાયત અલીએ જણાવ્યું હતું કે, 'સુરક્ષાદળોએ ઘેરાયેલા આતંકી લતીફ ભટને આત્મસમર્પણ કરવા માટે વારંવાર સમજાવવાનો પ્રયાસ કર્યો હતો. મેં પોતે તેની સાથે વીડિયો કૉલ પર લાંબી વાતચીત કરી હતી અને તેને સમજાવ્યું હતું કે તેની જિંદગી હજુ બાકી છે અને તે ખૂબ યુવાન



છે, પરંતુ તે વાત માનવા તૈયાર નહોતો.'લતીફ બાદમાં એક મસ્જિદની અંદર જતો રહ્યો હતો. ત્યારબાદ પણ અનેક વખત જાહેરાત કરીને તેને સરેન્ડર કરવા કહેવાયું, છતાં તેણે ઇનકાર કરી દીધો અને સુરક્ષાદળો પર ગોળીબાર શરૂ કરી દીધો હતો.કુલગામના અખરણ ખાતે ૧૧ નવેમ્બરે આતંકી લતીફ ભટે અન્ય આતંકી ઉમર નિસાર સાથે મળીને સીઆરપીએફના નાકા પર ગોળીબાર કર્યો હતો અને નાસી છૂટ્યા હતા. આ હુમલામાં ત્રણ જવાન ઘાયલ થયા હતા, ત્યારથી સુરક્ષાબલો તેમની પાછળ લાગેલા હતા.સોમવારે કુલગામના લારૂમાં સુરક્ષાબલો સાથે થયેલી અથડામણમાં લતીફનો સાથી અને સીઆરપીએફ ટીમ પરના હુમલામાં સામેલ ઉમર નિસાર માર્યો ગયો હતો, જ્યારે લતીફ ભટ ઘેરાબંધીમાંથી ભાગી છૂટવામાં સફળ રહ્યો હતો.

બિશ્નોઈ ગેંગના નેટવર્ક પર દિલ્હી પોલીસનો સકંજો, સાબરમતી જેલના મુલાકાતીઓની કુંડળી તપાસશે

જેલની બહાર ગેંગ ઓપરેટ કરતાં સાગરિતોને શોધવાની કવાયત, સ્પેશિયલ ટીમો દ્વારા હાથ ધરાશે આગળની તપાસ

નવીદિલ્હી,

કુખ્યાત ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈની મુલાકાત લેનારા તમામ લોકો હવે દિલ્હી પોલીસના રડાર પર આવી ગયા છે. જેલની અંદર રહીને બહાર ચાલતા ગુનાખોરીના નેટવર્કને તોડી પાડવા માટે દિલ્હી પોલીસે એક અત્યંત મહત્વપૂર્ણ કવાયત હાથ ધરી છે. જે અંતર્ગત દિલ્હી પોલીસે ગુજરાતની અમદાવાદ સ્થિત સાબરમતી સેન્ટ્રલ જેલના સત્તાધીશોને એક સત્તાવાર પત્ર લહીને લોરેન્સ બિશ્નોઈને મળવા આવેલા અથવાઆ વ્યક્તિગત રીતે મુલાકાત કરવાની ઈચ્છા ધરાવતા તમામ મુલાકાતીઓની સંપૂર્ણ વિગતો માંગી છે.

પોલીસ તંત્રનું માનવું છે કે જેલની બહાર રહીને બિશ્નોઈ ગેંગનું સંચાલન કરતાં શખ્સો મુલાકાતના બહાને તેના સંપર્કમાં રહેતા હોય શકે છે. આ સંભવિત કનેક્શન અને ગુનાહિત ષડ્યંત્રનો પર્દાફાશ કરવા માટે મુલાકાતીઓની યાદી તપાસવામાં આવી રહી છે. તાજેતરના સમયમાં બિશ્નોઈ ગેંગના નામે મોટા વેપારીઓ અને ફિલ્મ ઈન્ડસ્ટ્રી સાથે સંકળાયેલી હસ્તીઓને ખંડણી માટે ધમકીભર્યા ફોન અને સંદેશાઓ મળવાના કિસ્સાઓ સામે આવ્યા છે, જેને ગંભીરતાથી લઈને દિલ્હી પોલીસે આ આકરું પગલું ભર્યું છે. આ સમગ્ર મામલે એક પોલીસ અધિકારીએ નામ ન આપવાની શરતે માહિતી આપી હતી કે જેલ સત્તાધીશો તરફથી મુલાકાતીઓની સત્તાવાર વિગતો પ્રાપ્ત થયા બાદ દિલ્હી પોલીસની સ્પેશિયલ ટીમો દ્વારા આ તમામ લોકોની ઊંડાણપૂર્વક તપાસ કરવામાં આવશે.

ટ્રમ્પ આજે APEC સમિટ માટે ચીન પહોંચશે,રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન સાથે થશે મુલાકાત

પહેલીવાર વ્લાદિમીર પુતિન, શી જિનપિંગ અને ડોનાલ્ડ ટ્રમ્પની બેઠક થશે

વોશિંગટન,

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ આજે એશિયા-પેસિફિક ઇકોનોમિક કોઓપરેશન સમિટમાં ભાગ લેવા માટે ચીન પહોંચશે.આ દરમિયાન તેમની ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ અને રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન સાથે મુલાકાત થઈ શકે છે.સાથે જ વિશ્વની ત્રણ મોટી પરમાણુ શક્તિઓ—અમેરિકા, ચીન અને રશિયાના નેતાઓની પ્રથમ વખત બેઠક પણ યોજાશે. આ બેઠકમાં પરમાણુ હથિયારો, વૈશ્વિક શાંતિ અને આંતરરાષ્ટ્રીય સંબંધો પર ચર્ચા થઈ શકે છે.

છઈઝ સમિટ આજથી બે દિવસ ચીનના શેનઝેનમાં યોજાઈ રહી છે. તેમાં એશિયા-પેસિફિક ક્ષેત્રની ૨૧ અર્થવ્યવસ્થાઓના નેતાઓ ભાગ લઈ રહ્યા છે. આમાં અમેરિકા, ચીન, રશિયા, જાપાન, દક્ષિણ કોરિયા, ઓસ્ટ્રેલિયા, સિંગાપોર અને ઈન્ડોનેશિયા જેવા દેશો સામેલ છે.ચીન ૧૨ વર્ષ બાદ ત્રીજી વખત આ સમિટની યજમાની કરી રહ્યું છે. આ વર્ષની થીમ છે—'બિલ્ડિંગ એશિયા-પેસિફિક કમ્યુનિટી ટુ પ્રોસ્પર ટુગેધર' એટલે કે સાથે મળીને પ્રગતિ કરતો એશિયા-પેસિફિક સમુદાય.

ટ્રમ્પ અને જિનપિંગની ગુરુવારે દ્વિપક્ષીય બેઠક યોજાશે. આ વર્ષે બંને નેતાઓની આ ત્રીજી રૂબરૂ મુલાકાત હશે. તેમાં વેપાર અને ટેક્નોલોજીને લઈને ચાલી રહેલા તણાવને ઘટાડવા અંગે ચર્ચા થઈ શકે છે.અમેરિકાના કૃષિ વિભાગ મુજબ, ચીને ૨૦૨૪માં ૨.૬૮ કરોડ ટન સોયાબીન ખરીદ્યું હતું, જે ૨૦૨૫માં ઘટીને ૭૨ લાખ ટન રહી ગયું. ચીને આગામી ત્રણ વર્ષ સુધી દર વર્ષે ૨.૫ કરોડ ટન સોયાબીન ખરીદવાનું વચન આપ્યું હતું.સાથે જ ૨૦૨૮ સુધી દર વર્ષે ૧૭ અબજ ડોલરના અન્ય અમેરિકન કૃષિ ઉત્પાદનો ખરીદવાની વાત પણ કહી હતી.

ચીને ૨૦૨૫માં તેની નિકાસ પર કડકાઈ કરી હતી, જેના કારણે અમેરિકન કંપનીઓને સપ્લાય અટકી જવાનો ડર હતો.ગયા વર્ષે ચીને પ્રતિબંધો પર રોક લગાવી હતી, જેને હવે ૧૦ જાન્યુઆરી ૨૦૨૭ સુધી લંબાવી દેવામાં આવી છે.

જામનગર એરફોર્સ સ્ટેશન ખાતે ૨૪ દેશોની સહભાગીતા સાથે 'સહાયતા સેતુ'નો પ્રારંભ

ચક્રવાતી વાવાઝોડાની કાલ્પનિક સ્થિતિ સર્જી હવાઈ જાસૂસી, શોધ-બચાવ, નાગરિકોના સ્થળાંતર અને રાહત સામગ્રી વિતરણનું જીવંત નિદર્શન કરાશે









જામનગર : કુદરતી આફતો અને માનવતાવાદી કટોકટીના સમયે આંતરરાષ્ટ્રીય સ્તરે સંકલિત રાહત અને બચાવ કામગીરી હાથ ધરવાની ક્ષમતા વિકસાવવાના હેતુથી જામનગર એરફોર્સ સ્ટેશન ખાતે ભારતીય વાયુસેનાની ત્રિદિવસીય બહુરાષ્ટ્રીય વાર્ષિક સંયુક્ત માનવતાવાદી સહાય અને આપદા રાહત કવાયત 'સહાયતા સેતુ'નો ગઈકાલે ભવ્ય પ્રારંભ થયો છે. તા. ૧૭ થી ૧૯ નવેમ્બર દરમિયાન યોજાનારી આ કવાયતમાં ભારત સહિત ૨૪ મિત્ર દેશોના પ્રતિનિધિઓ સહભાગી બન્યા છે. આ કવાયતના માધ્યમથી કુદરતી આફતોના સમયે વિવિધ દેશો અને સંરક્ષણ તથા આપત્તિ વ્યવસ્થાપન સાથે સંકળાયેલી એજન્સીઓ વચ્ચે સંકલન મજબૂત બનાવવાની દિશામાં પ્રયાસ હાથ ધરવામાં આવ્યા છે.

મુખ્યાલય સંકલિત સંરક્ષણ સ્ટાફ (એચક્યુ આઈડીએસ) અને દક્ષિણ પશ્ચિમી એર કમાન્ડ (એચક્યુ એસડબલ્યુએસી)ના માર્ગદર્શન હેઠળ યોજાઈ રહેલી આ કવાયતના પ્રથમ દિવસે વિવિધ આંતરરાષ્ટ્રીય સંગઠનો સાથે સંકળાયેલા મિત્ર દેશોના પ્રતિનિધિઓની ઉપસ્થિતિમાં વિશેષ વિચારમંથન સેમિનાર યોજાયો હતો. જેમાં આફત વ્યવસ્થાપન, માનવતાવાદી સહાય અને આંતરરાષ્ટ્રીય રાહત કામગીરીના અનુભવો તથા શ્રેષ્ઠ પદ્ધતિઓ અંગે ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી.

આંતરરાષ્ટ્રીય મહત્ત્વ ધરાવતી આ કવાયતમાં આઈઓઆરએ, બિમ્સ્ટેક અને ક્વાડ સંગઠનો સાથે સંકળાયેલા દેશોના પ્રતિનિધિઓ જોડાયા છે. ઓસ્ટ્રેલિયા, અમેરિકા, જાપાન, સંયુક્ત આરબ અમીરાત, શ્રીલંકા, બાંગ્લાદેશ, નેપાળ, મ્યાનમાર, ઈન્ડોનેશિયા, સિંગાપોર, થાઈલેન્ડ, દક્ષિણ આફ્રિકા, ઓમાન, માલદીવ, મોરેશિયસ અને કેન્યા સહિતના ૨૪ દેશોના પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો. સેમિનારમાં વિવિધ દેશોના પ્રતિનિધિઓએ આપત્તિના સમયે રાહત અને બચાવ કામગીરીના પોતાના અનુભવો રજૂ કરી પરસ્પર સહયોગની શક્યતાઓ અંગે વિચારવિમર્શ કર્યો હતો.

દક્ષિણ પશ્ચિમી એર કમાન્ડના એર ઓફિસર કમાન્ડિંગ-ઇન-ચીફ એર માર્શલ પી.વી. શિવાનંદે ઉદ્ઘાટન સત્રમાં મુખ્ય સંબોધન કર્યું હતું. તેમણે કુદરતી આફતો અને માનવતાવાદી કટોકટીના સમયે ઝડપી અને અસરકારક કામગીરી માટે સંકલિત આયોજન, સંયુક્ત ક્ષમતા વિકાસ તથા વિવિધ એજન્સીઓ વચ્ચે સુચારુ સંકલનને અનિવાર્ય ગણાવ્યું હતું. આવી કવાયતથી આંતરરાષ્ટ્રીય સ્તરે સહયોગ અને સંયુક્ત કામગીરીની ક્ષમતાને વધુ મજબૂત બનાવી શકાય છે તેવો આશય પણ વ્યક્ત થયો હતો.

સેમિનારમાં વિદેશ મંત્રાલય, ભારતીય સેના, નૌકાદળ, વાયુસેના, રાષ્ટ્રીય આપદા પ્રતિભાવ દળ (એનડીઆરએફ) અને સંરક્ષણ સંશોધન અને વિકાસ સંગઠન (ડીઆરડીઓ)ના નિષ્ણાત વક્તાઓએ 'ભારતના વધતા જતા વૈશ્વિક માનવતાવાદી સહાય અને આપદા રાહત પદચિહ્ન' વિષય પર વિવિધ પાસાં રજૂ કર્યા હતા.

આ દરમિયાન ઓપરેશન એમિસ્ટેડ, ઓપરેશન બ્રહ્મા અને ઓપરેશન સાગર બંધુના કિસ્સા અભ્યાસ રજૂ કરીને આંતરરાષ્ટ્રીય આપત્તિ રાહત કામગીરીમાં ભારતે ભજવેલી ભૂમિકા અને અનુભવની ચર્ચા કરવામાં આવી હતી. આપત્તિ વ્યવસ્થાપનમાં આધુનિક ટેકનોલોજીના ઉપયોગ અંગે પણ નિષ્ણાતોએ માર્ગદર્શન આપ્યું હતું. જ્યારે બપોરના સત્રમાં ક્વાડના કાર્યકારી સ્તરની બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કવાયતના આગામી તબક્કામાં ગંભીર ચક્રવાતી વાવાઝોડાની કાલ્પનિક પરિસ્થિતિ ઊભી કરીને પ્રાયોગિક બચાવ અને રાહત કામગીરીનું નિદર્શન કરવામાં આવશે. જેમાં હવાઈ જાસૂસી, શોધ અને બચાવ કામગીરી, અસરગ્રસ્ત વિસ્તારોમાંથી નાગરિકોનું સુરક્ષિત સ્થળાંતર, કટોકટી કામગીરી કેન્દ્રોને સક્રિય કરવા, રાહત સામગ્રીનું વિતરણ તેમજ રાહત શિબિરોની સ્થાપના સહિતની કામગીરી હાથ ધરાશે. આમ, જામનગર એરફોર્સ સ્ટેશન ખાતે યોજાઈ રહેલી 'સહાયતા સેતુ' કવાયત માત્ર સંરક્ષણ દળોની સંયુક્ત કામગીરી પૂરતી સીમિત ન રહેતાં આંતરરાષ્ટ્રીય માનવતાવાદી સહયોગ અને આપત્તિ વ્યવસ્થાપન ક્ષેત્રે ભારતની વધતી ભૂમિકાનું પણ પ્રતિબિંબ બની રહી છે. દેશ-વિદેશમાં કુદરતી આફતોના સમયે સમયસર અને અસરકારક રાહત પહોંચાડવાની ક્ષમતા વિકસાવવાની દિશામાં આ ત્રણ દિવસીય કવાયત મહત્ત્વપૂર્ણ બની રહેશે.

જામનગરમાં સજુબા સ્કૂલથી ચાંદી બજાર સુધીનો સીસી રોડ બનાવવાનો નિર્ણય હાલ મુલતવી

જામનગર : જામનગર શહેરના રાજાશાહી સમયના રાજમાર્ગ સમાન સજુબા ગર્લ્સ હાઈસ્કૂલથી ઉપાશ્રય રોડ થઈ ચાંદી બજાર અને માંડવી ટાવર સુધીના હાલના ડામર માર્ગને સિમેન્ટ કોંક્રિટ (સીસી) રોડમાં પરિવર્તિત કરવાની મહાનગરપાલિકાની કામગીરી હાલ પૂરતી મુલતવી રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

આ માર્ગ બંધ રાખવાથી વેપારીઓના ધંધા-રોજગારને થનારી સંભવિત નુકસાની તેમજ સ્થાનિક રહેવાસીઓ અને વાહનચાલકોને પડનારી હાલાકીને ધ્યાનમાં રાખીને વેપારીઓ અને વિસ્તારના નાગરિકો દ્વારા કરવામાં આવેલી રજૂઆત બાદ મહાનગરપાલિકાના પદાધિકારીઓ અને અધિકારીઓ વચ્ચે ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. જેના અંતે હાલ રોડ બનાવવાની કામગીરી સ્થગિત રાખવાનો નિર્ણય કરાતાં વેપારીઓ અને સ્થાનિક લોકોને રાહત મળી છે.

મહાનગરપાલિકા દ્વારા તા. ૧૫ ઓક્ટોબરથી આ માર્ગ બંધ રાખીને સીસી રોડ બનાવવાની જાહેર નોટિસ પ્રસિદ્ધ કરવામાં આવી હતી. જોકે, આ માર્ગ પર આવેલી દુકાનોના વેપારીઓ, સ્થાનિક રહેવાસીઓ અને જૈન અગ્રણીઓ દ્વારા આટલો લાંબો સમય રસ્તો બંધ રાખવાથી વેપાર-ધંધા ઉપરાંત દૈનિક અવરજવર અને આવશ્યક સેવાઓને અસર થવાની રજૂઆત કરવામાં આવી હતી. આ અંગે મ્યુનિસિપલ કમિશનર દીપેશ કેડિયા અને મેયર મોનિકાબેન વ્યાસ સમક્ષ પણ આવેદનપત્ર પાઠવી ફેરવિચારણા કરવાની માંગ કરવામાં આવી હતી.

રજૂઆતમાં વેપારીઓ દ્વારા એવી પણ માંગ કરવામાં આવી હતી કે, જો રોડનું કામ હાથ ધરવામાં આવે તો નિર્ધારિત સમયમર્યાદામાં પૂર્ણ થાય તે માટે ચુસ્ત સમયપત્રક નક્કી કરવામાં આવે અને સમગ્ર માર્ગ એકસાથે બંધ કરવાને બદલે તબક્કાવાર કામગીરી હાથ ધરવામાં આવે. જેથી લોકોને આવશ્યક અવરજવર અને ઇમરજન્સી સમયે મુશ્કેલી ન પડે તેમજ વેપારીઓના ધંધા-રોજગાર પણ ચાલુ રહી શકે.

વેપારીઓ અને રહેવાસીઓની રજૂઆતને ધ્યાને લઈને મહાનગરપાલિકાના પદાધિકારીઓ તથા અધિકારીઓ વચ્ચે યોજાયેલી ચર્ચા-વિચારણા બાદ હાલ પૂરતી સીસી રોડ બનાવવાની કામગીરી મુલતવી રાખવામાં આવી છે. આ અંગે સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન ધીરેનભાઈ મોનાણીએ જણાવ્યું હતું કે, આગામી દિવસોમાં વિસ્તારના વેપારીઓ, રહેવાસીઓ અને સંબંધિત અગ્રણીઓના અભિપ્રાયો મેળવવામાં આવશે. ત્યારબાદ મહાનગરપાલિકાના તંત્ર સાથે જરૂરી મસલત કરીને રોડની કામગીરી અંગે યોગ્ય નિર્ણય લેવામાં આવશે.

દિગ્જામ સર્કલના પાણીના સંપમાંથી લાખો લિટર પાણી વેડફાતાં કોન્ટ્રાક્ટરને નોટિસ

જામનગર : જામનગર જિલ્લામાં ઓછા વરસાદના કારણે જળસંકટની સ્થિતિ સર્જાઈ છે અને જિલ્લાને દુષ્કાળગ્રસ્ત જાહેર કરવામાં આવ્યો છે, ત્યારે પાણીના એક-એક ટીપાની બચત કરવા માટે મહાનગરપાલિકા તંત્ર દ્વારા પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. બીજી તરફ પાણીનો બગાડ કરનારાઓ સામે પણ કડક કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. જેના ભાગરૂપે દિવાળીના તહેવાર દરમિયાન શહેરના દિગ્જામ સર્કલ વિસ્તારમાં આવેલા મહાનગરપાલિકાના પાણીના સંપ પરથી લાખો લિટર શુદ્ધ પાણીનો બગાડ થવાની ઘટના સામે આવતાં તંત્ર દ્વારા જવાબદાર કોન્ટ્રાક્ટર રાધે બિલ્ડર્સને નોટિસ ફટકારવામાં આવી છે અને પેનલ્ટી સહિતની કાર્યવાહી હાથ ધરવાની તજવીજ શરૂ કરાઈ છે.

દિવાળીના તહેવાર દરમિયાન રાત્રિના આશરે દોઢ વાગ્યાના અરસામાં દિગ્જામ સર્કલ સ્થિત પાણીના સંપ પર ફરજ બજાવતા કર્મચારીની બેદરકારીને કારણે પાણીનો ટાંકો સતત ઓવરફ્લો થતો રહ્યો હતો. ફરજ પરનો કર્મચારી ઊંઘી ગયો હોવાના કારણે સંપમાં પાણીનો ભરાવો થતો રહ્યો હતો અને પાણી સંપની બહાર પણ રેલાવા લાગ્યું હતું. જોતજોતામાં શુદ્ધ પાણીનો પ્રવાહ મુખ્ય માર્ગ સુધી પહોંચી જતાં રસ્તા પર પાણીનું ઝરણું વહેતું હોય તેવાં દૃશ્યો સર્જાયાં હતાં.

મધરાતના સમયે જાહેર માર્ગ પર પાણીનો ધોધ વહેતો જોઈને રાહદારીઓ અને સ્થાનિક લોકો એકત્ર થઈ ગયા હતા. આ ઘટનાનો વીડિયો ઉતારી સોશિયલ મીડિયામાં પણ વાયરલ કરવામાં આવ્યો હતો. એક તરફ પાણીની અછત વચ્ચે નાગરિકોને પાણી માટે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે, ત્યારે બીજી તરફ સરકારી તંત્રની વ્યવસ્થામાં આવી બેદરકારીના કારણે મોટા પ્રમાણમાં પીવાલાયક પાણી વેડફાતાં લોકોમાં રોષની લાગણી ફેલાઈ હતી.

આ ગંભીર ઘટનાની નોંધ લઈને જામનગર મહાનગરપાલિકાના અધિકારીઓ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હતી. તપાસ દરમિયાન પાણીના સંપ પર ફરજ બજાવતા કર્મચારીઓ કોન્ટ્રાક્ટ આધારિત હોવાનું સામે આવતાં જવાબદારી નક્કી કરવાની કાર્યવાહી કરવામાં આવી છે. આ મામલે સંબંધિત કોન્ટ્રાક્ટર રાધે બિલ્ડર્સને નોટિસ પાઠવી ખુલાસો માંગવામાં આવ્યો છે. સાથોસાથ પેનલ્ટી સહિતની કાર્યવાહી કરવાની દિશામાં પણ તંત્ર દ્વારા કવાયત હાથ ધરવામાં આવી છે.

જામનગરમાં સગીરાના ઘરમાં ઘૂસી શખ્સે મારામારી કરી આતંક મચાવતા દોડધામ



જામનગર : જામનગરના નવાગામ ઘેડ વિસ્તારમાં સગીરાના ઘરમાં ઘૂસી એક શખ્સે ઉત્પાત મચાવતા વિસ્તારમાં સોંપો પડી ગયો હતો. સગીરાના પરિચિત શખ્સે મારામારી કરતા વિસ્તારમાં ટોળાં એકઠા થયા હતા અને મહિલા હેલ્પ લાઈનની મદદ લઈ મામલો પોલીસ મથકે લઈ જવાયો હતો.

શહેરના નવગામ ઘેડમાં આવેલી ઇન્દિરા સોસાયટીમાં રહેતા એક પરિવારની સગીરાના પરિચિત એવા મોરકંડા વિસ્તારમાં રહેતા એક શખ્સે ગુંડાગર્દી કરી વિસ્તાર માથે લીધો હતો. કોઈ કારણસર ઉશ્કેરાઈ ગયેલો આરોપી સગીરાના ઘરમાં ઘૂસી તેણી સાથે મારામારી અને ધોલધપાટ કરી હતી. દરમિયાન સગીરાએ બૂમાબૂમ કરતાં આસપાસના લોકો દોડી આવ્યા હતા અને સ્થળ પર લોકોનાં ટોળાં એકઠાં થઈ ગયાં હતાં. મારામારી બાદ સગીરાને મહિલા હેલ્પ લાઈનની મદદ થકી સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. બીજી તરફ ઘટનાની જાણ થતાં સીટી બી ડિવિઝન પોલીસની ટીમ દ્વારા ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

જામનગરમાં ચોરીના બનાવમાં સાત માસથી ફરાર આરોપી પકડાયો



જામનગર : જામનગરમાં ઘરફોડ ચોરીમાં સીટી બી ડિવિઝન પોલીસ ચોપડે ચડયા બાદ આરોપી છેલ્લા ૭ માસથી ફરાર હતો. જેને સીટી એ ડિવિઝન પોલીસની સર્વેલન્સ ટીમે દબોચી લઈ આગળની કાર્યવાહી હાથ ધરી છે. આરોપી અગાઉ પણ અપહરણ, પોક્સો સહિતના કેસમાં સંડોવાયેલો હોવાનું નોંધાયું છે.

શહેરના હર્ષદમીલન ચાલી, અબ્દુલ કલામ આવાસમાં રહેતા મહમદહશેન ઉર્ફે મુનાવર સીદીકભાઈ જુણેજા (ઉ.વ. ૩૧) નામના શખ્સ સામે સીટી બી ડિવિઝન પોલીસ મથકમાં ચોરી મામલે ફરિયાદ નોંધાઈ હતી. સાત માસ અગાઉ ચોરીમાં સંડોવણી ખૂલ્યા બાદ આરોપી પોલીસ પકડથી દૂર હતો. આ શખ્સ રબાની પાર્ક શેરી નં. ૩ના ખૂણે હોવાની માહિતી મળતા સાત માસથી ઘરફોડ ચોરીના ગુનામાં નાસતા ફરતા આરોપી મહમદહશેનને સીટી એ ડિવિઝન પોલીસે દબોચી લીધો છે. આરોપી સામે અગાઉ સીટી એ ડિવિઝન પોલીસ વિસ્તારમાં મારામારી, અપહરણ, પોક્સો અને ધમકી સહિતના ગુનાઓ પણ નોંધાઈ ચૂક્યા હોવાનું સામે આવ્યું છે.

સુરજકરાડીમાં મકાનમાંથી દારૂની ૧૨ બાટલી મળી આવતા શખ્સની અટકાયત

દ્વારકા : દ્વારકા પંથકના સુરજકરાડી ગામે મીઠાપુર પોલીસે દરોડો પાડી રહેણાંક મકાનમાંથી ઈંગ્લિશ દારૂની ૧૨ નંગ બાટલીઓ સાથે શખ્સની અટકાયત કરી હતી જ્યારે અન્ય ત્રણ શખ્સની સંડોવણી ખુલતા ફરાર જાહેર કરી ઝડપાયેલા શખ્સ પાસેથી કુલમળી રૂ. ૨૪ હજાર ઉપરાંતનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો અને તમામ વિરુદ્ધ દારૂબંધી ધારા હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

પ્રાપ્ત માહિતી મુજબ દ્વારકા તાલુકાના સુરજકરાડી ગામે ગરબીચોક પાસે આવેલા જીગર સાગરભાઇ પંડ્યા નામના ફરસાણનો વેપાર કરતા શખ્સના કબ્જા ભોગવટાના રહેણાંક મકાનમાં ચોક્ક?સ બાતમીના આધારે મીઠાપુર પોલીસે દરોડો પાડ્યો હતો દરમિયાન અહીથી ભારતીય બનાવટની ઈંગ્લિશ દારૂની ૧૨ નંગ બાટલીઓ મળી આવતા તેની ધરપકડ કરી સ્થળપરથી રૂ. ૧૯૭૪૭ ની કિંમતનો દારૂ તથા રૂ. ૫ હજારની કિંમતનો મોબાઈલ ફોન સહિત કુલમળી રૂ. ૨૪૭૪૭ નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો જ્યારે કેયુર પટેલ અને ઘનુભા જાડેજા નામના જામનગરના બે તથા આરંભડાના સામતભા ભટ્ટડ નામના શખ્સને ફરાર જાહેર કરી ઝડપી લેવા તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

ધ્રોલના હમાપર ગામે માદરે વતનમાં પ્રથમવાર ગુંજી શાસ્ત્રી પરેશભાઈ ઠાકરની અમૃતવાણી

આજે ભાગવત સપ્તાહના ત્રીજા દિવસે સાંજે નૃસિંહ પ્રાગટ્યનો ઉત્સવ યોજાશે





ધ્રોલ : ધ્રોલ તાલુકાના હમાપર ગામે અત્યારે ભક્તિનો અનોખો માહોલ છવાયેલો છે. સમસ્ત ગોપી મંડળ દ્વારા આયોજિત આ શ્રીમદ્ ભાગવત સપ્તાહ કોઈ સામાન્ય ધાર્મિક કાર્યક્રમ નથી, પરંતુ એક ઐતિહાસિક ઘટના છે. સમગ્ર પંથકમાં શાસ્ત્રજ્ઞાન માટે આગવી ઓળખ ધરાવતા શાસ્ત્રી શ્રી પરેશભાઈ ઠાકર પોતાના જીવનમાં પ્રથમવાર વ્યાસપીઠ પર બિરાજી રહ્યા છે, અને તે પણ કોઈ બીજે ક્યાંય નહીં, પરંતુ સીધા પોતાના માદરે વતન હમાપરના આંગણેથી.

વર્ષોથી ગામની સેવા કરતા અને બ્રાહ્મણ તરીકેનું ઉત્તરદાયિત્વ નિભાવતા શાસ્ત્રીજીને પોતાના ગામના લોકો વચ્ચે વ્યાસપીઠ પર જોવાનો આનંદ કંઈક ઓર જ છે. ગામના દીકરાની આ વિદ્વત્તા અને વાણીની સાધનાને વધાવવા માટે ગ્રામજનોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. તેમની દેશી ભાષાની સરળતા અને સંગીતમય શૈલી શ્રોતાઓને મંત્રમુગ્ધ કરી દે છે.

કથાના પ્રારંભે વાજતે-ગાજતે ભવ્ય પોથીયાત્રા યોજીને ભાગવત મહાત્મ્યનું રસપાન કરાવવામાં આવ્યું હતું. બીજા દિવસે કપિલ જન્મના પાવન પ્રસંગ સાથે ભક્તિનો માહોલ જામ્યો હતો. આજના ત્રીજા દિવસે ભક્ત પ્રહલાદની અડગ શ્રદ્ધા અને ભક્તિનું વર્ણન કરવામાં આવશે, જેના મુખ્ય આકર્ષણ સ્વરૂપે આજે સાંજે ૬:૦૦ વાગ્યે ભગવાન શ્રી નૃસિંહ પ્રાગટ્યનો ભવ્ય ઉત્સવ ઉજવાશે. આ પ્રસંગ સમગ્ર પંથક માટે ભારે આકર્ષણનું કેન્દ્ર બનશે.

આગામી દિવસોમાં વામન જન્મ, શ્રીરામ જન્મ, શ્રીકૃષ્ણ જન્મોત્સવ, ગોવર્ધન લીલા અને રુક્ષ્મણી વિવાહ જેવા પાવન પ્રસંગો ઉજવાશે.

અંતે, તા. ૨૨ નવેમ્બરના રોજ પરીક્ષિત મોક્ષની કથા સાથે આ ભવ્ય સપ્તાહની પૂર્ણાહુતિ થશે. પોતાના ગામના આંગણે પ્રથમવાર વ્યાસપીઠ શોભાવતા શાસ્ત્રીજીના મુખેથી વહેતી આ જ્ઞાનગંગાનો લાભ લેવા સમસ્ત ગોપી મંડળ દ્વારા સમગ્ર પૂર્વાંચલની ધર્મપ્રેમી જનતાને ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

નયારા એનર્જી દ્વારા "માર્ગ સલામતી" પહેલ અંગે ઉચ્ચસ્તરીય વર્કશોપ યોજાયો



જામનગર: આંતરરાષ્ટ્રીય સંકલિત ડાઉનસ્ટ્રીમ એનર્જી અને પેટ્રોકેમિકલ્સ કંપની નયારા એનર્જી દ્વારા સીએસઆર પહેલ દ્વારા માર્ગ સલામતી અંગે ઉચ્ચસ્તરીય વર્કશોપનું આયોજન ગુજરાત રોડ સેફ્ટી ઓથોરિટીના કમિશ્નરના અધ્યક્ષસ્થાને કરાયું હતું. આ વર્કશોપમાં નેશનલ હાઈવે ૧૫૧-એ એટલે કે જાખર જંકશનથી લઈ બેડ નજીકની નંદનીકેતન ટાઉનશીપ સુધીના માર્ગના સલામતી ધોરણો અંગે વિવિધ પગલાં લેવા પર ધ્યાન કેન્દ્રિત કરાયું હતું. ખાસ કરીને ટ્રાફિક પ્રવાહ અને સુરક્ષિત રસ્તા બનાવવા, માર્ગ માળખાને મજબૂત બનાવવા અને સમગ્ર માર્ગ સલામતીની સંસ્કૃતિને પ્રોત્સાહન આપવા માટે બહુ-હિતધારકોના સહયોગના મહત્વ પર ભાર મૂકવામાં આવ્યો. વર્કશોપમાં રોડ સેફ્ટી એજ્યુકેશન મોડ્યુલ્સ અંગે પ્રોજેક્ટ રજૂ કરાયો હતો જેમાં કોમર્શિયલ ડ્રાઇવરો માટે આંખની તપાસ પહેલ, સેફ સ્કૂલ ઝોન પ્રોગ્રામ, સ્કૂલ અને હાયર સેકન્ડરીના વિદ્યાર્થીઓ માટે રોડ સેફ્ટી જાગૃતિ સત્રોનું અમલીકરણ કરવા નક્કી કરાયું હતું. આ કાર્યક્રમમાં જિલ્લા કલેક્ટર, મ્યુનિસિપલ કમિશ્નર, નાયબ પોલીસ અધિક્ષક સહિતના અધિકારીઓ હાજર રહ્યા હતા. વર્કશોપમાં જામનગર મ્યુનિસિપલ કોર્પોરેશન, પોલીસ, આરટીઓ, જીએસઆરટીસી, માર્ગ અને મકાન વિભાગ, આરોગ્ય વિભાગ, જીવીકે ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાઓ અને અન્ય મુખ્ય સરકારી વિભાગોના પ્રતિનિધિઓ સહિત ૧૦૦થી વધુ હિસ્સેદારોએ ભાગ લીધો હતો. વર્કશોપમાં નયારા એનર્જીની પહેલ સાથે જોડાયેલી પાથમેકર્સ, ટ્રેક સોસાયટી સંસ્થાના અધિકારીઓએ માર્ગ સલામતી અંગે વિસ્તૃત જાણકારી આપી હતી.

જામનગરમાં ગુરુનાનક દેવજીની ૫૫૭મી જન્મજયંતિની આવતીકાલથી ઉજવણી

૧૯ થી ૨૨ સુધી પ્રભાતફેરી, ત્યાર બાદ અખંડ પાઠનો પ્રારંભ, પૂર્ણાહુતિ બાદ ગુરુ કા લંગરનું આયોજન



જામનગર : જામનગર શહેરમાં શીખ ધર્મના સ્થાપક અને પ્રથમ ગુરુ શ્રી ગુરુનાનક દેવજીની ૫૫૭મી જન્મજયંતિ નિમિત્તે પ્રકાશ પર્વની ભવ્ય અને ભક્તિભાવપૂર્ણ ઉજવણી કરવામાં આવશે. આ પાવન પ્રસંગે જામનગરના ગુરુદ્વારા ખાતે વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. જન્મજયંતિની ઉજવણીના ભાગરૂપે શીખ સમાજ દ્વારા અત્યારથી જ તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે.

પ્રકાશ પર્વના કાર્યક્રમોની શરૂઆત તા. ૧૯ નવેમ્બરથી થશે. તા. ૧૯થી ૨૨ નવેમ્બર દરમિયાન દરરોજ સવારે ૫:૪૫ વાગ્યે ગુરુદ્વારાથી પ્રભાતફેરીનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રભાતફેરી જામનગર શહેરના અલગ-અલગ વિસ્તારો અને દિશાઓમાં ફરશે, જેમાં શીખ સમાજના ભાઈ-બહેનો સહિત મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ જોડાશે.

દરમિયાન તા. ૨૨ નવેમ્બરના રોજ સવારે ૧૦ વાગ્યે ગુરુદ્વારા ખાતે અખંડ પાઠનો પ્રારંભ કરવામાં આવશે. જેની પૂર્ણાહુતિ તા. ૨૪ નવેમ્બરના રોજ સવારે ૧૧ વાગ્યે થશે. આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહેનારા ગગનદીપસિંહ દ્વારા શબ્દ કીર્તન કરવામાં આવશે. ધાર્મિક કાર્યક્રમોની પૂર્ણાહુતિ બાદ ગુરુ કા લંગરનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

ગુરુનાનક દેવજીના પ્રકાશ પર્વની ઉજવણીને લઈને ગુરુદ્વારા ખાતે તૈયારીઓનો ધમધમાટ શરૂ થયો છે. આ ઉજવણીમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ જોડાઈ ગુરુનાનક દેવજીના માનવતા, સમાનતા, સેવા અને ભાઈચારાના ઉપદેશોને યાદ કરશે. શહેરમાં પ્રકાશ પર્વને લઈને શીખ સમાજમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

લાલપુરના ટેભડા ગામે કોપર વાયરની તસ્કરી કરનાર બેલડીને દબોચી લીધી



જામનગર : લાલપુર તાલુકાના ટેભડા ગામેથી પવનચક્કીમાંથી કોપર વાયરની ચોરી મામલે ફરિયાદ બાદ લાલપુર પોલીસે ગુનાનો ભેદ ઉકેલી નાખી મસીતીયા ગામના બે શખ્સોને પકડી પાડયા હતા. આરોપીઓ પાસેથી સ્કૂટર સહિત ૩૩ હજારનો મુદ્દામાલ જપ્ત કરાયો હતો.

ટેભડા ચોરી કેસમાં સંડોવાયેલા બે શખ્સો ગોદાવરી ગામના પાટિયા પાસેથી પસાર થતાં હોવાની લાલપુર પોલીસને ચોક્કસ બાતમી મળતા પોલીસે દોડી જઈ સ્કૂટર પર પસાર થતા હાજી આદમભાઈ ખફી (ઉ.વ. ૩૨) અને ઈરફાન અબ્બાસભાઈ ખફી (ઉ.વ. ૩૧ બંને રહે. મસીતીયા ગામ) ની અટકાયત કરી હતી. જેની પૂછપરછમાં ચોરીમાં સંડોવણી સામે આવતા બંને પાસેથી ૧૫૦ એમ.એમ.ના કોપર વાયરના અલગ-અલગ ટુકડા આશરે રૂ. ૧૮,૦૦૦ની કિંમતના મળી આવ્યા હતા. આ ઉપરાંત ચોરીમાં ઉપયોગમાં લેવાયેલી રૂ. સ્કૂટર તણીપો તથા આશરે ૧૭ ફૂટ દોરડું મળી કુલ રૂ. ૩૩,૦૫૦નો મુદ્દામાલ કબજે કરાયો હતો. ઉલ્લેખનીય છે કે, ગત તા. ૫ નવેમ્બરના રોજ ટેભડા ગામના પવનચક્કી લોકેશન નં. ૪૦૧, ૪૦૨ અને ૪૦૩ પૈકીના લોકેશનમાંથી મશીનમાં જતો આશરે ૩૦ મીટર અર્થિંગનો કોપર કેબલ વાયર ચોરી થયો હતો. જે મામલે ફરિયાદ બાદ લાલપુર પોલીસને સફળતા મળી છે.

દિવાળી બાદ વીજતંત્ર ફરી મેદાનમાં, હાલારમાં બે દિવસમાં ૧૫૨થી વધુ વીજચોરીના કેસ નોંધાયા

કલ્યાણપુર-રાવલ પંથકમાં ૭૪, જામનગરના ગ્રામ્ય વિસ્તારમાં ૭૮ કેસ : ૫ લાખથી વધુની પાંચ અને ૧ લાખથી વધુની ૪૬ ફરિયાદો : આજે લાલપુર, જામજોધપુર, સમાણા વિસ્તારોમાં ચેકિંગ


તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લાના વીજચોરી કરતા તત્વો સામે દિવાળીના તહેવારો બાદ વીજતંત્ર દ્વારા ફરી મેગા વીજચેકિંગ ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. લાભપાંચમ બાદ શરૂ થયેલી આ ઝુંબેશના પ્રથમ બે દિવસમાં જ ૧૫૨ વીજચોરીના કેસ સામે આવ્યા હતા. જે કાર્યવાહી દરમિયાન નોંધાયેલી ફરિયાદોમાં પાંચ લાખ રૂપિયાથી વધુની વીજચોરીના પાંચ અને એક લાખ રૂપિયાથી વધુની વીજચોરીના ૪૬ કેસનો સમાવેશ થતાં વીજચોરી કરતા તત્વોમાં ફફડાટ ફેલાયો છે. આજ બુધવારે સતત ત્રીજા દિવસે પણ બંને જિલ્લાઓમાં વીજચેકિંગની કાર્યવાહી યથાવત્ રાખવામાં આવી હતી.

દિવાળીના તહેવારો દરમિયાન વિરામ બાદ સોમવારથી વીજતંત્ર દ્વારા વીજચોરી પકડવા માટે સઘન કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. પ્રથમ દિવસે દેવભૂમિ દ્વારકા જિલ્લાના કલ્યાણપુર અને રાવલ પંથકમાં વીજતંત્રની ટીમોએ મેગા ડ્રાઇવ યોજી હતી. આ દરમિયાન કુલ ૭૪ સ્થળોએ વીજચોરી પકડાઈ હતી અને તેના અનુસંધાને જામનગરના વીજ પોલીસ મથકમાં ૭૪ ફરિયાદો નોંધાવવામાં આવી હતી. આ ફરિયાદોમાં એક લાખ રૂપિયાથી વધુની વીજચોરીના ૨૧ અને પાંચ લાખ રૂપિયાથી વધુની વીજચોરીના ત્રણ કેસનો સમાવેશ થયો હતો.

ત્યારબાદ મંગળવારે સતત બીજા દિવસે જામનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં વીજચેકિંગની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ખાસ કરીને સિક્કા, સાપર સહિતના ગ્રામ્ય પંથકોમાં વીજતંત્રની ટીમોએ અલગ અલગ સ્થળોએ દરોડા પાડ્યા હતા. આ કાર્યવાહી દરમિયાન વીજચોરીના ૧૦૦ થી વધુ કિસ્સાઓની તપાસ કરવામાં આવી હતી. મંગળવારના દરોડા સંદર્ભે જામનગરના વીજ પોલીસ મથકમાં કુલ ૭૮ થી વધુ ફરિયાદો નોંધાવવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જેમાં પાંચ લાખ રૂપિયાથી વધુની વીજચોરીની બે અને એક લાખ રૂપિયાથી વધુની વીજચોરીની ૧૨ ફરિયાદોનો સમાવેશ થાય છે.

બીજી તરફ, આજ બુધવારે સતત ત્રીજા દિવસે પણ વીજચેકિંગની મેગા ડ્રાઇવ ચાલુ રાખવામાં આવી હતી. જામનગર જિલ્લામાં ૪૦થી વધુ વીજતંત્રની ટીમો દ્વારા લાલપુર તાલુકાના ગ્રામ્ય વિસ્તારો ઉપરાંત જામજોધપુર, ધ્રોલ, સમાણા સહિતના માર્ગો અને આસપાસનાં ગામોમાં સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. વીજતંત્રની ટીમો દ્વારા એકસાથે જુદાં જુદાં ગામોમાં તપાસ કરવામાં આવતાં વીજચોરી કરતા તત્વોમાં ભારે ફફડાટ જોવા મળ્યો હતો.

સસોઈ ડેમ નજીક રીક્ષામાંથી દેશી દારૂ મળી આવતા બે શખ્સોની ધરપકડ, એક ફરાર


તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર જિલ્લાના લાલપુર તાલુકાના પીપળી ગામ નજીક સસોઈ ડેમ પાસેથી સીએનજી રીક્ષામાંથી ૧૦૦ લિટર દેશી દારૂ મળી આવતાં પોલીસે દારૂના જથ્થા ઉપરાંત સીએનજી રીક્ષા અને મોબાઈલ ફોન સહિત કુલ રૂ. ૮૦ હજારનો મુદ્દામાલ કબજે કરી બે શખ્સોની ધરપકડ કરવામાં આવી છે, જ્યારે દારૂનો જથ્થો મંગાવનાર શખ્સને ફરાર જાહેર કરી તેની શોધખોળ હાથ ધરવામાં આવી છે.

લાલપુર પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પી.આઈ. એ.જી. જાડેજા તથા પોલીસ સ્ટાફ પેટ્રોલિંગમાં હતો ત્યારે પોલીસ કોન્સ્ટેબલ શક્તિસિંહ કારૂભા જાડેજા અને દિવ્યેશભાઈ રાજશીભાઈ ભીભાને બાતમી મળી હતી કે, પીપળી ગામમાં રહેતો દિલીપ અમુભાઈ મકવાણા સીએનજી રીક્ષામાં દેશી દારૂની હેરાફેરી કરી રહ્યો છે.

જેથી પોલીસે પીપળી ગામ નજીક સસોઈ ડેમ પાસે વોચ ગોઠવી હતી. દરમિયાન રજીસ્ટ્રેશન નંબર જીજે-૧૦-ટીડબલ્યુ-૪૫૦૭ ધરાવતી સીએનજી રીક્ષામાં દિલીપ અમુભાઈ મકવાણા નીકળતા પોલીસે રીક્ષા રોકી તેની તલાશી લેતાં તેમાંથી રૂ. ૨૦ હજારની કિંમતનો ૧૦૦ લિટર દેશી દારૂ મળી આવ્યો હતો. પોલીસે દારૂના જથ્થા ઉપરાંત સીએનજી રીક્ષા અને વિવો કંપનીનો મોબાઈલ ફોન મળી કુલ રૂ. ૮૦ હજારનો મુદ્દામાલ કબ્જે કરી દિલીપ મકવાણાની ધરપકડ કરી છે.

આરોપીની પૂછપરછ દરમિયાન આ દેશી દારૂનો જથ્થો પીપળી ચારણ નેસ ખાતે રહેતા દેવાણંદભાઈ હરજોગભાઈ ગોદાણી પાસેથી મેળવ્યો હોવાનું ખુલતાં પોલીસે તેને પણ ઝડપી લીધો હતો.

જ્યારે આ દારૂનો જથ્થો બાવરીયા ગામના પાટિયા પાસે રહેતા નેપાભાઈ ચારણને પહોંચાડવાનો હોવાનું સામે આવ્યું હતું. જેથી પોલીસે તેને પકડવા માટે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

જામનગરમાં દેશી દારૂના અડ્ડાનો વીડિયો વાઈરલ થતા પોલીસની તાબડતોડ કાર્યવાહી

મહિલા અને તેનો પુત્ર તેમજ પુત્રવધુ સહિત ત્રણ સામે કાર્યવાહી


તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : જામનગરના ગોકુલનગરના પાણખાણ વિસ્તારમાં દેશી દારૂના ખુલ્લેઆમ વેચાણનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં પોલીસમાં હડકંપ મચ્યો હતો. વાયરલ વીડિયો બાદ સફાળી જાગેલી પોલીસે રહેણાંક મકાનમાં રેડ પાડી દારૂ કેસમાં મહિલા અને તેના પુત્ર-પુત્રવધુ સહિતના ત્રણની ધરપકડ કરી હતી.

શહેરના ગોકુલનગર પાણખાણ વિસ્તારમાં દેશી દારૂનો અડ્ડો ધમધમતો હોવા ઉપરાંત ત્યાં દારૂ પીવા માટેની પણ વ્યવસ્થા કરવામાં આવી હોવાના આક્ષેપો સાથેનો વીડિયો વાયરલ થયો હતો. જેમાં બંધાણીઓ મકાનમાંથી દેશી દારૂ ખરીદતા અને સ્થળ પર જ પીતા હોવાના દશ્યો સામે આવ્યા બાદ સીટી-સી ડિવિઝન પોલીસ અને લોકલ કાઈમ બ્રાન્ચની તાબડતોબ હરકતમાં આવી હતી. એલસીબી પોલીસે પાણખાણ વિસ્તારમાં દેશી દારૂનું વેચાણ કરતા સમજુબેન બાબુભાઈ સિહોરા (ઉં.વ. ૫૫)ની ધરપકડ કરી હતી. બીજી તરફ સીટી સી ડિવિઝન પોલીસ દ્વારા દારૂના જુદા-જુદા ત્રણ ગુનામાં સમજુબેનના પુત્ર મનોજ ઉર્ફે મુન્નો બાબુ સિહોરા (ઉં.વ ૪૧, રહે. ખોડિયારનગર) અને તેની પત્ની કાજલની ધરપકડ કરી હતી.

૭૦૦ની વસ્તી ધરાવતા કાલાવડના નાગપુરમાં ત્રણ મહિનામાં ૪૩૧ લગ્નની નોંધણીથી ચકચાર

૧૭૦ ઘરોના ગામમાં આટલી મોટી સંખ્યામાં લગ્ન નોંધાતા અનેક સવાલો ઊઠ્યા, તલાટી કમ મંત્રી પાસેથી લગ્ન નોંધણીનો ચાર્જ પરત લેવાયો

જામનગર : જામનગર જિલ્લાના કાલાવડ તાલુકાના નાગપુર ગામમાંથી લગ્ન નોંધણીને લગતો એક એવો ચોંકાવનારો મામલો સામે આવ્યો છે, જેણે સમગ્ર સૌરાષ્ટ્રમાં ભારે કુતૂહલ અને ચર્ચા જગાવી છે. માત્ર આશરે ૭૦૦ની વસ્તી અને ૧૭૦ જેટલાં ઘરો ધરાવતા આ ગામમાં ત્રણ મહિનાના ટૂંકા સમયગાળામાં એક-બે નહીં, પરંતુ ૪૩૧ લગ્નની નોંધણી થઈ હોવાનું આરટીઆઈ હેઠળ પ્રાપ્ત વિગતોમાં બહાર આવ્યું છે. આટલી નાની વસ્તી ધરાવતા ગામમાં આટલી મોટી સંખ્યામાં લગ્ન નોંધણી કેવી રીતે થઈ? આ નોંધણીઓ પાછળનું રહસ્ય શું છે? તેવા અનેક સવાલો ઊઠ્યા છે.

પ્રાપ્ત વિગતો મુજબ, કાલાવડ તાલુકાના નાગપુર ગામના તલાટી કમ મંત્રી જગદીશભાઈ ચાવડા દ્વારા લગ્નની નોંધણી કરવામાં આવી હોવાનું આરટીઆઈના જવાબમાં સામે આવ્યું છે. તા. ૩૦-૧૧-૨૦૨૫થી તા. ૨૫-૦૨-૨૦૨૬ સુધીના સમયગાળામાં કુલ ૪૩૧ લગ્ન નોંધાયા હોવાનું જાણવા મળતાં આ સમગ્ર મામલો ચર્ચાના કેન્દ્રમાં આવ્યો છે.

આ પ્રકરણની શરૂઆત રાજકોટ જિલ્લાના પડધરી પંથકના એક નાગરિક ઉદયભાઈ વસંતભાઈ અગ્રાવતની પુત્રીના લગ્નની નોંધણી અંગે ઊભી થયેલી શંકાથી થઈ હોવાનું જાણવા મળે છે. તેમની પુત્રીની ઉંમર ૧૮ વર્ષ અને બે મહિના થતાં ચોથા જ દિવસે લગ્ન થઈ ગયાની જાણ થતાં અને પુત્રીએ પિતાનું ઘર છોડી દીધું હોવાની પરિસ્થિતિમાં પિતાએ લગ્ન અંગેની વિગતો મેળવવા તપાસ શરૂ કરી હતી. પુત્રીના લગ્નની નોંધણી કયા સ્થળે થઈ છે તેની માહિતી મેળવવાની પ્રક્રિયા દરમિયાન નાગપુર ગામનું નામ સામે આવ્યું હતું.

ત્યારબાદ લગ્ન નોંધણી અંગે વધુ વિગતો મેળવવામાં આવતાં એક પછી એક ચોંકાવનારી હકીકતો બહાર આવવા લાગી હતી. રાજકોટ, જામનગર સહિત આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાંથી અનેક પરિવારોનાં લગ્ન નાગપુર ગામે નોંધાયેલા હોવાનું જાણવા મળતાં આ સમગ્ર બાબત વધુ ગંભીર બની હતી.

સૌથી આશ્ચર્યજનક બાબત એ છે કે જ્યાં આશરે ૭૦૦ લોકોની વસ્તી અને માત્ર ૧૭૦ જેટલાં મકાનો છે તેવા ગામમાં ત્રણ મહિનામાં ૪૩૧ લગ્નની નોંધણી થવી એ સામાન્ય બાબત નથી. આટલી મોટી સંખ્યામાં લગ્ન નોંધણી પાછળ કોઈ વ્યવસ્થિત નેટવર્ક કે અન્ય ગેરરીતિ કાર્યરત હતી કે કેમ તેવા સવાલો ઊઠવા લાગ્યા છે.

આ મામલે કાલાવડ ગ્રામ્ય પોલીસનો સંપર્ક કરવામાં આવ્યો હતો તેમજ મામલતદાર સહિતના સંબંધિત વહીવટી તંત્રને પણ જાણ કરવામાં આવી હોવાનું જાણવા મળે છે. સમગ્ર ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને હાલ પૂરતા તલાટી કમ મંત્રી પાસેથી લગ્ન નોંધણીનો ચાર્જ પરત લઈ લેવામાં આવ્યો હોવાનું પણ જાણવા મળ્યું છે.

આ સમગ્ર પ્રકરણમાં વહીવટી તંત્ર દ્વારા ઊંડાણપૂર્વક તપાસ કરવામાં આવે તો લગ્ન નોંધણીની પ્રક્રિયામાં કોઈ ગેરરીતિ થઈ છે કે કેમ, નોંધણી માટે રજૂ કરવામાં આવેલા દસ્તાવેજો કેટલા સાચા છે, ખરેખર લગ્ન થયાં હતાં કે માત્ર કાગળ પર જ નોંધણી કરવામાં આવી હતી, તેમજ આટલી મોટી સંખ્યામાં નોંધણી પાછળ કોઈ સંગઠિત ટોળકી કાર્યરત હતી કે કેમ તે સહિતના અનેક સવાલોના જવાબ મળી શકે તેમ છે.

આણંદા-ભાદરા નજીક ઉંડ નદીના પટ્ટમાંથી ગેરકાયદે રેતી ખનન ઝડપાયું



એક્સવેટર મશીન અને ટ્રક સહિતનાં સાધનો જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી

જામનગર : જામનગર જિલ્લાના જોડિયા તાલુકામાં ખનીજ માફિયાઓ દ્વારા નદીના પટ્ટમાંથી બિનઅધિકૃત ખનન અને વહન કરવામાં આવતું હોવાની ફરિયાદના આધારે ખાણ-ખનિજ વિભાગ દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જોડિયા તાલુકાના આણંદા અને ભાદરા ગામને લાગુ ઉંડ નદીના પટ્ટ વિસ્તારમાં સાદીરેતીનું ગેરકાયદે ખનન અને વહન થતું હોવાની ફરિયાદ મળતાં ભૂસ્તરશાસ્ત્રીની સૂચનાથી ગઈકાલે આકસ્મિક તપાસ કરવામાં આવી હતી.

દરમિયાન ઉંડ નદીના પટ્ટ વિસ્તારમાંથી સાદી રેતીનું બિનઅધિકૃત ખનન અને વહન કરવામાં આવતું હોવાનું ધ્યાનમાં આવતાં તપાસ ટીમે સ્થળ પરથી એક એક્સેવેટર મશીન અને એક ટ્રક જપ્ત કરી હતી. ખનીજના બિનઅધિકૃત ખનન અને વહન સામે કાર્યવાહી કરતાં બંને વાહનો અને સાધનો કબજે લઈ આગળની નિયમોનુસારની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ભૂસ્તરશાસ્ત્રીની સૂચનાથી હાથ ધરવામાં આવેલી આ તપાસમાં નિખિલભાઈ આનંદભાઈ, નૈતિકભાઈ, યશભાઈ અને રમેશભાઈ સહિતની ટીમ જોડાઈ હતી.

દેવળીયા ગામે ખાનગી કંપનીમાં કામ કરતા આધેડનું છાતીમાં દુઃખાવાથી મૃત્યુ

ખંભાળિયા : ખંભાળિયા-જામનગર હાઈવે પર આવેલ ખાનગી કંપનીની ઓફિસમાં નર્સરીનું કામ કરતી વેળાએ આધેડનું છાતીમાં દુખાવો ઉપડ્યા બાદ જીવલેણ સાબિત થયો હતો જે અંગેની જાણ થતા ખંભાળિયા પોલીસે સ્થળપર દોડી જઈ ધોરણસરની કાર્યવાહી આગળ ધપાવી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર જામનગર તાલુકાના નાધેડી ગામમાં રહેતા નરોતમભાઈ રતનજીભાઈ જોષી નામના આધેડ ખંભાળિયા તાલુકાના દેવળીયા ગામે આવેલ નયારા કંપનીની નર્સરીની ઓફિસમાં કામ કરતા હોય દરમિયાન એકાએક તેઓનું છાતીમાં દુઃખાવો ઉપડતા મૃત્યુ નિપજતા પરિવાર શોકમાં ગરકાવ થઈ ગયો છે બીજીતરફ આ બનાવની ખંભાળિયા પોલીસ દફતરે ધનસુખભાઈ ખીમજીભાઈ ભટ્ટ દ્વારા જાણ કરવામાં આવતા હે. કો. ભરતભાઈ જમોડ આગળની તપાસ ચલાવી રહ્યા છે.

ધ્રેવાડના પાટીયે કાર હડફેટે ધીણકી ગામના પ્રૌઢાનું મોત નીપજ્યું

દ્વારકા : દ્વારકા - પોરબંદર હાઈવે પર આવેલ ધ્રેવાડ ગામના પાટીયા પાસે કાર હડફેટે રોડની સાઈડમાં ઊભેલા પ્રૌઢાને કાર ચાલક હડફેટે લેતા તેઓનું સારવાર દરમિયાન મૃત્યુ નિપજ્યું છે. આ બનાવ અંગે સ્થાનિક પોલીસે મૃતકના પુત્રની ફરિયાદ પરથી કાર ચાલક વિરુદ્ધ ફરિયાદ દાખલ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

પ્રાપ્ત માહિતી પ્રમાણે દ્વારકા તાલુકાના ધીણકી ગામમાં રબારી પાડો ખાતે રહેતા વિક્રમભાઈ ભગવાનજીભાઈ નાંગેશના માતા ગત તા. ૧૦ ના રોજ દ્વારકા-પોરબંદર હાઈવે પર આવેલ ધ્રેવાડ ગામના પાટીયા પાસે રોડની સાઈડમાં ઊભા હતા દરમિયાન ત્યાંથી જી. જે. ૦૫. જે. એલ. ૧૫૬૩ નંબરની કારના ચાલકે પોતાનું વાહન પૂરઝડપે, બેફિકરાયથી અને ગફલતભરી રીતે ચલાવી તેઓને હડફેટે લેતા બન્ને પગમાં તથા જમણા હાથમાં ફેક્ચર અને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચતાતાત્કાલિક સરકારી ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા સારવાર અર્થે હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા જ્યાં ગઈકાલે સારવાર દરમિયાન મૃત્યુ નિપજ્યું હતું આ બનાવ અંગે જાણ થતા દ્વારકા પોલીસ મથકના પી.એસ.આઈ. પી.કે. ડાંગર સહિતનો પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો અને વિક્રમભાઈ નાંગેશની ફરિયાદ પરથી કાર ચાલક સામે ગુન્હો નોંધી ઝડપી લેવા તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

જામનગરમાં રીડર્સ ક્લબ દ્વારા 'રીડર્સ પાર્ટી ૩.૦ આયોજન

જામનગર : વાંચનની સંસ્કૃતિને પ્રોત્સાહન આપવા અને પુસ્તકપ્રેમીઓને એક મંચ પર લાવવા માટે વર્ષ ૨૦૨૩ થી કાર્યરત રીડર્સ ક્લબ જામનગર દ્વારા વિદ્યા ભવનનાં સહયોગથી 'રીડર્સ પાર્ટી ૩.૦' નું તા. ૨૨/૧૧ ને રવિવારે સાંજે ૫:૩૦ કલાકે બ્રાહ્મણીયા પાર્ટી પ્લોટ, સંધ્યા પુલ નજીક, બાયપાસ રોડ, જામનગરમાં આયોજન કરવામાં આવ્યુ છે.

'બિયોન્ડ ધ બુક્સ, બિટવીન ધ સ્ટોરીઝ' ની થીમ સાથે યોજાનાર આ પાર્ટીમાં માત્ર પુસ્તકોની વાતો જ નહીં, પરંતુ સાહિત્ય, કલા અને સંવાદનો અનોખો સંગમ જોવા મળશે. કાર્યક્રમમાં વાંચનને લગતી રસપ્રદ ક્વિઝ અને ટીમ ગેમ્સ યોજાશે. કવિતા પઠન-વાર્તા પઠન સાથે વિવિધ પ્રસ્તુતિઓ થશે.

પુસ્તકો અને જીવનના અનુભવો પર ખુલ્લી ચર્ચા ફોટોગ્રાફી સેશન યોજાશે. કાર્યક્રમ દરમિયાન અનેક સરપ્રાઈઝ કાઉન્ટર, ગિફ્ટ અને લકી ડ્રો દ્વારા ભાગ લેનારાઓને ઈનામ જીતવાની તક મળશે. આ કાર્યક્રમનું સૌથી ગૌરવપૂર્ણ બુક રિસ્પેક્ટ ડેસ્ક પર સ્થાનિક લેખકોનાં પુસ્તકો અને તેમના સાહિત્યિક યોગદાનને સન્માનિત કરવામાં આવશે.

સમગ્ર કાર્યક્રમમાં ડિનરનું પણ આયોજન કરવામાં આવ્યું છે. જેથી વાચકો એકબીજા સાથે નિરાંતે સંવાદ કરી શકે. કાર્યક્રમમાં ભાગ લેવા રજીસ્ટ્રેશન ફરજીયાત છે. વધુ માહિતી માટે મો. ૯૦૮૧૨ ૩૫૪૦૦ પર સંપર્ક કરવાનો રહેશે.

જામનગરમાં દારૂના બે ગુનામાં નાસતો ફરતો આરોપી ઝડપાયો



જામનગર : જામનગર શહેરના સીટી 'બી' ડિવિઝન અને પંચકોશી 'એ' ડિવિઝન પોલીસ મથકમાં દારૂબંધીના બે અલગ-અલગ ગુનાઓમાં નાસતા-ફરતા આરોપીને પેરોલ ફર્લો સ્કવોડની ટીમે ચોક્કસ બાતમીના આધારે ઝડપી પાડ્યો છે.

જામનગર એલ.સી.બી.ના પોલીસ ઈન્સ્પેક્ટર વી.બી. ચૌધરીના માર્ગદર્શન હેઠળ પેરોલ ફર્લો સ્કવોડના ઈન્ચાર્જ પી.એસ.આઈ. સી.એમ. કાંટેલિયા તથા સ્ટાફ પેટ્રોલિંગમાં હતા. ત્યારે પોલીસ સ્ટાફના દિલીપસિંહ જાડેજા, સલીમભાઈ નોયડા, ગોવિંદભાઈ ભરવાડ, ગજેન્દ્રસિંહ જાડેજા અને હાર્દિકભાઈ ભટ્ટને બાતમી મળી હતી કે, સીટી 'બી' ડિવિઝન તથા પંચકોશી 'એ' ડિવિઝન પોલીસ મથકમાં દારૂબંધીના બે ગુનાઓમાં ફરાર યશ કલ્પેશભાઈ રાવલ (રહે. પટેલ કોલોની-૯ના છેડે, શાંતિનગર, જામનગર) પોતાના ઘરે હાજર છે. જેથી તેના રહેણાંક મકાનમાં દરોડો પાડી યશ રાવલને ઝડપી લીધો હતો અને આગળની કાયદેસરની કાર્યવાહી માટે સીટી 'બી' ડિવિઝન પોલીસને સોંપી દીધો હતો.

:- જાહેર નોટીસ :-

આથી જાહેર જનતા તથા લાગતા વળગતા સર્વેને જાણ કરવામાં આવે છે કે,

જામનગર જીલ્લાના જામનગર તાલુકાના શહેર જામનગરના, **નવાગામ (ઘેડ) ના રે.સ.નં. ૨૪૯** વાળી એકર : ૨-૩૪ ગુંઠા વાળી હેકટર : ૧-૧૫-૩૪ આરે ચો.મી. વાળી **"નવજીવન કો-ઓપરેટીવ હાઉસિંગ સોસાયટી (સુચિત)"** તરીકે ઓળખાતી જગ્યામાં આવેલ પ્લોટો પૈકી **પ્લોટ નં. ૬૪ વાળી રહેણાંક હેતુની બાંધકામ સહિતની મિલકત, જેનું ક્ષેત્રફળ ચો.ફુટ આશરે ૯૨૦.૦૦ થાય છે. જેના ચો.મી. આશરે ૮૫.૪૭ થાય છે. જેમાં ૬૩.૫૦ ચો.મી.નું બાંધકામ આવેલ છે.** જે મિલકત જામનગર મહાનગરપાલિકાના દફતરે **નવા એસેસી નં.૧૯/૦૭૦૧૧/૦૦૦૦૦/૦૦૧** થી નોંધાયેલ છે.

ઉપરોક્ત રહેણાંક હેતુની બાંધકામ સહિતની મિલકત નવજીવન કો-ઓપરેટીવ હાઉસિંગ સોસાયટી (સુચિત) દ્વારા અમો નીચે સહી કરનારના બહેન નર્મદાબેન ભીખુભાઈ રાઠોડને તારીખ : ૦૩-૦૩-૧૯૮૩ ના રોજના અનરજીસ્ટર્ડ કબજા કરારથી આપવામાં આવેલ અને ત્યારબાદ અમારા બહેન નર્મદાબેન ભીખુભાઈ રાઠોડનું તારીખ : ૧૪-૦૫-૧૯૯૪ ના રોજ નિઃસંતાન અપરીણીત અવસાન થઈ ગયેલ હોય જેથી તેઓના સીધીલીટીના વારસદારોમાં અમો નીચે સહી કરનાર કંચનબેન ભીખુભાઈ રાઠોડ તથા અમારા ભાઈઓ (૧) ચંદ્રકાંત ભીખુભાઈ રાઠોડ તથા (૨) અરવિંદભાઈ ભીખુભાઈ રાઠોડ આવેલા હોઇએ જે પૈકી અમારા ભાઈઓ (૧) ચંદ્રકાંત ભીખુભાઈ રાઠોડ તથા (૨) અરવિંદભાઈ ભીખુભાઈ રાઠોડએ મજકુર મિલકતમાંનો તેઓનો હક્ક-હિસ્સો અને અધિકાર જતો કરી આપેલ અને અમો ભાઈ-બહેન વચ્ચે નોટરીશ્રી કમલેશ એલ. સોઢા, જામનગર રૂબરૂ તા.૦૩-૦૭-૨૦૧૦ ના રોજ નોટરાઈઝ્ડ ઘરમેળોનો સમજુતી કરાર કરવામાં આવેલ અને સદરહુ કરારમાં દર્શાવ્યા મુજબ ઉપરોક્ત મિલકત અમો નીચે સહી કરનારને એકલાને કુલ સ્વતંત્ર માલિકી હક્કથી પ્રાપ્ત થયેલ છે.

આમ, ઉપરોક્ત વિગતેની મિલકત અમો નીચે સહી કરનારની એકલાની કુલ સ્વતંત્ર માલિકી હક્કની આવેલ છે અને તેમાં કોઈ પણ વ્યક્તિ, પેઢી કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો હક્ક-હિત, હિસ્સો, લાગભાગ કે હિત-સંબંધ નથી. તેવી ખાત્રી વિશ્વાસ અને ભરોસા સાથે હાલ અમો આ મિલકત ત્રાહિત પક્ષકારને વેંચાણ કરવા ઈચ્છીએ છીએ.

જેથી આ વેંચાણ વ્યવહાર સંબંધે કોઈને કોઈપણ જાતનો વાંધો તકરાર હોય કે ઉપરોક્ત વિગતેની મિલકત ઉપર જો કોઈ વ્યક્તિ, સંસ્થા, પેઢી, મંડળી, બેંક કે અન્ય કોઈનું કાંઈ કરજ બોજો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ-૭ ની મુદત સુધીમાં નીચેના સરનામે લેખિત આધાર પુરાવા સાથે રજુ કરવા, જો મુદત દરમ્યાન કોઈના દ્વારા વાંધો તકરાર લેવામાં આવશે નહીં તો, કોઇને કાંઇ વાંધો નથી અથવા હોય તો જતો (વેઇવ) કરેલ છે. તેમ માની અમો આ મિલકતની વેંચાણ સહિતની આગળની કાર્યવાહી કરીશું અને ખરીદનાર જોગના પાકા વેંચાણ અંગેના લખાણો કરાવી આપીશું અને મુદત વિત્યા બાદ કોઈનાં કાંઈ પણ જાતનાં વાંધા તકરાર અમોને કે આ મિલકતના ઉત્તરોત્તર ખરીદનારાઓને બંધનકર્તા રહેશે નહીં. જેની સર્વેએ નોંધ લેવી.

સ્થળ : જામનગર*તારીખ :૧૮.૧૧.૨૦૨૬

કંચનબેન ભીખુભાઈ રાઠોડ
ઠે. : રામેશ્વરનગર, રોડ નં.૨, નર્મદા ભુવન, જામનગર. મો. ૯૭૨૬૮ ૮૭૭૧૧

જામનગરના ગોકુલનગર પાણાખાણ વિસ્તારમાં પોલીસનું કોમ્બિંગ

પ્રોહિબિશનના પાંચ કેસ, ૫૦ વાહનો ચેક કરાયા, સાત વાહનો ડિટેઈન, નવ મેમો ફટકારી દંડ વસૂલાયો


તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર શહેરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવવા તેમજ અસામાજિક તત્વો અને ગુનાહિત પ્રવૃત્તિઓ પર અંકુશ લાવવાના હેતુથી પોલીસ દ્વારા ગતરાત્રિના ગોકુલનગર અને પાણાખાણ વિસ્તારમાં મેગા કોમ્બિંગ નાઈટનું આયોજન કરવામાં આવ્યું હતું. સીટી 'સી' ડિવિઝન પોલીસ દ્વારા હાથ ધરવામાં આવેલી આ સઘન કામગીરી દરમિયાન પ્રોહિબિશનના પાંચ ગુનાઓ નોંધવા ઉપરાંત વાહનચેકિંગ, બુટલેગરોની તપાસ અને હિસ્ટ્રીશીટરોની ચકાસણી સહિતની કાર્યવાહી કરવામાં આવી હતી.

જામનગર જિલ્લા પોલીસ અધિક્ષક ડો. રવી મોહન સૈનીની સૂચના અને માર્ગદર્શન હેઠળ નાયબ પોલીસ અધિક્ષક જે.એન. ઝાલાના માર્ગદર્શનથી આ કોમ્બિંગ નાઈટ યોજાઈ હતી. જેમાં સીટી 'સી' ડિવિઝન પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર એચ.વી. રાઠોડ, પોલીસ સબ ઈન્સ્પેક્ટર એન.એમ. ઝાલા, કે.એચ. ચાવડા સહિતના પોલીસ સ્ટાફે ગોકુલનગર અને પાણાખાણ વિસ્તારમાં સઘન તપાસ હાથ ધરી હતી.

જેમાં પ્રોહિબિશનના પાંચ કેસ નોંધવામાં આવ્યા હતા, જ્યારે પ્રોહિબિશન સંબંધિત છ દરોડા પાડવામાં આવ્યા હતા. આ ઉપરાંત એમ.વી. એક્ટની કલમ ૨૦૭ હેઠળ સાત વાહનો ડિટેઈન કરવામાં આવ્યાં હતાં. પોલીસ દ્વારા એક એમ.સી.આર. ઈસમ, આઠ પ્રોહિબિશનના ધંધાર્થીઓ તથા બે હિસ્ટ્રીશીટરોની પણ ચકાસણી કરવામાં આવી હતી.

૫૦ વાહનોની તપાસ કરતાં કાળા કાચ, ફેન્સી નંબર પ્લેટ, લાયસન્સ વગર વાહન ચલાવવા તથા નંબર પ્લેટ વગર વાહન ચલાવવા જેવી ગેરરીતિઓ બદલ નવ મેમો આપવામાં આવ્યા હતા અને સ્થળ પર જ રૂ. ૩,૩૦૦નો દંડ વસૂલવામાં આવ્યો હતો.

સૌરાષ્ટ્ર આસપાસ Owner : Leela News Network Private Limited Printer & Publisher Komalkant Fakirchand Sharma, on behalf of Leela News Network Private Limited Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at Near Anupam talkies, Shivam Building, Bedi Gate, Jamnagar. Editor: Rajesh Kiritbhai Dave* Vijay Kotecha(Responcible for News editing as per PRB ACT)

સૌરાષ્ટ્ર આસપાસ

ભારત માટે ડિજિટલ કનેક્ટિવિટી, દરિયાઈ સુરક્ષા વધુ મહત્વની

આસિયાન-ભારત બેઠક ભારત માટે માત્ર એક ઔપચારિક કાર્યક્રમ નથી. તે ભારતની એક્ટ ઇસ્ટ નીતિની કસોટી છે. દક્ષિણ-પૂર્વ એશિયાના દેશો ભારતને એક વિશ્વસનીય ભાગીદાર તરીકે જુએ છે. તેઓ કોઈ એક મહાસત્તાના પક્ષે જવા માંગતા નથી. તેઓ બધા સાથે સંબંધ રાખવા માંગે છે. આવી સ્થિતિમાં ભારતની ભૂમિકા વધુ મહત્ત્વની બની જાય છે. ભારત આ દેશો સાથે વેપાર, ડિજિટલ કનેક્ટિવિટી, દરિયાઈ સુરક્ષા અને સાંસ્કૃતિક સંબંધો મજબૂત કરી શકે છે.

આસિયાન એટલે દક્ષિણ-પૂર્વ એશિયાના દસ દેશોનું સંગઠન. તેમાં ઇન્ડોનેશિયા, થાઇલેન્ડ, વિયેતનામ, ફિલિપાઇન્સ, મલેશિયા, સિંગાપોર, મ્યાનમાર, કંબોડિયા, લાઓસ અને બ્રુનેઈ છે. આ સંગઠનનો મુખ્ય હેતુ આ ક્ષેત્રમાં શાંતિ, સ્થિરતા અને આર્થિક વિકાસ જાળવવાનો છે. આ દેશો એકબીજા સાથે વેપાર વધારે છે અને મોટી શક્તિઓ વચ્ચે સંતુલન જાળવવાનો પ્રયાસ કરે છે. ભારત માટે આ ક્ષેત્ર માત્ર પાડોશી ક્ષેત્ર નથી. તે ઇતિહાસ, સંસ્કૃતિ અને વેપારથી જોડાયેલું ક્ષેત્ર છે. બૌદ્ધ ધર્મ, રામાયણ અને સમુદ્રી વેપારના કારણે ભારત અને આસિયાન દેશો વચ્ચે સદીઓ જૂનો સંબંધ છે. આ સંબંધને આધુનિક અર્થતંત્ર સાથે જોડવો એ આજની જરૂરિયાત છે.આજે એશિયામાં બે વિરોધી ચિત્રો સામે આવી રહ્યા છે. એક તરફ ક્વાડ જેવા જૂથો છે, જે સુરક્ષા અને સહકારની વાત કરે છે. બીજી તરફ જી-૩ જેવી બેઠકો છે, જ્યાં દુનિયાની ત્રણ મોટી શક્તિઓ પોતાના હિતો માટે વાટાઘાટ કરે છે. ભારત ક્વાડનો સભ્ય છે, પણ જી-૩ નો સભ્ય નથી. આ સ્થિતિ ભારત માટે પડકાર પણ છે અને તક પણ છે. ભારતે પોતાના હિતોને કેન્દ્રમાં રાખીને બંને મંચો પર સક્રિય રહેવું પડશે. ક્વાડમાં રહીને ભારત એશિયા-પ્રશાંત ક્ષેત્રમાં પોતાની વાત રજૂ કરી શકે છે. જી-૩ થી બહાર રહીને પણ ભારત ત્રણેય મહાસત્તાઓ સાથે અલગ અલગ વાતચીત કરી શકે છે.ભારત માટે સૌથી મોટો પ્રશ્ન એ છે કે ચીન સાથે કેવી રીતે વર્તવું. સરહદ, વેપાર અને એશિયામાં પ્રભાવને લઈને ભારત અને ચીન વચ્ચે મતભેદ છે. છતાં બંને દેશો વચ્ચે વેપાર ચાલુ છે. અમેરિકા સાથે પણ ભારતના સંબંધો મહત્ત્વના છે. ટેકનોલોજી, સંરક્ષણ અને ઊર્જામાં અમેરિકા ભારતનો મોટો ભાગીદાર છે. રશિયા સાથે પણ ભારતના જૂના અને વિશ્વાસભર્યા સંબંધો છે. ભારત રશિયા પાસેથી ઊર્જા અને સંરક્ષણ સાધનો મેળવે છે. આ ત્રણેય સંબંધોને એકસાથે સાચવવા એ સરળ કામ નથી. તેના માટે ધીરજ અને સ્પષ્ટ નીતિની જરૂર છે. કોઈ એક દેશને ખુશ કરવા બીજા દેશને નારાજ કરવો એ ભારતના હિતમાં નથી.

આ સંજોગોમાં ભારતે કોઈ એક જૂથ પર આધાર રાખવાને બદલે પોતાની સ્વતંત્ર વિદેશ નીતિ પર ભાર મૂકવો જોઈએ. આસિયાન દેશો સાથે સંબંધ મજબૂત કરવા, ક્વાડમાં સક્રિય રહેવું અને બધી મહાસત્તાઓ સાથે વાતચીત ચાલુ રાખવી, એ જ સમજદારી ભર્યો માર્ગ છે. ભારત જો પોતાના હિતોને સ્પષ્ટ રીતે રજૂ કરશે તો દુનિયા તેને સાંભળશે. આજના સમયમાં તાકાત માત્ર સેનાથી માપાતી નથી. અર્થતંત્ર, ટેક્નોલોજી, ઊર્જા અને રાજદ્વારી વિશ્વાસથી પણ માપાય છે. ભારત પાસે આ બધા ક્ષેત્રોમાં આગળ વધવાની તક છે. યુવા વસ્તી, મોટું બજાર, ડિજિટલ તાકાત અને લોકશાહી વ્યવસ્થા ભારતની મોટી મૂડી છે.આસિયાન દેશો સાથે ભારતે હવે માત્ર વાતોથી આગળ વધીને કામ કરવું પડશે. વેપારના નિયમો સરળ બનાવવા, બંદરો અને રસ્તાઓની કનેક્ટિવિટી વધારવી, ડિજિટલ પેમેન્ટ અને સ્ટાર્ટઅપમાં સહકાર વધારવો, આ બધું જરૂરી છે. દરિયાઈ સુરક્ષામાં પણ ભારત આસિયાન દેશોને મદદ કરી શકે છે.

વિ.સં. ૨૦૮૩ જ્યોતિર્મય વર્ષ તરફ ઉર્જિત ઉડાન ભરતી પંખી પલટન....



ક્લિક કોર્નર

- જયદીપ એ. દવે.

અંતે ગત વર્ષ વિ.સં. ૨૦૮૨ ની તમામ નિરાશા, નકારાત્મકતા અને નિષ્ફળતા ને પાછળ છોડી છોડી એક નવા સંકલ્પ,ઉર્જા, આશા અને જુસ્સા સાથે વિ. સં. નું ૨૦૮૩ નું નૂતન વર્ષ સમગ્ર બ્રહ્માંડ ને સત્કારી રહ્યું છે. પુનિત અને પ્રફુલ્લ પ્રભાતે મુક્તિ અને પ્રકૃતિ ની જીવંત દૂત સમી પંખી પલટન જાણે નવા વર્ષ ભણી ઉર્જિત ઉડાન ભરી રહી હોય એવું દશ્ય સર્જન થયું છે. અગ્નિમય અને નારંગી આકાશ માં સમૂહ ઉડાન ભરતા ગગનવિહારીઓ આપણ ને પ્રેરિત કરી રહ્યા છે. કે ઊઠો અને તમામ નિષ્ફળતા ને કોરાણે મૂકી એક નવી સવાર તરફ પ્રયાણ કરો.

બીમારી અને વૃદ્ધત્વ સામે મોરચો

આ જના સમયમાં ટેકનોલોજીની દુનિયામાં એક રસપ્રદ પરિવર્તન જોવા મળી રહ્યું છે. અત્યાર સુધી આપણે સ્માર્ટવોચ દ્વારા હૃદયના ધબકારા, બ્લડ પ્રેશર, ઊંઘ, ચાલેલાં પગલાં અને શારીરિક પ્રવૃત્તિઓ પર નજર રાખતા થયા છીએ. હવે ટેકનોલોજીનું ધ્યાન માનવ શરીરના એક અત્યંત જટિલ અને રહસ્યમય અંગ તરફ વળ્યું છે - આપણું મગજ!

આ દિશામાં ભારતના જાણીતા ઉદ્યોગસાહસિક અને Zomato ના સ્થાપક દીપિન્દર ગોયલે રજૂ કરેલું 'Temple' નામનું ઉપકરણ ચર્ચાનો વિષય બન્યું છે. આ માત્ર એક વધુ વેરેબલ ગેજેટ નથી. તેની પાછળનો વિચાર માનવ મગજમાં થતા રક્તપ્રવાહ અને તેની સાથે સંકળાયેલી શારીરિક પ્રક્રિયાઓને સમજવાનો છે. જોકે, આ પ્રયોગે જેટલી ઉત્સુકતા જગાવી છે એટલા જ પ્રશ્નો અને વિવાદો પણ ઊભા કર્યા છે.આ વિષયને સમજવા માટે ત્રણ બાબતો મહત્ત્વની છ Úk Temple ખરેખર શું માપવા માગે છે, તેના દાવાઓ પાછળ કેટલું વિજ્ઞાન છે અને ભવિષ્યમાં માનવ જીવનમાં આવા ઉપકરણો કેટલી મોટી ભૂમિકા ભજવી શકે છે?

દીપિન્દરનો જન્મ ૧૯૮૩માં પંજાબના મુક્તસરમાં થયો હતો. તેમણે IIT દિલ્હીમાં ગણિત અને કમ્પ્યુટિંગનો અભ્યાસ કર્યો હતો. અભ્યાસ પછી તેઓ Bain & Company નામની મેનેજમેન્ટ કન્સલ્ટિંગ કંપનીમાં જોડાયા હતા. તે પછી સ્ટાર્ટ અપ 'ઝોમાટો' દ્વારા ફૂડ ડિલિવરી ક્ષેત્રે ક્રાંતિ સર્જ્યા બાદ ફરી તેનું ટેકનોક્રેટ દિમાગ દિમાગના જ જટિલ સંશોધન માટે પ્રેરિત થયુ.દીપિન્દર ગોયલને માનવ શરીર કેવી રીતે કામ કરે છે, મગજને લોહીનો પુરવઠો કેવી રીતે મળે છે અને ઉંમર વધવાની પ્રક્રિયામાં ગુરુત્વાકર્ષણની કોઈ ભૂમિકા છે કે કેમ, તેવા પ્રશ્નો સતાવતા હતા. આ જિજ્ઞાસામાંથી ટ્વેક્ષી અને તેની સાથે સંકળાયેલી સંશોધનપ્રવૃત્તિનો જન્મ થયો.

મગજના સંકેતો ટ્વેક્ષી નામ સાંભળીને કોઈ ધાર્મિક સ્થળ કે મંદિર સાથે તેનો સંબંધ હોવાનું લાગે, પરંતુ હકીકતમાં આ નામ માનવ માથાના કાન અને આંખની વચ્ચેના ભાગ માટે વપરાતા અંગ્રેજી શબ્દ ટ્વેક્ષી (લમણાં) પરથી આવ્યું છે. આ ઉપકરણ માથાની બાજુમાં, કપાળ અને કાનની વચ્ચે ચોંટાડવામાં આવે છે. તેનું કદ અત્યંત નાનું છે અને વજન બે ગ્રામથી પણ ઓછું હોવાનું જણાવાયું છે.આ ઉપકરણમાં પ્રકાશ આધારિત એટલે કે Optical Sensros ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવ્યો છે. સામાન્ય રીતે સ્માર્ટવોચ કાંડા પર પહેરવામાં આવે છે અને ત્યાંથી હૃદયના ધબકારા, ઓક્સિજનનું પ્રમાણ વગેરે અંગેના સંકેતો મેળવે છે. Temple માં શરીરના બીજા એક ભાગમાંથી, એટલે કે માથાની બાજુમાંથી, શારીરિક સંકેતો મેળવવાનો પ્રયાસ થાય છે.BrainFlow નો હેતુ મગજ તરફ થતા રક્તપ્રવાહમાં આવતા ફેરફારોને સતત નોંધવાનો છે. મગજને યોગ્ય પ્રમાણમાં લોહી અને ઓક્સિજન મળવું અત્યંત જરૂરી છે. મગજ શરીરના વજનનો નાનો હિસ્સો હોવા છતાં શરીર દ્વારા વપરાતા ઓક્સિજન અને ઊર્જાનો નોંધપાત્ર હિસ્સો વાપરે છે. મગજની કામગીરી માટે લોહીનો પુરવઠો સતત અને યોગ્ય પ્રમાણમાં જળવાઈ રહે તે જરૂરી છે.આપણે ઊભા થઈએ, બેસીએ, દોડીએ, કસરત કરીએ કે લાંબા સમય સુધી એક જ સ્થિતિમાં રહીએ ત્યારે શરીરમાં રક્તપ્રવાહમાં ફેરફાર થાય છે. Temple નો પ્રયાસ આવા ફેરફારોને રેકોર્ડ કરવાનો છે. જો આ માપન વિશ્વસનીય સાબિત થાય તો માણસની દૈનિક જીવનશૈલી અને મગજને મળતા રક્તપ્રવાહ વચ્ચેનો સંબંધ સમજવામાં મદદ મળી શકે.બીજો મહત્ત્વનો માપદંડ Entropy છે. ગોયલના જણાવ્યા પ્રમાણે આ માપદંડ શરીર પોતાનું આંતરિક સંતુલન જાળવવા માટે કેટલી મહેનત કરી રહ્યું છે તેનો અંદાજ આપવાનો પ્રયાસ કરે છે. ઊંઘ, કસરત, તનાવ, ખોરાક, કેફીન અને શરીરના તાપમાનને નિયંત્રિત કરવાની પ્રક્રિયા જેવી બાબતો તેના પર અસર કરી શકે છે. કંપની આને એક પ્રકારના શારીરિક ભાર અથવા Physiological Strainના સૂચકાંક તરીકે રજૂ કરે છે.

વિશેષ

ગોયલે શરૂઆતમાં Temple ને સામાન્ય ગ્રાહકો માટે ખુલ્લું મૂકવાને બદલે મર્યાદિત લોકોના જૂથમાં અજમાવવાનો નિર્ણય લીધો હતો. ૨૦૨૬ના મે મહિનામાં પ્રથમ ૧૦૦ યુનિટ માટે પ્રક્રિયા શરૂ કરવામાં આવી હતી. આ ઉપકરણ અજમાવવા માટે રમતવીરો, વૈજ્ઞાનિકો, ઉદ્યોગસાહસિકો, ડોક્ટરો અને કન્ટેન્ટ ક્રિએટર્સ જેવા લોકો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. હેતુ માત્ર ઉપકરણ પહેરાવવાનો નહોતો, પરંતુ તેનો ઉપયોગ કરીને ઊંડાણપૂર્વક પ્રતિસાદ મેળવી શકાય તેવા લોકોને પસંદ કરવાનો હતો.આ ઉપકરણ પહેરીને જાહેરમાં દેખાયેલા જાણીતા ચહેરાઓમાં ભારતીય ક્રિકેટ ટીમનો કેપ્ટન શુભમન ગિલ અને બેડમિન્ટન ખેલાડી પી.વી. સિંધુનો સમાવેશ થાય છે. બંને રમતવીરોની હાજરીને કારણે ઉપકરણને ખાસ પ્રસિદ્ધિ મળી.આ પ્રકારના પ્રારંભિક ગ્રાહકોને ટેકનોલોજીની ભાષામાં Beta Users કહેવામાં આવે છે.

ગિરનારની ગોદમાં ઊતરેલી શ્રદ્ધાની લીલી પરિક્રમા

લીલાછમ જંગલ, ઝરણાંના કલરવ અને શિખરો પર ઝગમગતા દીવાઓ વચ્ચે ગિરનાર શ્રદ્ધાનું શિખર છે. અહીં અશોક શિલાલેખ, દત્ત શિખર અને જૈન તીર્થોની પવિત્રતા વસે છે. છત્રીસ કિલોમીટરની લીલી પરિક્રમા સોળસો લાઈટના અજવાળે, ત્રણસો મણ અથાણાના સ્વાદે, ફૂલગુલાબી ઠંડીમાં, ચુસ્ત સુરક્ષા અને સ્પેશિયલ ટ્રેનની સુવિધા સાથે આત્માની યાત્રા બનીને આવે છે.

ગુજરાતની ધરતી પર જ્યારે પણ ધર્મ, ઇતિહાસ અને પ્રકૃતિ એકસાથે બોલે છે ત્યારે સૌથી પહેલું નામ ગિરનારનું આવે છે. જૂનાગઢની નજીક ઊભેલો આ પર્વત માત્ર પથ્થરોનો ઢગલો નથી, તે હજારો વર્ષની તપસ્યા, સાધના અને શ્રદ્ધાનું જીવંત પ્રતીક છે. તેના શિખરો પર સૂર્યના પહેલા કિરણો પડે ત્યારે આખો પર્વત સોનાની જેમ ચમકી ઊઠે છે અને સાંજ પડે ત્યારે તેની છાયામાં જંગલની લીલાશ વધુ ઘેરી બની જાય છે. ગિરનારની તળેટીમાં વહેતી હવા પણ જાણે કોઈ મંત્ર બોલતી હોય તેવી લાગે છે. અહીંનાં વૃક્ષો, અહીંની ગુફાઓ, અહીંનાં ઝરણાં અને અહીંના પથરાળ રસ્તાઓ બધું જ કંઈક કહે છે. અહીં સમ્રાટ અશોકનો શિલાલેખ છે, અહીં જૈન તીર્થંકરોની નિર્વાણભૂમિ છે, અહીં ગુરુ દત્તાત્રેયનું શિખર છે, અહીં અંબાજી અને ગોરખનાથની સાધના સ્થળી છે. હિંદુ, જૈન અને સર્વ ધર્મના ભક્તો માટે ગિરનાર એક જીવંત તીર્થ છે. તેની પ્રાચીનતા એટલી ઊંડી છે કે તેને માત્ર ઇતિહાસના પાનાંમાં નહીં પણ લોકોના હૃદયમાં વાંચી શકાય છે. ચોમાસા પછી જ્યારે ગિરનાર લીલોછમ બની જાય છે ત્યારે તેનું સૌંદર્ય જોવા જેવું હોય છે. ઠેર ઠેર લીલું ઘાસ, ઝાડીઓ પર ખીલેલાં ફૂલો, પક્ષીઓનો કલરવ અને પર્વત પરથી નીચે ઊતરતું ધુમ્મસ આ બધું મળીને એક એવું દૃશ્ય રચે છે જેને જોઈને મન આપોઆપ શાંત થઈ જાય છે. આ જ લીલાશ, આ જ શીતળતા અને આ જ પવિત્રતાની વચ્ચે દર વર્ષે કારતક મહિનામાં એક મહાયાત્રા યોજાય છે જેને લોકો લીલી પરિક્રમા કહે છે. આ પરિક્રમા માત્ર ચાલવાની ક્રિયા નથી, તે આત્માની યાત્રા છે, તે શ્રદ્ધાની પરીક્ષા છે અને તે પ્રકૃતિ સાથે એકરૂપ થવાની સાધના છે.લીલી પરિક્રમા એટલે ગિરનાર પર્વતની ફરતે કરવામાં આવતી પદયાત્રા. લગભગ છત્રીસ કિલોમીટર લાંબો આ માર્ગ જંગલની વચ્ચેથી પસાર થાય છે. આ માર્ગ પર ભવનાથ તળેટીથી શરૂઆત થાય છે અને પછી જંગલ, ટેકરીઓ, નદીના પટ અને નાના ગામડાંઓમાંથી પસાર થઈને ફરી ભવનાથ પહોંચાય છે. આ રસ્તામાં આવતા જીણાબાવાની મઢી, માળવેલા, બોરદેવી, નળપાણીની ઘોડી, સરકડીયા હનુમાન જેવાં સ્થાનો માત્ર વિરામ સ્થાનો નથી, તે શ્રદ્ધાના કેન્દ્રો છે. અહીં યાત્રિકો થાક ઉતારે છે, પાણી પીએ છે, પ્રસાદ લે છે અને ફરી આગળ વધે છે. પરિક્રમાનો અર્થ જ એ છે કે પર્વતને કેન્દ્રમાં રાખીને તેની પ્રદક્ષિણા કરવી. જેમ મંદિરમાં દેવની પ્રદક્ષિણા કરવામાં આવે છે તેમ અહીં આખા પર્વતની પ્રદક્ષિણા કરવામાં આવે છે. એવી માન્યતા છે કે ગિરનાર પોતે જ દેવ સ્વરૂપ છે, તેની પરિક્રમા કરવાથી પાપનો નાશ થાય છે, મનની શુદ્ધિ થાય છે અને જીવનમાં નવી શક્તિ મળે છે. કારતક સુદ અગિયારસ એટલે દેવઊઠી એકાદશીની રાત્રે બાર વાગે જ્યારે પરિક્રમાનો દરવાજો ખૂલે છે ત્યારે લાખો લોકો એકસાથે હર હર મહાદેવ અને જય ગિરનારીના નાદ સાથે આગળ વધે છે. તે દૃશ્ય જોવું એ પણ એક જીવનનો લહાવો છે. નાના બાળકથી લઈને વૃદ્ધ સુધી, શહેરના માણસથી લઈને ગામડાના ખેડૂત સુધી, બધા જ એક જ રંગમાં રંગાઈ જાય છે. અહીં કોઈ નાનું મોટું નથી, કોઈ ગરીબ તવંગર નથી, બધા જ એક જ માર્ગના યાત્રી છે. પગમાં ચંપલ હોય કે ન હોય, ખભે થેલો હોય કે ન હોય, પણ હૃદયમાં શ્રદ્ધા તો સૌની સરખી જ હોય છે. રાત્રે જંગલમાં ચાલતાં ચાલતાં જ્યારે દૂર દૂર સુધી દીવાઓની હારમાળા દેખાય છે ત્યારે એવું લાગે છે કે જાણે આખું જંગલ જ દીવાઓથી ઝગમગી રહ્યું છે.

આસપાસ યોપાસ

- સુરેશ ભટ્ટ

આ વર્ષની પરિક્રમા માટે વહીવટી તંત્રએ અત્યાર સુધીની સૌથી મોટી અને આધુનિક તૈયારી કરી છે. આગામી વીસમી નવેમ્બરની મધ્યરાત્રિએ પરિક્રમાનો ગેટ ખુલશે અને તેની સાથે જ શ્રદ્ધાનો આ મહાપ્રવાહ શરૂ થશે. આ વખતે પરિક્રમાના છત્રીસ કિલોમીટરના આખા રૂટને સોળસો એલઈડી લાઈટથી ઝગમગાવવામાં આવ્યો છે. અગાઉ જ્યાં અંધારાને કારણે યાત્રિકોને તકલીફ પડતી હતી, ખાસ કરીને માળવેલા અને નળપાણીની ઘોડી જેવા વિસ્તારોમાં જ્યાં હાર્ટએટેક જેવા બનાવો બનતા હતા, ત્યાં આ વખતે પ્રથમ વખત અજવાળું પહોંચાડવામાં આવ્યું છે. આ કામ સરળ નહોતું, કારણ કે જંગલની અંદર વીજળી પહોંચાડવી મુશ્કેલ છે. તેથી પાંચ કેવીથી લઈને એકસો પચીસ કેવી સુધીના પચીસ જનરેટર રૂટ પર ગોઠવવામાં આવ્યા છે. આ વાતની માહિતી આરએન્ડબી ઈલેક્ટ્રિક શાખાના નાયબ કાર્યપાલક ઇજનેર વાય આર ચારોલાએ આપી છે. રાત્રે જ્યારે યાત્રિકો જંગલમાંથી પસાર થશે ત્યારે તેમને હવે અંધારાનો ડર નહીં લાગે, તેમનો માર્ગ પ્રકાશથી ઝળહળો હશે. આ પ્રકાશ માત્ર રસ્તાનો નથી, તે સલામતીનો પણ પ્રકાશ છે. પ્રશાસને આ વખતે યાત્રિકોની સુરક્ષા માટે પણ ખૂબ જ ચુસ્ત વ્યવસ્થા કરી છે. આખા રૂટને આઠ ઝોનમાં વહેંચવામાં આવ્યો છે. જિલ્લા પોલીસ અધિક્ષક સુબોધ ઓડેદરાના માર્ગદર્શન હેઠળ સાત ડીવાયએસપી, અઢાવીસ પીઆઈ, ત્યાસી પીએસઆઈ, આઠસો અઢાર પોલીસ જવાનો, સિત્તેર ટ્રાફિક પોલીસ, બે બીડીડીએસ ટીમ, એક કંપની એસઆરપી, એક પ્લાટુન એસડીઆરએફ, અઢીસો હોમગાર્ડ, સાતસો દસ જીઆરડી અને એકસો ચોરાણું તાલીમાર્થી પોલીસ જવાનો તૈનાત કરવામાં આવ્યા છે. આ બંદોબસ્ત એટલા માટે છે કે લાખો લોકોની ભીડમાં પણ કોઈને તકલીફ ન પડે, ટ્રાફિક વ્યવસ્થિત રહે અને કાયદો જળવાઈ રહે.



પરિક્રમાની બીજી સૌથી મોટી વિશેષતા એ છે કે તેનું અન્નક્ષેત્ર. ગિરનારના જંગલમાં જ્યારે લાખો લોકો ભૂખ્યા તરસ્યા ચાલતા હોય ત્યારે સેવાભાવી સંસ્થાઓ તેમને મફત ભોજન આપે છે. આ સેવા એ પરિક્રમાનો આત્મા છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ ખોડિયાર રાસ મંડળ અન્નક્ષેત્ર દ્વારા મંડપ ફીટિંગનું કામ શરૂ કરી દેવામાં આવ્યું છે. આ સંસ્થાએ આ વર્ષે પરિક્રમાર્થીઓ માટે રાજકોટથી તૈયાર કરેલું ત્રણસો મણ મરચાનું અથાણું જંગલમાં પહોંચાડ્યું છે. આ ઉપરાંત આઠ ટન લાકડાં, ચારસો ડબ્બા તેલ, એકસો અડતાલીસ ડબ્બા ઘી જંગલમાં પહોંચાડીને સવારનો નાસ્તો, બપોર અને સાંજનું ભોજન તૈયાર કરવાની વ્યવસ્થા કરવામાં આવી છે. આ આંકડા માત્ર આંકડા નથી, તે સેવાની ભાવનાનું પ્રમાણ છે. આ ઉપરાંત અનેક સેવાભાવી સંસ્થાઓ પણ પોતાનું રાશન લઈને જંગલમાં પહોંચી ગઈ છે. કોઈ ચા પીવડાવે છે, કોઈ પાણી આપે છે, કોઈ દવા આપે છે, કોઈ પગ દબાવે છે. આ બધું જોઈને એવું લાગે છે કે માનવતા હજુ જીવે છે. જંગલની વચ્ચે જ્યારે એક અજાણ્યો માણસ બીજા અજાણ્યા માણસને પ્રેમથી જમાડે છે ત્યારે તે જ સાચી ભક્તિ છે. આ અન્નક્ષેત્રોમાં કોઈ જાતપાત પૂછવામાં આવતી નથી, કોઈ ધર્મ પૂછવામાં આવતો નથી, માત્ર એટલું જ પૂછવામાં આવે છે કે ભૂખ્યા તો નથી ને. આ જ તો ભારતીય સંસ્કૃતિની સાચી ઓળખ છે.હવામાનની દૃષ્ટિએ પણ આ વર્ષની પરિક્રમા યાત્રિકો માટે ખૂબ જ અનુકૂળ રહેવાની છે. હવામાન નિષ્ણાત પરેશ ગૌસ્વામીના જણાવ્યા મુજબ પરિક્રમાના શરૂઆતના ત્રણ દિવસ દરમિયાન લઘુત્તમ તાપમાન ઓગણીસ ડિગ્રી જ્યારે મહત્તમ તાપમાન બત્રીસ ડિગ્રી રહેશે. ત્રેવીસથી પચીસ નવેમ્બર વચ્ચે લઘુત્તમ તાપમાન અઢાર ડિગ્રી રહેશે. આ સમયગાળા દરમિયાન કાતિલ ઠંડી નહીં હોય પણ ફૂલગુલાબી ઠંડીનો અહેસાસ થશે. રાત્રે જંગલમાં ચાલતી વખતે આ ઠંડી યાત્રિકોને તાજગી આપશે અને દિવસે તડકો પણ બહુ આકરો નહીં લાગે. આવા વાતાવરણમાં પરિક્રમા કરવી એ એક આનંદદાયક અનુભવ બની જશે.

દર્શકોને ખડખડાટ હસાવવા આવી રહી છે અનન્યા બિરલા દ્વારા નિર્મિત પહેલી ગુજરાતી ફિલ્મ 'રફ એન્ડ ટફ કન્યા'

અમદાવાદ,

ગુજરાતી સિનેમાના ચાહકો માટે એક શાનદાર પારિવારિક એન્ટરટેઇનર આવી રહી છે. જાણીતા યુવા આઇકોન અનન્યા બિરલા પ્રોડ્યુસર તરીકે પોતાની નવી ઇનિંગ શરૂ કરી રહ્યા છે. તેઓ 'બિગ બોક્સ સિરીઝ'ના સહયોગથી ગુજરાતી કોમેડી ફિલ્મ 'રફ એન્ડ ટફ કન્યા' લઈને આવી રહ્યા છે, જે દરેક પરિવારે સાથે બેસીને માણવા જેવી છે. આ ફિલ્મ આગામી ૨૦ નવેમ્બરે રૂપેરી પડદે ધૂમ મચાવશે.

આ ફિલ્મની વાર્તા દર્શકોને પેટ પકડીને હસાવશે. વાર્તામાં એક પિતાને જાણ થાય છે કે તેમની દીકરીને એક એવા યુવક સાથે પ્રેમ છે જેનો સ્વભાવ ખૂબ જ ગુસ્સાવાળો છે. દીકરીના ભવિષ્યને સુરક્ષિત કરવા પિતા શરત મૂકે છે કે તેઓ ૩૦ દિવસ દીકરીના સાસરે રહેશે. જો આ સમય દરમિયાન છોકરો કે તેનો પરિવાર સહેજ પણ ગુસ્સો કરશે, તો લગ્ન નહીં થાય. આ ૩૦ દિવસમાં પિતા જમાઈને ઉશ્કેરવા જે રમૂજી હરકતો કરે છે તે કોમેડીનું તોફાન લાવશે.

અનન્યા બિરલા આ પ્રોજેક્ટ માટે એટલા ઉત્સાહિત હતા કે માત્ર એક જ મીટિંગમાં તેમણે નિર્માતા બનવાની હા પાડી દીધી હતી. સ્ક્રિપ્ટ સાંભળતા જ તેઓ ખડખડાટ હસી પડ્યા હતા અને શૂટિંગના સેટ પર પણ કલાકારોનો અભિનય જોઈને તેઓ હસી-હસીને લોટપોટ થઈ ગયા હતા.

આ ધમાકેદાર કોમેડીમાં ગુજરાતી સ્ક્રીનના દિગ્ગજ હિતેન કુમાર સાથે રવિ ગોહિલ અને યુક્તિ રાંદેરિયા મુખ્ય રોલમાં જોવા મળશે.

આન્દ્રે રસેલ નાઈટ રાઈડર્સ ટીમમાં પરત ફર્યા, કિરોન પોલાર્ડ અને છ અન્ય સ્ટાર ખેલાડીઓને વાઈલ્ડકાર્ડ મળ્યા

નવીદિલ્હી,

આન્દ્રે રસેલ અને કિરોન પોલાર્ડ ટીમમાં સ્થાન મેળવનારા ઘણા મોટા વિદેશી સ્ટાર્સ ફરી એકવાર આઇએલટી ૨૦ માં ધૂમ મચાવવા માટે તૈયાર છે. પાંચમી સીઝન પહેલા, ફ્રેન્ચાઇઝીઓએ તેમના વાઇલ્ડકાર્ડ ખેલાડીઓના નામ જાહેર કર્યા છે. આ યાદીમાં વેસ્ટ ઈન્ડિઝના આન્દ્રે રસેલ, અકીલ હુસૈન અને કિરોન પોલાર્ડ ઉપરાંત ન્યુઝીલેન્ડના ટિમ સીફર્ટનો પણ સમાવેશ થાય છે. ઈંગ્લેન્ડના સેમ બિલિંગ્સ અને ટોમ કુરાનને પણ વિવિધ ટીમોમાં ઉમેરવામાં આવ્યા છે.

આઇએલટી ૨૦ ની પાંચમી સીઝન ૨૧ નવેમ્બરથી શરૂ થશે અને ૨૦ ડિસેમ્બર સુધી ચાલશે. ભાગ લેનારી બધી છ ફ્રેન્ચાઇઝીઓએ તેમના વાઇલ્ડકાર્ડ ખેલાડીઓ પસંદ કર્યા છે. રસેલ અબુ ધાબી નાઈટ રાઇડર્સમાં પાછો ફરશે, જ્યારે સીફર્ટ શારજાહ વોરિયર્સમાં જોડાશે અને હુસૈન ગલ્ફ જાયન્ટ્સમાં જોડાશે. દુબઈ કેપિટલ્સે સેમ બિલિંગ્સને પસંદ કર્યા છે, અને ડેઝર્ટ વાઇપર્સે ટોમ કુરાનને પસંદ કર્યા છે.એમઆઇ અમીરાતે પહેલાથી જ કિરોન પોલાર્ડને તેમના વાઇલ્ડકાર્ડ ખેલાડી તરીકે જાહેર કરી દીધું છે.આન્દ્રે રસેલ નાઈટ રાઇડર્સ ફ્રેન્ચાઇઝી સાથે લાંબા સમયથી સંકળાયેલો છે. તેણે આઇએલટી ૨૦ માં અબુ ધાબી નાઈટ રાઇડર્સ માટે અત્યાર સુધી ૩૮ મેચ રમી છે. ૨૦૨૫ સીઝનમાં, તેણે ૧૧ મેચમાં ૧૫૭ રન બનાવ્યા અને ૧૦ વિકેટ લીધી. જોકે, તેમણે ૨૦૨૬ ની આવૃત્તિમાં ફક્ત બે મેચ રમી હતી. તેમની વાપસી ટીમને બેટિંગ અને બોલિંગ બંનેમાં અનુભવ પ્રદાન કરશે. ટિમ સેફર્ટ ફરી એકવાર શારજાહ વોરિયર્સની જર્સીમાં જોવા મળશે.



તેમણે ૨૦૨૫ માં ટીમના પ્રથમ પ્લેઓફ અભિયાનમાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. એમઆઇ અમીરાત સામે એલિમિનેટરમાં, સેફર્ટે માત્ર ૨૦ બોલમાં ઝડપી ૪૦ રન બનાવ્યા.ઈંગ્લેન્ડના વિકેટકીપર-બેટ્સમેન સેમ બિલિંગ્સ દુબઈ કેપિટલ્સ સાથે પોતાનો કાર્યકાળ ચાલુ રાખશે. તેમની કેપ્ટનશીપ હેઠળ, ટીમે ૨૦૨૫ માં તેનું પ્રથમ આઇએલટી૨૦ ટાઇટલ જીત્યું. બિલિંગ્સ લીગની પ્રથમ ત્રણ સીઝનની ફાઇનલમાં રમી ચૂક્યા છે. પ્રથમ સીઝનમાં, તેઓ ડેઝર્ટ વાઇપર્સનો ભાગ હતા અને બાદમાં કેપિટલ્સ સાથે જોડાયા. તેઓ પાંચમી સીઝનમાં પણ દુબઈ ટીમનું નેતૃત્વ કરશે.

બીજી બાજુ, ગલ્ફ જાયન્ટ્સે ડાબોડી સ્પિનર અકીલ હુસૈનને ઉમેર્યો છે. તેઓ અગાઉ આ ટુર્નામેન્ટમાં અબુ ધાબી નાઈટ રાઇડર્સ અને એમઆઇ અમીરાત માટે રમી ચૂક્યા છે. ગલ્ફ જાયન્ટ્સના બોલિંગ આક્રમણમાં પહેલાથી જ વેસ્ટ ઈન્ડિઝની જોડી અલ્ઝારી જોસેફ અને શમાર જોસેફનો સમાવેશ થાય છે. હુસૈનના ઉમેરાથી ટીમની બોલિંગ વધુ મજબૂત બનશે. બેટ્સમેન એલિક એથેનાઝ પણ ટીમનો ભાગ છે.

ઈંગ્લેન્ડના ઓલરાઉન્ડર ટોમ કુરન પણ ડેઝર્ટ વાઇપર્સ પરત ફરશે. તે આઇએલટી ૨૦ ની પ્રથમ સીઝનમાં ટીમ માટે રમ્યો હતો, જ્યારે વાઇપર્સ રનર્સ-અપ રહ્યું હતું.

ભારતીય ટીમ વેલિંગ્ટન ટેસ્ટ મેચમાં ચાર ફાસ્ટ બોલર અને સાત બેટ્સમેનને મેદાનમાં ઉતારશે

નવીદિલ્હી,

ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે બે મેચની ટેસ્ટ શ્રેણી ૧૯ નવેમ્બરથી શરૂ થવાની છે. આ શ્રેણીની પહેલી મેચ વેલિંગ્ટનના બેસિન રિઝર્વ સ્ટેડિયમમાં રમાશે. ચાહકો પાસે આ મેચ માટે પ્લેઈંગ ઈલેવન વિશે ઘણા પ્રશ્નો છે. દરમિયાન, ટીમ ઈન્ડિયાના કેપ્ટન શુભમન ગિલે વેલિંગ્ટન ટેસ્ટ માટે પ્લેઈંગ ઈલેવન વિશે એક મોટો સંકેત આપ્યો છે. તેમણે સ્પષ્ટ કર્યું છે કે ભારતીય ટીમ આ મેચમાં ચાર ફાસ્ટ બોલર અને સાત બેટ્સમેનને મેદાનમાં ઉતારશે.



ઘણા ખેલાડીઓ ભારતીય ટીમની પ્લેઈંગ ઈલેવનમાં સ્થાન મેળવવા માટે સ્પર્ધા કરી રહ્યા છે, અને ટીમે હજુ સુધી તેની ટીમને અંતિમ સ્વરૂપ આપ્યું નથી. જોકે, કેપ્ટન શુભમન ગિલે સ્પષ્ટ કર્યું છે કે ટીમ ચાર ફાસ્ટ બોલરોને મેદાનમાં ઉતારશે, કારણ કે તેમના પેસરો છેલ્લા કેટલાક મહિનામાં અસાધારણ રીતે સારું પ્રદર્શન કર્યું છે, જેનાથી ટીમનું મનોબળ નોંધપાત્ર રીતે વધ્યું છે. એક પ્રેસ કોન્ફરન્સમાં, કેપ્ટન શુભમન ગિલે જણાવ્યું હતું કે તેઓ આ મેચમાં ચોક્કસપણે ચાર ફાસ્ટ બોલરોને મેદાનમાં ઉતારશે.ભારતીય ટીમ વનડે શ્રેણી ૩-૧થી જીત્યા પછી આ ટેસ્ટ શ્રેણીમાં પ્રવેશ કરી રહી છે. ટીમના યુવા ફાસ્ટ બોલરો વનડે શ્રેણીમાં અસાધારણ રીતે સારું પ્રદર્શન કર્યું. કેપ્ટન શુભમન ગિલે જણાવ્યું હતું કે આ બોલરોના ઉત્તમ પ્રદર્શનને કારણે પ્લેઈંગ ઈલેવનમાં કોને સમાવવા તે નક્કી કરવું મુશ્કેલ બન્યું છે. ગિલે વધુમાં જણાવ્યું હતું કે અમારા બધા ફાસ્ટ બોલરોએ સારું પ્રદર્શન કર્યું છે, અને આ અમારા માટે સારી સમસ્યા છે.વનડે શ્રેણીમાં ઝડપી બોલરોએ અસાધારણ રીતે સારું પ્રદર્શન કર્યું. જોકે અમે હજુ પણ અંતિમ સંયોજન પર વિચાર કરી રહ્યા છીએ, તે ચોક્કસ છે કે અમે ચાર ઝડપી બોલરોને મેદાનમાં ઉતારીશું.

કેપ્ટન શુભમન ગિલે પણ ખુલાસો કર્યો કે ટીમ તેની પ્લેઈંગ

અંબેકર મીતાઈએ યુથ ઓલિમ્પિક્સમાં ભારતનો પ્રથમ બોક્સિંગ ગોલ્ડ મેડલ જીતીને ઈતિહાસ રચ્યો

નવીદિલ્હી,

યુથ ઓલિમ્પિક્સ ૨૦૨૬ ભારતીય બોક્સિંગ માટે લાંબા સમયથી રાહ જોવાતી ખુશખબર લઈને આવ્યું છે. યુવા મણિપુર બોક્સર લૈરેનલકપમ અંબેકર મીતાઈએ સેનેગલની રાજધાની ડાકારમાં યુથ ઓલિમ્પિક્સમાં ભારતનો પ્રથમ બોક્સિંગ ગોલ્ડ મેડલ જીતીને ઈતિહાસ રચ્યો. ૫૦ કિગ્રા વજન વર્ગની ફાઇનલમાં, તેણે આયર્લેન્ડના ક્રિશ્ચિયન જુબાનીને ૩-૨ થી હરાવીને ગોલ્ડ મેડલ જીત્યો.

અંબેકર મીતાઈ અને જુબાની વચ્ચેનો ટાઇટલ મુકાબલો રોમાંચક રહ્યો. ભારતીય બોક્સરને શરૂઆતના રાઉન્ડમાં



પાંચેય જજો તરફથી ઓછા પોઈન્ટ મળ્યા, જેના કારણે તે પાછળ પડી ગયો. જોકે, તેણે નોંધપાત્ર વાપસી કરી. બીજા રાઉન્ડમાં ત્રણ જજોએ મીતાઈના પક્ષમાં ચુકાદો આપ્યો, જ્યારે ત્રીજા અને નિર્ણાયક રાઉન્ડમાં ચાર જજોએ તેને શ્રેષ્ઠ બોક્સર માન્યો. આમ, મીતાઈએ ૩-૨ ના માર્જિનથી મુકાબલો જીતીને ભારતને ઐતિહાસિક ગોલ્ડ મેડલ અપાવ્યો. યુથ ઓલિમ્પિકમાં ભારતીય બોક્સર દ્વારા આ શ્રેષ્ઠ પ્રદર્શન છે.અંબેકર મીતાઈની જીતે ભારતીય બોક્સિંગ ઈતિહાસમાં એક નવો અધ્યાય ઉમેર્યો છે. તેમના પહેલા, ભારતે યુથ ઓલિમ્પિકમાં આ રમતમાં ક્યારેય ગોલ્ડ મેડલ જીત્યો ન હતો. યુથ ઓલિમ્પિકમાં બોક્સિંગમાં આ ભારતનો ત્રીજો મેડલ છે. આ પહેલા, ૨૦૧૦ માં સિંગાપોરમાં યોજાયેલા યુથ ઓલિમ્પિકમાં, શિવ થાપાએ પુરુષોના ૫૪ કિગ્રા વજન વર્ગમાં સિલ્વર મેડલ જીત્યો હતો, જ્યારે વિકાસ કૃષ્ણને ૬૦ કિગ્રા વજન વર્ગમાં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. હવે, મીતાઈએ ગોલ્ડ મેડલ જીતીને આ યાદીમાં એક મોટી સિદ્ધિ ઉમેરી છે.નોંધનીય છે કે યુથ ઓલિમ્પિક્સ ૨૦૨૬ માં ભારતીય ટુકડીનું પ્રદર્શન અત્યાર સુધી ઉત્તમ રહ્યું છે.

સ્વર્ગસ્થ અભિનેત્રી નિમ્મીના કેરટેકરે જુહુના બે ફ્લેટ, ૨ કરોડની ફિક્સ્ડ ડિપોઝિટ અને ઘરેણાં હડપ કરી લીધા



મુંબઈ,

પ્રખ્યાત બોલિવૂડ અભિનેત્રી નિમ્મીના મૃત્યુના છ વર્ષ પછી, તેમની મિલકત અંગે એક મોટો વિવાદ ઉભો થયો છે. મુંબઈ પોલીસે તેમના ભૂતપૂર્વ કેરટેકર અસરાર ઇકબાલ શેખ સામે કેસ દાખલ કર્યો છે. તેમના પર નિમ્મીની મિલકત, બેંક ડિપોઝિટ અને કરોડો રૂપિયાના દાગીના કથિત રીતે કબજે કરવાનો આરોપ છે. આ મિલકત સ્વર્ગસ્થ અભિનેત્રીના કાનૂની વારસદારોને જવાની હતી.

અહેવાલ મુજબ, સાંતાક્રુઝ પોલીસે ૧૧ નવેમ્બરના રોજ અસરાર ઇકબાલ શેખ વિરુદ્ધ એફઆઈઆર નોંધી હતી. અસરાર ૨૦૦૩ થી નિમ્મી માટે કામ કરતો હોવાનું કહેવાય છે અને તેના મૃત્યુ સુધી તેની સાથે રહ્યો હતો. એવો આરોપ છે કે તેણે નિમ્મીના બે જુહુ ફ્લેટ, આશરે ૨ કરોડની કિંમતની બે ફિક્સ્ડ ડિપોઝિટ અને અનેક કિંમતી ઘરેણાં હડપ કરી લીધા હતા. તે સમયે, બોમ્બે હાઈકોર્ટમાં તેની વસિયતનામા અંગે કાનૂની કાર્યવાહી પણ ચાલી રહી હતી.

એફઆઈઆરમાં એવો પણ આરોપ મૂકવામાં આવ્યો છે કે શેખે પોતાની અને નિમ્મીના વારસદારો વચ્ચે મિલકત સમાન રીતે વહેંચવાની ઓફર કરી હતી. જ્યારે આ ઓફર નકારી કાઢવામાં આવી ત્યારે તેણે કથિત રીતે પરિવારનું પ્રતિનિધિત્વ કરવા માટે અધિકૃત વ્યક્તિ મોહમ્મદ યુનુસ સલીમ દુર્રાનીને ધમકી આપી હતી.

કિયારા અડવાણીની પતિ સિદ્ધાર્થ મલ્હોત્રા સાથે બીજા બાળકનું સ્વાગત કરવાની તૈયારી

મુંબઈ,

કિયારા અડવાણીએ ચાહકો સાથે તેના બેબી શાવરની એક ઝલક શેર કરી, અને કેકે બધાનું ધ્યાન ખેંચ્યું. અભિનેત્રી તેના પતિ સિદ્ધાર્થ મલ્હોત્રા સાથે તેના બીજા બાળકનું સ્વાગત કરવાની તૈયારી કરી રહી છે. તેણીએ ખૂબ જ રસપ્રદ કેકનો ફોટો શેર કરીને ઉજવણીની એક ઝલક શેર કરી. આ તેમના પરિવાર માટે ખૂબ જ ખાસ પ્રસંગ છે, પરંતુ કેકની સજાવટથી ચાહકોમાં ઉત્સુકતા જગાવી છે. તેઓ સજાવટ પરથી અનુમાન લગાવવાનો પ્રયાસ કરી રહ્યા છે કે આવનાર બાળક છોકરો હશે કે છોકરી.

ચોકલેટ કેક સુંદર જાંબલી અને વાદળી ફૂલોથી શણગારવામાં



આવી હતી, જેમાં એક ગુલાબી ફૂલ બહાર આવ્યું હતું. જોકે કિયારાએ બાળકનું લિંગ જાહેર કર્યું નથી, આ અનોખા રંગ સંયોજનથી સોશિયલ મીડિયા વપરાશકર્તાઓ આશ્ચર્ય પામી રહ્યા છે કે શું એક ગુલાબી ફૂલ પુત્રના જન્મનો સંકેત આપે છે. અભિનેત્રીએ આ ખાસ ઉજવણીને ખાનગી રાખી હશે, પરંતુ નાની ઝલકથી ચાહકોમાં ઉત્સુકતા વધી ગઈ છે. કિયારા અને સિદ્ધાર્થ બીજા નાના મહેમાનની અપેક્ષા રાખી રહ્યા છે. એવું લાગે છે કે આ દંપતી લાઈમલાઈટથી દૂર તેમના જીવનના આ ખાસ તબક્કાનો સંપૂર્ણ આનંદ માણી રહ્યું છે.

ફિલ્મ નિર્માતા કરણ જોહરના ચેટ શો, "કોફી વિથ કરણ" ની સીઝન ૯ માં, કિયારાએ તેના ગર્ભાવસ્થાના અનુભવો વિશે ખુલ્લેઆમ વાત કરી. તેણીએ ગર્ભાવસ્થા દરમિયાન તેણીએ અનુભવેલા ભાવનાત્મક અને શારીરિક ફેરફારો શેર કર્યા. તેણીએ સમજાવ્યું કે શરૂઆતના ત્રણ મહિના મુશ્કેલ હતા, કારણ કે તેણીને ઉબકા અને હોર્મોનલ ફેરફારોનો અનુભવ થયો હતો. કિયારાએ એ પણ ખુલાસો કર્યો કે તેણી અને સિદ્ધાર્થે શરૂઆતમાં આ સમાચાર પોતાના સુધી જ રાખવાનું નક્કી કર્યું. જોકે, તેણીને ટૂંક સમયમાં સમજાયું કે તેની આસપાસ મહિલાઓ હોવી ખૂબ જ મહત્વપૂર્ણ છે. તેણીની માતા અને સાસુ તેની સાથે હોવાનું કારણ સમજાવતા, તેણીએ કહ્યું, "મને સ્ત્રીઓની જરૂર છે. મને મારા જીવનમાં એવી સ્ત્રીઓની જરૂર છે જે મને સમજે."

અભિનેત્રી કિયારાએ પણ શેર કર્યું કે તેણીને તેના મિત્રોમાં ખૂબ જ આરામ મળ્યો. તેણીએ તે ક્ષણોને યાદ કરી જ્યારે તે ફક્ત તેના મિત્રો સાથે બેસીને રડતી હતી, અને તેના મિત્રો તેણીને તેની લાગણીઓને પ્રક્રિયા કરવા અને પ્રક્રિયા કરવા માટે જગ્યા આપતા હતા. અંતે, તેણીએ સમગ્ર અનુભવને સુંદર ગણાવ્યો.વ્યાવસાયિક મોરચે, કિયારા છેલ્લે ફિલ્મ "ટોક્સિક" માં જોવા મળી હતી. જ્યારે ફિલ્મને વિવેચકો તરફથી મિશ્ર સમીક્ષાઓ મળી હતી, ત્યારે કિયારાના કામની ખૂબ પ્રશંસા કરવામાં આવી હતી.

શબ્દ શોધો

ગ	મો	મ	ણ	ણિ	મો	ભો	ર	ર	લ	બં	પ્ર
પ્ર	આ	ર	આ	કા	ણ	ળ	સ	જ્ઞા	ણ	અ	ર
ર	ક	ર	વિ	ધ	ક્કો	મા	ર	ર	સા	કા	ર
ભા	શિ	ત	ચા	ક્કો	બા	સા	શિ	લ	વા	ળ	ર
ર	ક્ષ	ખ	ર	ર	સ	મા	સ	બિ	ણ	ળો	લ
ર	ક	કા	ણા	હા	ર	બં	ધ	લા	જ	ક	વિ
કા	તી	ડી	ઔ	કા	રી	જી	ન	આ	ન	જ્ઞા	કા
ર	વિ	બિ	મો	જી	એ	બિ	ણિ	બં	ન	બ	બ
સા	ડી	હિ	મો	ઐ	ધ	પ્રા	સા	વિ	શિ	રા	કા
દ	બા	ર	સા	ખ	ઇ	શિ	ચી	ઊ	દ	ક્ષ	ન
કા	ઔ	તુ	આ	ઐ	રા	હિ	ભ	તુ	આ	ગ	ણ
ક્ષ	ર	કા	લ	સા	એ	કા	બા	ઐ	અઃ	ક	ભો

શબ્દ શોધો

મોભો, રણકાર, બારસાખ, વિચારણા, વિજ્ઞાન, શિક્ષક, શિક્ષણ, સરવાળો, સાલસ, હારબંધ

રામાયણ ફિલ્મે આરઆરઆર અને ધૂરંધરને પાછળ છોડીને વિશ્વભરમાં ૧,૪૩૭.૨૫ કરોડનો આંકડો પાર કર્યો

મુંબઈ,

'રામાયણ' થિયેટરોમાં ચાલી રહી છે અને બધી ભાષાઓમાં દર્શકોને આકર્ષી રહી છે. ફિલ્મ અને તેના કલાકારોની વ્યાપક ચર્ચા થઈ રહી છે. ફિલ્મના કલાકારો સોશિયલ મીડિયા દ્વારા ફિલ્મ પર કામ કરવાના પોતાના અનુભવો શેર કરી રહ્યા છે. તાજેતરમાં, ફિલ્મમાં 'ભારત' ની ભૂમિકા ભજવનાર આદિનાથ કોઠારેએ પણ ફિલ્મ પર કામ કરવાનો પોતાનો અનુભવ શેર કર્યો. રણબીર કપૂર, સાઈ પલ્લવી અને યશ અભિનીત, પૌરાણિક મહાકાવ્ય, થિયેટરોમાં તેનો બીજો સપ્તાહાંત પૂર્ણ કરી ચૂક્યું છે અને હવે તે ત્રીજા અઠવાડિયામાં પ્રવેશી રહ્યું છે. રિલીઝ થયા પછી, તેની દૈનિક કમાણીમાં થોડો વધઘટ થયો છે. સપ્તાહના અંતે કમાણીમાં વધારો થયો હોવા છતાં, બાકીનું અઠવાડિયું ફિલ્મના બોક્સ ઓફિસ



પ્રદર્શનને નક્કી કરવામાં મહત્વપૂર્ણ રહેશે.ડેટા અનુસાર, સોમવાર, ૧૬ નવેમ્બર (દિવસ ૧૨) ના રોજ, "રામાયણ" ની કમાણીમાં રવિવારની સરખામણીમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો. "રામાયણ" એ ભારતમાં ૨૨,૩૬૫ શોમાંથી ૩૨.૦૦ કરોડની ચોખ્ખી કમાણી કરી. ફિલ્મે હિન્દીમાં ૧૭,૭૪૨ શોમાંથી ૨૩.૭૫ કરોડ, મલયાલમમાં ૧,૦૬૧ શોમાંથી ૨.૮૫ કરોડ, કન્નડમાં ૮૯૨ શોમાંથી ૨.૦૦ કરોડ, તમિલમાં ૧,૧૫૮ શોમાંથી ૧.૯૦ કરોડ અને તેલુગુમાં ૧,૫૧૨ શોમાંથી ૧.૫૦ કરોડની કમાણી કરી છે. આનાથી ભારતમાં 'રામાયણ - ભાગ ૧'નું કુલ કલેક્શન ૯૪૭.૨૫ કરોડ અને નેટ કલેક્શન ૭૯૨.૬૦ કરોડ થયું છે.

આ સપ્તાહના અંતે, 'રામાયણ'એ બોક્સ ઓફિસ પર સર્વોચ્ચ સ્થાન મેળવ્યું. રવિવાર, ૧૫ નવેમ્બરના રોજ, ફિલ્મે નેટ કલેક્શનમાં ૭૫.૦૦ કરોડ અને શનિવારે, દસમા દિવસે, ફિલ્મે ૭૨.૯૦ કરોડની કમાણી કરી. જોકે, સોમવારની કમાણી રવિવારની સરખામણીમાં ૫૭.૩ ટકા ઘટી ગઈ છે. ૧૨મા દિવસની કમાણી સાથે, ભારતમાં ફિલ્મ રામાયણનું કુલ ચોખ્ખું કલેક્શન ૭૯૨.૬૦ કરોડ અને ગ્રોસ કલેક્શન ૯૪૭.૨૫ કરોડ સુધી પહોંચી ગયું છે.

હુમલાની ઘટના પછી ટાઇગર શ્રોફ કામ પર પાછો ફર્યો : ૧૭ વર્ષ જૂના ગીતના રિમિક્સમાં જોવા મળશે

મુંબઈ,

ટાઇગર શ્રોફ છેલ્લા કેટલાક અઠવાડિયાથી તેના પર થયેલા હુમલાને કારણે સમાચારમાં છે. ઓક્ટોબરમાં, કેટલાક બંદૂકધારીઓએ કથિત રીતે અભિનેતાને ગોળી મારવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, તે હુમલામાંથી બચી ગયો. શૂટિંગની ઘટના પછી ટાઇગર શ્રોફ લગભગ એક મહિના પછી કામ પર પાછો ફર્યો છે, સોશિયલ મીડિયા પર તેની જાહેરાત કરી. મુંબઈના જુહુ વિસ્તારમાં શૂટિંગ થયા પછી આ અભિનેતા લોકોની નજરથી દૂર હતો, પરંતુ હવે તેણે તેના આગામી સિંગલ "તેનુ લેકે જાના"નું ટીઝર રિલીઝ કરીને તેની વાપસીની જાહેરાત કરી છે.

ટાઇગર શ્રોફે સોશિયલ મીડિયા પર એક વીડિયો શેર કર્યો



છે જેમાં તે "તેનુ લેકે જાના" ના રિમિક્સ પર તેના સ્નાયુબદ્ધ શરીરને દર્શાવે છે. આ વીડિયોમાં, તે કેતિકા સાથે જોવા મળે છે. તેમની સિઝલિંગ કેમેસ્ટ્રી તેના ચાહકોમાં ગુંજી રહી છે. ટાઇગરના ચાહકો પણ તેના પાછા ફરવા પર ખૂબ ખુશ છે. ઘણા સોશિયલ મીડિયા વપરાશકર્તાઓએ આ વીડિયો પર પ્રતિક્રિયા આપી, તેના પાછા ફરવા પર ખુશી વ્યક્ત કરી. કેટલાકે તેના પાછા ફરવા પર આનંદ વ્યક્ત કર્યો, જ્યારે અન્ય લોકોએ તેના સ્નાયુબદ્ધ શરીરની પ્રશંસા કરી. આ વીડિયો એવા સમયે આવ્યો છે જ્યારે પોલીસ ૧૮ ઓક્ટોબરના રોજ થયેલી ગોળીબારની ઘટનાની તપાસ કરી રહી છે, અને અત્યાર સુધીમાં ૧૩ લોકોની ધરપકડ કરવામાં આવી છે.

ધ્રોલમાં આમ આદમી પાર્ટીનો નૂતન વર્ષ-સ્નેહમિલન સમારોહ

ધારાસભ્ય ગોપાલ ઈટાલીયાના સરકાર સામે આકરા પ્રહાર, મિશન ૨૦૨૭ અંતર્ગત પરિવર્તનનો સંકલ્પ દોહરાવાયો





ધ્રોલ (સંજય ડાંગર દ્વારા): આમ આદમી પાર્ટી દ્વારા ધ્રોલ ખાતે નૂતન વર્ષ નિમિત્તે ભવ્ય સ્નેહમિલન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. કાલાવડ વિધાનસભા પ્રભારી ડૉ. કલ્પેશ મકવાણાના આયોજન અને સંકલન હેઠળ યોજાયેલા આ કાર્યક્રમમાં હજારોની સંખ્યામાં કાર્યકરો અને પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

સમારોહમાં વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલીયા, સુરતના કોર્પોરેટર અને પ્રદેશ સંગઠન મંત્રી ધર્મેશ ભંડેરી, કોર્પોરેટર પંકજ ચાવડા, પ્રદેશ સંગઠન મંત્રી તેજસ ગાજીપરા, જામનગર જિલ્લા પ્રમુખ વશરામભાઈ રાઠોડ, જામનગર લોકસભા પ્રમુખ ડૉ. જીગ્નેશ સોલંકી, કાલાવડ વિધાનસભા પ્રભારી ડૉ. કલ્પેશ મકવાણા, જામનગર રૂરલ વિધાનસભા પ્રભારી પ્રકાશભાઈ દોંગા તેમજ કાલાવડ વિધાનસભા સંગઠન મંત્રી કે.પી. બથવાર સહિતના આગેવાનો વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે ધારાસભ્ય ગોપાલ ઈટાલીયાએ જનમેદનીને સંબોધતાં રાજ્ય સરકાર સામે આકરા પ્રહારો કર્યા હતા. તેમણે ગુજરાતના ખેડૂતોની કથળતી પરિસ્થિતિ, ખેતીના પ્રશ્નો, યુવાનોના ભવિષ્ય અને આવનારી પેઢીના હિતો અંગે ચિંતા વ્યક્ત કરી હતી. સાથે જ ખેડૂતોના પ્રશ્નોને વાચા આપવા અને રાજ્યમાં પરિવર્તન લાવવા મજબૂત રાજકીય લડત આપવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

આગામી ૨૦૨૭ની વિધાનસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને મિશન ૨૦૨૭ અંતર્ગત જામનગર જિલ્લામાં આમ આદમી પાર્ટીનું સંગઠન વધુ મજબૂત બનાવવા અને પરિવર્તનના લક્ષ્ય સાથે આગળ વધવાનો નિર્ધાર દોહરાવવામાં આવ્યો હતો. ડૉ. કલ્પેશ મકવાણાના સુચારુ આયોજન અને કાર્યકરોના ઉત્સાહભર્યા સહકારથી સ્નેહમિલન સમારોહ ભવ્ય રીતે સંપન્ન થયો હતો.

સલાયામાં પૂજ્ય જલારામ બાપાની ૨૨૭મી જન્મજયંતીની ધામધૂમપૂર્વક ઉજવણી





તસવીર : આનંદ લાલ-સલાયા

સલાયા : દેવભૂમિ દ્વારકા જિલ્લાના સલાયા ખાતે પૂજ્ય જલારામ બાપાની ૨૨૭મી જન્મજયંતીની ભક્તિભાવ અને ઉત્સાહભેર ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં ભાઈઓ-બહેનો અને ભાવિક ભક્તોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. જન્મજયંતીની ઉજવણીના ભાગરૂપે સવારે ૭:૩૦ કલાકે પૂજ્ય જલારામ બાપાની મહાઆરતી યોજાઈ હતી. ત્યારબાદ સવારે ૧૦ વાગ્યે નૂતન ધ્વજારોહણ કરવામાં આવ્યું હતું. સવારે ૧૧ વાગ્યે ભવ્ય શોભાયાત્રા નીકળી હતી, જેમાં મોટી સંખ્યામાં ભાવિકો જોડાયા હતા. બપોરે ૧ વાગ્યે સલાયા લોહાણા મહાજનવાડી ખાતે સમસ્ત હિન્દુ સમાજના સમૂહ ભોજનનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ખંભાળિયાથી લોહાણા મહાજનના ટ્રસ્ટી દિનેશભાઈ દત્તાણી, જિલ્લા ભાજપના મંત્રી તથા રઘુવંશી અગ્રણી અનિલભાઈ તન્ના, કિસાન મોરચાના પ્રદેશ કારોબારી સભ્ય ઈન્દ્રજીતસિંહ પરમાર, સારસ્વત બ્રહ્મસમાજના અગ્રણી અજીતભાઈ કિરતસાતા, ખંભાળિયા શહેર ભાજપ પ્રમુખ મિલનભાઈ જોશી, નિશિતભાઈ પાબારી, લાભુ સહિત અનેક મહાનુભાવો ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ સમગ્ર ધાર્મિક આયોજન જલારામ મંદિર અન્નક્ષેત્ર ટ્રસ્ટ તથા સલાયા લોહાણા મહાજન દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા જલારામ સેવા સમિતિના સભ્યોએ ભારે જહેમત ઉઠાવી હતી. સમગ્ર આયોજન ભરતભાઈ લાલ, વૃજલાલ બથિયા તથા અરવિંદભાઈ ભાયાણીના માર્ગદર્શન હેઠળ સુવ્યવસ્થિત રીતે સંપન્ન થયું હતું. સમગ્ર કાર્યક્રમ દરમિયાન ભક્તિમય માહોલ જોવા મળ્યો હતો અને જલારામ બાપાના જયઘોષથી સલાયાનું વાતાવરણ ગુંજી ઊઠ્યું હતું.

જામનગરમાં ગરીબ બાળકો સાથે હવન કરી દિવાળીની અનોખી ઉજવણી



જામનગર : જામનગરમાં અંબર ચોકડી પાસે ગરીબ બાળકો સાથે દિવાળી અને લાભ પાંચમના પાવન પર્વ નિમિત્તે 'ઉપાસના પ્રતિષ્ઠાન'ના સંસ્થાપક અને સંચાલક ઉપાસના ઠક્કર દ્વારા પર્યાવરણ અને સ્વાસ્થ્યલક્ષી અભિગમ સાથે દિવાળીની એક અનોખી ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ફટાકડા ફોડવાને બદલે વૈદિક મંત્રોચ્ચાર સાથે હવનનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમ દરમિયાન ઉપાસના ઠક્કર દ્વારા હવન કરી ઉપસ્થિત બાળકોને ફટાકડા ફોડવાથી પર્યાવરણ અને માનવ સ્વાસ્થ્યને થતા ગંભીર નુકસાન વિશે વિસ્તૃત સમજ આપવામાં આવી હતી. આ સાથે જ, યજ્ઞ અને હવન કરવાથી વાતાવરણ કેવી રીતે શુદ્ધ થાય છે અને તેનાથી થતા આધ્યાત્મિક તેમજ વૈજ્ઞાનિક ફાયદાઓ વિશે બાળકોને માહિતગાર કરી પ્રસાદનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સેવાકીય અને પ્રેરણાદાયી કાર્યક્રમને સફળ બનાવવા માટે દાતાશ્રી તરફથી હવન માટેની તમામ જરૂરી સામગ્રી તેમજ પ્રસાદનું દાન આપવામાં આવ્યું હતું. ઉપાસના ઠક્કર દ્વારા દાતાનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. નાના ભૂલકાઓથી લઈને તમામ ઉંમરના બાળકોએ ખૂબ જ ઉત્સાહપૂર્વક આ ઉજવણીમાં ભાગ લીધો હતો.

દ્વારકા જગતમંદિરમાં ગોપાષ્ટમી ઊજવણી

શ્રીજીને ગોપાલક સ્વરૂપના વિશિષ્ટ શૃંગાર, શ્રીકૃષ્ણ આજના દિને સૌપ્રથમ 'ગોવાળિયા' બનેલા



દ્વારકા : શ્રીકૃષ્ણની કર્મભૂમિ અને ભારતનું પ્રમુખ યાત્રાધામ દ્વારકામાં ગઈકાલે કારતક સુદ અષ્ટમીના શુભદિને જગતમંદિરમાં ગોપાષ્ટમી પર્વની ભક્તિભાવપૂર્વક ઊજવણી કરવામાં આવી હતી.

પૌરાણિક માન્યતા અનુસાર બાલકૃષ્ણે માતા યશોદા પાસે તેમના અન્ય મિત્ર ગોપાલકોની જેમ ગાયો ચરાવવા જવા માટે અનુમતિ માગતાં માતા યશોદાએ આચાર્ય ગર્ગાચાર્યે આપેલ અષ્ટમીના મુહૂર્ત અનુસાર આજના શુભ દિવસે સૌપ્રથમવાર ભગવાન શ્રીકૃષ્ણને ગોવાળીયાના વસ્ત્રો પરિધાન કરાવી જંગલમાં ગાયો ચરાવવાની અનુમતિ આપેલ. લોકવાયકા મુજબ ગાય માતા એ ભગવાન શ્રીકૃષ્ણને અતિ પ્રિય હોય અને તેઓ પણ તેમની પૂજા કરતાં હોય અને ભગવાન શ્રીકૃષ્ણને અતિપ્રિય એવી ગૌમાતાને પણ આજના દિને વિશેષ પૂજન અર્ચન કરવામાં આવે છે. જગતમંદિરમાં શ્રીજીને બપોરે રાજભોગ સાથે વિશેષ અદકી ભોગ અર્પણ કરાયો હતો. આજના દિવસે વારાદાર પુજારી પરિવાર દ્વારા ઠાકોરજીને ગોવાળીયાના ભાવનો શૃંગાર કરાવેલ જેમાં શ્રીમસ્તક ઉપર ગોવાળની પાઘડી, ખંભે કાંબડીનો ખેસ અને સુવર્ણની છડી ધારણ કરાવી ગોપાલકૃષ્ણનો વિશેષ શૃંગાર કરવામાં આવેલ.

જામનગર એસ.ટી. વિભાગને દિવાળીનું પર્વ ફળ્યું, રૂ. ૧૦.૮૪ લાખની આવક

કુલ ૧૧૯ એક્સ્ટ્રા ટ્રીપનો ૪,૪૬૦ મુસાફરોએ લાભ લીધો : છઠ્ઠી નવેમ્બરે એક જ દિવસમાં રૂ. ૩.૪૧ લાખની આવક

જામનગર : દિવાળીના તહેવારો દરમિયાન વતન તરફ જવા અને હરવા-ફરવા નીકળેલા મુસાફરોની વધેલી અવરજવરને પહોંચી વળવા જામનગર એસ.ટી. વિભાગ દ્વારા કરવામાં આવેલા વધારાના બસ સંચાલનને મુસાફરોનો સારો પ્રતિસાદ સાંપડ્યો છે. તા. ૪ થી તા. ૧૫ નવેમ્બર, દરમિયાન કુલ ૧૧૯ એક્સ્ટ્રા ટ્રીપનું સંચાલન કરવામાં આવ્યું હતું. આ વધારાની બસ સેવાનો કુલ ૪,૪૬૦ મુસાફરોએ લાભ લીધો હતો અને વિભાગને ભાડાની આવક પેટે રૂ. ૧૦,૮૪,૩૪૧ની માતબર આવક થવા પામી હતી.

જામનગર એસ.ટી. વિભાગની પ્રાપ્ત વિગતો અનુસાર, દિવાળીના તહેવારો દરમિયાન મુસાફરોની સુવિધા માટે તબક્કાવાર વધારાની બસો દોડાવવાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સમયગાળા દરમિયાન કુલ ૧૧૯ ફેરામાં બસોએ ૩૮,૬૯૧ કિલોમીટરનું અંતર કાપ્યું હતું. આ સંચાલન થકી વિભાગને પ્રતિ કિલોમીટર સરેરાશ રૂ. ૨૮.૦૩ની આવક પ્રાપ્ત થઈ હતી.

દિવાળીના તહેવારો દરમિયાન તા. ૬ નવેમ્બરના રોજ મુસાફરોનો સૌથી વધુ ધસારો જોવા મળ્યો હતો. આ દિવસે એક જ દિવસમાં સૌથી વધુ ૩૨ એક્સ્ટ્રા ટ્રીપ દોડાવવામાં આવી હતી, જેમાં ૧૨,૩૦૮ કિલોમીટરના સંચાલન સાથે ૧,૨૨૨ મુસાફરોએ મુસાફરી કરી હતી અને એસ.ટી. વિભાગને રૂ. ૩,૪૧,૪૧૦ની સૌથી વધુ દૈનિક આવક થઈ હતી.

આ ઉપરાંત તા. ૫ નવેમ્બરના રોજ ૧૯ ટ્રીપ થકી રૂ. ૨,૫૫,૮૩૧, તા. ૭ નવેમ્બરના રોજ ૨૨ ટ્રીપ થકી રૂ. ૧,૮૬,૯૭૮ અને તા. ૪ નવેમ્બરના રોજ ૧૩ ટ્રીપ થકી રૂ. ૧,૭૫,૪૭૨ની આવક નોંધાઈ હતી. જ્યારે તા. ૧૧ નવેમ્બરના રોજ આઠ ટ્રીપના સંચાલનમાં પ્રતિ કિલોમીટર રૂ. ૭૩ની સૌથી વધુ સરેરાશ આવક પ્રાપ્ત થઈ હતી.

વિશ્વ લોહાણા મહાપરિષદના સૌરાષ્ટ્ર-૨ ઝોનના મંત્રી પદે નિલેશ કાનાણીની નિમણુંક



ભાટીયા : ભાટીયાના યુવા રઘુવંશી અગ્રણી નિલેશ કાનાણીની વિશ્વ લોહાણા મહાપરિષદના સૌરાષ્ટ્ર-૨ ઝોનના મંત્રી તરીકે સતત બીજી વખત નિમણૂક થઈ છે.

રઘુવંશી સમાજ માટે આદરપણ એવી વિશ્વ લોહાણા મહા પરિષદ કે જે સમગ્ર વિશ્વમાં વસતા રઘુવંશીઓની માતૃ સંસ્થા છે. આ સંસ્થા દ્વારા ભાટીયાના યુવા રઘુવંશી અગ્રણી નિલેશ દામોદરભાઈ કાનાણીની શ્રી વિશ્વ લોહાણા મહાપરિષદ સૌરાષ્ટ્ર ઝોન-૨ હાલાર જામનગર, દેવભૂમિ દ્વારકા, અને પોરબંદર જિલ્લાના મંત્રી તરીકે સતત બીજી વખત નિમણૂક કરવામાં આવી છે. દ્વારકા જિલ્લા રઘુવિર સેના, રઘુવંશી સોશ્યલ ગ્રુપ, જલારામ જયંતી ઉત્સવ સમિતી, જે.સી.આઈ. વાચે ગુજરાત અભિયાન, કલ્યાણપુર તાલુકા રઘુવિર સેના સ્થાપક પ્રમુખ, બારાડી લોહાણા મહાજન, રઘુવંશી ચેરીટેબલ ટ્રસ્ટ, એ.એસ. પૂસ્તકાલય, જન્ની એજ્યુકેશન ટ્રસ્ટ, લોહાણા કન્યા છાત્રાલય, ભાટીયા લોહાણા મહાજન, જિલ્લા શાળા સંચાલક મંડળ, કુળદેવી મંદિર ટ્રસ્ટ સહિતમાં મંત્રી તરીકે સેવા આપે છે. તેમજ જલારામ આવાસ, ગૌશાળા સમિતી, કેરવણી મંડળ ટ્રસ્ટ સહિતમાં ટ્રસ્ટી તરીકે છે.

ઉપરાંત વેપારી એસોસીએશન, પોલીસ સલાહકાર, એસ.બી.આઈ બેન્ક રેલવે લડત સમિતી, શિશૂ મંદિર, ઉત્સવ સમિતી સહિતની ૩૫થી વધુ વિવિધ સામાજીક, ધાર્મિક, શૈક્ષણીક સેવાકીય સંસ્થાઓમાં વર્ષોથી સક્રિય રીતે જોડાઈ નિલેશભાઈ કાનાણી દ્વારા આ પંથકમાં જ્ઞાતિલક્ષી જુદી જુદી સેવાકીય પ્રવૃતિઓને વેગ મળે તેમજ તેમના દ્વારા કરવામાં આવેલી વિવિધ પ્રવૃતિઓના ફળ સ્વરૂપે વિશ્વ લોહાણા મહાપરિષદના પ્રમુખ સતિષભાઈ વિઠલાણી તથા સૌરાષ્ટ્ર ઝોન-૨ના પ્રમુખ શ્રી રાહુલભાઈ મોદી દ્વારા નિલેશભાઈ કાનાણીને સૌરાષ્ટ્ર ઝોન-૨ના મંત્રી પદે સતત બીજી વખત મહત્ત્વની જવાબદારી સોંપવામાં આવી છે. તેમની આ વરણીને ભાટીયા-બારાડી, હાલાર પંથક અને પોરબંદરના રઘુવંશી સમાજ દ્વારા આવકારવામાં આવી છે.

દ્વારકામાં રઘુવંશી પરિવારો માટે આશ્વાસન આર્થિક સહયોગ સુવિધાનો પ્રારંભ

દ્વારકા : દ્વારકાના રઘુવંશી સોશ્યલ ગ્રૂપ- જલારામ મંદિર દ્વારા જલારામ જયંતિના પાવન અવસરે દ્વારકામાં વસતા રઘુવંશી પરિવારો માટે આશ્વાસન આર્થિક સહયોગ સુવિધા શરૂ કરવામાં આવી છે.

દ્વારકાના રઘુવંશી પરિવારોમાં કોઈ સ્વજનના અવસાનની દુઃખદ વેળાએ બેસણું - સાદડી ઉઠમણા સુધી ટીફીન સેવા (છાસ પીવા) ની વ્યવસ્થા અમલમાં છે તેમાં વધુ એક સેવાનો ઉમેરો કરી દ્વારકાના રઘુવંશી પરિવારને સ્વજનના અવસાન બાદ બેસણું - સાદડી ઉઠમણા સમયે રૂપિયા પચ્ચીસ હજારની આશ્વાસન આર્થિક સહયોગ પણ સંસ્થા તરફથી આપવામાં આવશે તેવી જાહેરાત જલારામ જયંતિના પાવન અવસરે કરવામાં આવી છે. આશ્વાસન આર્થિક સહયોગ સેવાને દ્વારકાના સમસ્ત રઘુવંશી સમાજ દ્વારા આવકારવામાં આવી છે.

દિવાળી બાદ જામનગરમાં ડેન્ગ્યુના ૨૬ કેસ નોંધાતાં આરોગ્ય તંત્રમાં દોડધામ

જી.જી. હોસ્પિટલમાં ૨૦ દર્દીઓ સારવાર હેઠળ, ખાનગી હોસ્પિટલોમાં પણ છ દર્દીઓમાં ડેન્ગ્યુના લક્ષણો

જામનગર : દિવાળીના તહેવારો પૂર્ણ થયા બાદ જામનગર શહેર અને આસપાસના વિસ્તારમાં મચ્છરજન્ય રોગચાળાએ માથું ઊંચક્યું છે. બદલાતી ઋતુના કારણે ઠંડી અને ગરમીના મિશ્ર વાતાવરણ વચ્ચે તાવ, શરદી અને ઉધરસના દર્દીઓની સંખ્યામાં વધારો જોવા મળી રહ્યો છે. તેમાં પણ ડેન્ગ્યુના કેસોમાં નોંધપાત્ર વધારો થતાં આરોગ્ય તંત્રની ચિંતામાં વધારો થયો છે.

જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં ચાલુ નવેમ્બર મહિનામાં જ શહેરી વિસ્તારના ૨૦ દર્દીઓ ડેન્ગ્યુની સારવાર માટે દાખલ થયાનું જાણવા મળ્યું છે. જ્યારે શહેરની ખાનગી હોસ્પિટલોમાં પણ ડેન્ગ્યુનાં લક્ષણો ધરાવતા છ દર્દીઓ નોંધાયા હોવાનું જાણવા મળે છે. આમ, સરકારી અને ખાનગી હોસ્પિટલોના મળીને કુલ ૨૬ દર્દીઓ ડેન્ગ્યુની ઝપટમાં આવ્યા હોવાનું પ્રાથમિક વિગતો પરથી સામે આવ્યું છે.

છેલ્લા કેટલાક દિવસોથી જામનગર શહેરમાં રોગચાળાનું પ્રમાણ વધતું જોવા મળી રહ્યું છે. સરકારી હોસ્પિટલ ઉપરાંત ખાનગી હોસ્પિટલો અને દવાખાનાઓમાં પણ તાવ, શરદી અને ઉધરસ સહિતની તકલીફો ધરાવતા દર્દીઓની અવરજવર વધી છે. તેમાં ખાસ કરીને ડેન્ગ્યુના લક્ષણો ધરાવતા દર્દીઓની સંખ્યા ચિંતાજનક રીતે સામે આવી રહી છે.

ઋતુ પરિવર્તનના કારણે થતાં સંક્રમણની સાથે મચ્છરોના વધેલા ઉપદ્રવને પણ આ સ્થિતિનું એક સંભવિત કારણ માનવામાં આવી રહ્યું છે. ડેન્ગ્યુના કેસો સામે આવતાં જી.જી. હોસ્પિટલના તબીબી તંત્રની સાથે જામનગર મહાનગરપાલિકાનું આરોગ્ય તંત્ર પણ સતર્ક બન્યું છે. દિવાળીના પર્વ બાદ રોગચાળાના વધતા પ્રમાણ વચ્ચે મચ્છરોના ઉપદ્રવને નિયંત્રણમાં લેવા અને રોગચાળો વધુ ન વકરે તે માટે આરોગ્યલક્ષી પગલાં લેવાની આવશ્યકતા ઊભી થઈ છે. ખાસ કરીને નાગરિકોએ પોતાના રહેણાક વિસ્તારોમાં પાણીનો ભરાવો ન થવા દેવો અને મચ્છરોના ઉપદ્રવ સામે સાવચેતી રાખવી જરૂરી બની છે.

અવસાન નોંધ

જામનગર : ઓદિચ્ય ખરેડી બ્રાહ્મણ ડો. પ્રકાશ જયંતભાઈ ભટ્ટ, ઉમર વર્ષ ૭૩નું તા. ૧૬-૧૧ સોમવારના રોજ અવસાન થયું છે. તેઓ ઉમાબેનના પતિ અને ચિ. ડો. યાત્રીના પિતા તેમજ સ્વ. ડો. જયંતભાઈ એમ. ભટ્ટના પુત્ર અને ડો. વિજયભાઈ જે. ભટ્ટ અને ધિરેનભાઈ જે. ભટ્ટના મોટાભાઈ, સ્વ. ગુણવંતભાઈ એમ ભટ્ટ, ડો. જગદીશ એમ. ભટ્ટ અને અરવિંદભાઈ એમ. ભટ્ટના ભત્રીજા, ડો. જતિનભાઈ. જી. ભટ્ટ પિતરાઈ ભાઈ રાજકોટ, ડો. મિલીન્દ જે. ભટ્ટ (યુકે), અસીત જે. ભટ્ટ (ગાંધીનગર), ડો રિધ્ધી ઉપાધ્યાય અને ડો. ગાર્ગી વિજય ભટ્ટ, રુષિન જે ભટ્ટ પ્રેમલ એ ભટ્ટ કૌશલ ધીરેન ભટ્ટના ભાઈજી, સ્વ. ગુલાબરાય ભૂપતરાય જોશી(જૂનાગઢ)ના જમાઈ થાય, તેમની પ્રાર્થના સભા તા. ૧૯-૧૧ ગુરુવારના રોજ સાંજે ૫ થી ૫:૩૦ વાગ્યે પાબારી હોલ ખાતે રાખેલ છે. લૌકિક ક્રિયા બંધ રાખેલ છે.

સૈનિક સ્કૂલ બાલાચડી ખાતે ૬૩મી 'ઈન્ટર-હાઉસ વાર્ષિક એથ્લેટિક મીટ ૨૦૨૬-૨૭નું સમાપન



જામનગર : જામનગર સ્થિત સૈનિક સ્કૂલ બાલાચડી ખાતે તા. ૨૮ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ ૬૩મી 'ઈન્ટર-હાઉસ વાર્ષિક એથ્લેટિક મીટ ૨૦૨૬-૨૭' ભારે ઉત્સાહ, પરંપરાગત ભવ્યતા અને જોશભર્યા વાતાવરણમાં સંપન્ન થઈ હતી. આ પ્રતિષ્ઠિત વાર્ષિક રમતગમત સ્પર્ધામાં કેડેટ્સે વિવિધ ટ્રેક અને ફિલ્ડ સ્પર્ધાઓમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને પોતાની રમતગમતની કુશળતા, શિસ્ત, દૃઢ નિશ્ચય તથા ખેલદિલીનું ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું હતું.

આ સમાપન સમારોહમાં એરફોર્સ સ્ટેશન, જામનગરના એર ઓફિસર કમાન્ડિંગ એર કોમોડોર શ્રેયાંશ કુમાર સિંઘ મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. સૈનિક સ્કૂલ બાલાચડીના આચાર્ય, ગ્રુપ કેપ્ટન ઉજ્જવલ ઘોરમાડે દ્વારા તેમનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. તેમના આગમન પ્રસંગે મુખ્ય અતિથિને સ્કૂલ કેપ અર્પણ કરવામાં આવી હતી. ત્યારબાદ શાળાના સ્પોર્ટ્સ કેપ્ટન, કેડેટ આદિત્ય તોમરે સ્વાગત પ્રવચન આપ્યું હતું. સૈનિક સ્કૂલ બાલાચડીના ભૂતપૂર્વ વિદ્યાર્થી, ગ્રુપ કેપ્ટન જનમીત શર્મા આ સમારોહમાં વિશિષ્ટ અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા.

આ સમારોહનું મુખ્ય આકર્ષણ વિવિધ સ્પર્ધાઓમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનારા કેડેટ્સને ઈનામો, ચંદ્રકો અને ટ્રોફી એનાયત કરવાનો કાર્યક્રમ રહ્યો હતો. સિનિયર કેટેગરીમાં આંઝે હાઉસ ચેમ્પિયન બન્યું હતું, જ્યારે સબ-જુનિયર કેટેગરીમાં શાસ્ત્રી હાઉસ વિજેતા બન્યું હતું. ટાગોર હાઉસના કેડેટ યુવરાજ જાડોન અને સરદાર પટેલ હાઉસના કેડેટ સૌરભ કુમારને અનુક્રમે સિનિયર અને જુનિયર કેટેગરીમાં 'શ્રેષ્ઠ એથ્લેટ' જાહેર કરવામાં આવ્યા હતા. વોલીબોલ અને બાસ્કેટબોલમાં શ્રેષ્ઠ ખેલાડી તરીકે અનુક્રમે પ્રતાપ હાઉસના કેડેટ રુદ્ર ચૌધરી અને શિવાજી હાઉસના કેડેટ પ્રિયરાજ ચુડાસમાને તેમના અસાધારણ રમતગમતના પ્રદર્શન બદલ 'રામકૃષ્ણ રાવ મેમોરિયલ ટ્રોફી' એનાયત કરવામાં આવી હતી. ગૌરવની વિશેષ ક્ષણ ત્યારે સર્જાઈ, જ્યારે શિવાજી હાઉસના કેડેટ જયરાજ પંવારનું સન્માન કરવામાં આવ્યું હતું. તેમણે હાઈ જમ્પ સ્પર્ધામાં ૧.૫૪ મીટરની ઊંચાઈ કૂદીને શાળાનો નવો વિક્રમ સ્થાપિત કર્યો હતો અને અગાઉનો ૧.૫૨ મીટરનો રેકોર્ડ તોડ્યો હતો. તેમની આ સિદ્ધિએ શાળાની રમતગમતની ઉપલબ્ધિઓમાં એક નવું સીમાચિહ્ન ઉમેર્યું હતું. ઉપસ્થિત જનમેદનીને સંબોધતાં મુખ્ય અતિથિએ વિજેતાઓ, સહભાગી કેડેટ્સ અને આયોજકોને આ રમતગમત સ્પર્ધાના સફળ આયોજન બદલ અભિનંદન પાઠવ્યાં હતાં. તેમણે સમગ્ર કાર્યક્રમ દરમિયાન કેડેટ્સ દ્વારા દર્શાવવામાં આવેલી ઉત્કૃષ્ટ ખેલદિલી, સ્પર્ધાત્મક ભાવના અને સમર્પણની પ્રશંસા કરી હતી. આ ઉપરાંત, શાળા પ્રત્યેની તેમની ઉત્કૃષ્ટ સેવા અને યોગદાન બદલ સાત ગ્રાઉન્ડ સ્ટાફના સભ્યોનું પણ સન્માન કર્યું હતું.

આ સમારોહમાં વિંગ કમાન્ડર કે. મારુતિ દેવી (નિવૃત્ત), સ્કવોડ્રન લીડર રાકેશ તિવારી ઉપાચાર્ય, શાળાના સ્ટાફ સભ્યો અને કેડેટ્સ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અંતે સ્કૂલ કેપ્ટન, કેડેટ રુદ્ર ચૌધરીએ આભારવિધિ કરી હતી. તેમણે મુખ્ય અતિથિ, વિશિષ્ટ અતિથિ, શાળા વ્યવસ્થાપન, સ્ટાફગણ તથા આ વાર્ષિક રમતગમત સ્પર્ધાના સફળ આયોજનમાં યોગદાન આપનાર તમામનો આભાર વ્યક્ત કર્યો હતો. ૬૩મી 'ઈન્ટર-હાઉસ વાર્ષિક એથ્લેટિક મીટ ૨૦૨૬-૨૭' દ્વારા સૈનિક સ્કૂલ બાલાચડીએ પોતાની શ્રેષ્ઠતાની પરંપરાને જાળવી રાખતાં કેડેટ્સમાં શારીરિક તંદુરસ્તી, શિસ્ત, નેતૃત્વ, પરસ્પર સૌહાર્દ અને સ્વસ્થ સ્પર્ધાત્મક ભાવના કેળવવા પ્રત્યેની પોતાની પ્રતિબદ્ધતાને ફરી એકવાર દૃઢ કરી હતી.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનો નવતર જનસંપર્ક અભિગમ : ત્રણ દિવસ સુધી આદિજાતિ વિસ્તાર ગરબાડાના અંતરિયાળ ગામડાઓની મૂલાકાત લેશે

આદિજાતિ ગ્રામજનો સાથે પ્રત્યક્ષસંવાદ – આદિવાસી પરિવારોના ઘરે ભોજન અને રાત્રિ રોકાણ કરશે



ગાંધીનગર,

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અંતરિયાળ આદિજાતિ વિસ્તાર ગરબાડા તાલુકાના વિવિધ ગામોની ત્રણ દિવસની મૂલાકાતે તા.૧૮ નવેમ્બર બુધવારથી ૨૦ નવેમ્બર શુક્રવાર દરમિયાન જશે.

મૃદુ, મિતભાષી અને મક્કમ મુખ્યમંત્રી તરીકે જનમાનસમાં આગવી લોકચાહના મેળવેલા સહજ, સરળ અને સાલસ વ્યક્તિત્વ ધરાવતા ભૂપેન્દ્રભાઈએ લોકોની રજૂઆતો, નાગરિક-ફરિયાદો, લોક-સમસ્યાઓનું ત્વરાએ નિવારણ લાવવા માટે પણ હવે 'આપણા ભૂપેન્દ્રભાઈ'ની ઓળખ ઊભી કરી છે.

મુખ્યમંત્રીએ પોતાની આવી જ સહજ, સરળતાનો વધુ એક પરિચય આપતાં છેક ગ્રામીણ સ્તરના પાયાના કાર્યકર્તાઓ અને આદિજાતિ ગ્રામજનો સાથે બેસીને સંવાદ અને લોકસંપર્કનો નવતર અભિગમ અપનાવ્યો છે.

મુખ્યમંત્રીએ આદિજાતિ ગામોના સામાન્ય માનવીઓના જનજીવન અને ગ્રામ્ય જીવનની રહેણી-કરણી આત્મીય ભાવે નજીકથી સમજવા-નિહાળવા સાથે ગ્રામીણ વિસ્તારોની સમસ્યાઓ – રજૂઆતો કાને ધરવાના સંવેદનશીલ અને લોકાભિમુખ અભિગમ સાથે આ ત્રિદિવસીય મૂલાકાતનું આયોજન કર્યુ છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ તેમના આ સમગ્ર પ્રવાસ દરમિયાન ત્રણેય દિવસે અદના આદિવાસી પરિવારોના ઘરે તેમની સાથે બેસીને પરંપરાગત આદિવાસી ભોજન લેશે અને રાત્રી રોકાણ કરશે તથા સ્થાનિક આદિવાસી ભજન મંડળીઓના ભજન કિર્તનનું શ્રવણ કરશે.

મુખ્યમંત્રી આદિજાતિ વિસ્તારના ૭૨ કલાકના પ્રવાસ-મૂલાકાત દરમિયાન ધાનપૂર તાલુકામાં જિલ્લા વહિવટી તંત્રના સંબંધિત વિભાગો સાથે વિકાસ કાર્યોની સમીક્ષા કરશે અને આદિજાતિઓના શ્રદ્ધા-આસ્થા કેન્દ્ર સમા બાબા ધોડાજા દેવ મંદિરમાં દર્શન-પૂજન કરશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ તેમના ત્રિદિવસીય પ્રવાસના અંતિમ ચરણમાં સ્માર્ટ સિટી દાહોદની સરકારી લાયબ્રેરી-વાંચનાલયની મૂલાકાત લઈને બાળકો-યુવાઓ સાથે સંવાદ ગોષ્ઠિ કરશે અને ૨૦ નવેમ્બર, શુક્રવારે બપોર બાદ ગાંધીનગર પરત આવશે.

શિયાળુ સિઝન માટે ખેડૂતોએઅધિકૃત વિક્રેતાઓ પાસેથી જ બિયારણ અને ખાતરની ખરીદી કરવા અનુરોધ

ખરીદી વખતે વેપારીની તમામ વિગતો દર્શાવતું પાકું બિલ સહી સાથે મેળવવું અનિવાર્ય

ગાંધીનગર,

રાજ્યના ખેડૂતોએ આગામી શિયાળુ સિઝનમાં પાક વાવેતર માટે બિયારણ, ખાતર તથા જંતુનાશક દવાઓની ખરીદી કરતી વખતે છેતરપીંડીથી બચવા માટે કેટલીક કાળજી રાખવાની થતી હોય છે. ખેતી નિયામકશ્રીની યાદીમાં જણાવ્યા અનુસાર ખેડૂતોએ હંમેશાં બિયારણ, ખાતર અને જંતુનાશક દવાઓની ખરીદી માત્ર અધિકૃત લાયસન્સ કે પરવાનો ધરાવતી સહકારી મંડળીઓ, સરકારી સંસ્થાઓ અથવા નોંધાયેલા ખાનગી વિક્રેતાઓ પાસેથી જ કરવાનો આગ્રહ રાખવો જોઈએ. છેતરપિંડીથી બચવા માટે કોઈપણ સંજોગોમાં લાયસન્સ કે પરવાનો ન ધરાવતી વ્યક્તિઓ, પેઢીઓ, ફેરીયાઓ અથવા શંકાસ્પદ તત્વો પાસેથી ક્યારેય પણ ખેતી માટે જરૂરી ચીજ વસ્તુઓની ખરીદી કરવી નહીં. વધુમાં જણાવ્યા અનુસાર બિયારણ, ખાતર અને જંતુનાશક દવાઓની ખરીદી કરતી વખતે વેપારી પાસેથી તેનું લાયસન્સ નંબર, પૂરું નામ, સરનામું, ખરીદેલ ઈનપુટનું નામ અને લોટ નંબર જેવી તમામ વિગતો દર્શાવતું પાકું બિલ સહી સાથે મેળવી લેવું અનિવાર્ય છે. આ ઉપરાંત, કોઈપણ સંજોગોમાં મુદત પૂરી થઈ ગઈ હોય તેવા ઈનપુટની ખરીદી કે વાવેતર કરવું નહીં.

ખેડૂતોએ હંમેશાં વૈજ્ઞાનિક ભલામણ મુજબના જથ્થામાં જ બિયારણ, ખાતર અને જંતુનાશક દવાઓનો ઉપયોગ કરવો હિતાવહ છે. જો ક્યાંય પણ અધિકૃત અથવા પ્રચલિત નામથી મળતાં આવતાં અમાન્ય કે નકલી બિયારણ, ખાતર તથા જંતુનાશક દવાઓનું વેચાણ થતું હોવાનું ધ્યાનમાં આવે, તો તાત્કાલિક ધોરણે સંબંધિત ખેતીવાડી અધિકારી અથવા જિલ્લાના નાયબ ખેતી નિયામકશ્રીને આ બાબતની જાણ કરવા ખેતી નિયામક કચેરીની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

પશ્ચિમ કચ્છ પોલીસમાં મોટો ફેરફાર, 17 PI-PSIની આંતરિક બદલી

કચ્છ,

વહીવટી કારણોસર પોલીસ બેડામાં મોટા ફેરફાર કરવામાં આવ્યા છે જેમાં, પશ્ચિમ કચ્છ પોલીસ વિભાગમાં વહીવટી કારણોસર ૧૭ પોલીસ ઈન્સ્પેક્ટર (PI) અને પોલીસ સબ ઈન્સ્પેક્ટર (PSI)ની આંતરિક બદલી કરવામાં આવી છે. જિલ્લા પોલીસ વડા વિકાસ સુંડાએ આ બદલીઓના આદેશ જાહેર કર્યા છે. આ બદલીઓના પગલે વિવિધ પોલીસ સ્ટેશન અને શાખાઓમાં ફરજ બજાવતા અધિકારીઓને નવી જવાબદારીઓ સોંપવામાં આવી છે. મીડિયા સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ, પશ્ચિમ કચ્છ પોલીસ વિભાગમાં વહીવટી વ્યવસ્થાને વધુ સુદૃઢ બનાવવા માટે આ આંતરિક બદલીઓ કરવામાં આવી છે. જેમાં PI અને PSI કક્ષાના અધિકારીઓની જુદી-જુદી પોલીસ સ્ટેશન તેમજ શાખાઓમાં નિમણૂક કરવામાં આવી છે. બદલીના આદેશ અનુસાર, PI એ.બી. જાડેજાની નિરોણા પોલીસ સ્ટેશનથી માધાપર પોલીસ સ્ટેશન ખાતે બદલી કરવામાં આવી છે. જ્યારે PI એ.કે. જાડેજાને માધાપર પોલીસ સ્ટેશનથી મુન્દ્રા એરપોર્ટ ખાતે મૂકવામાં આવ્યા છે.

તેવી જ રીતે PI એસ.એમ. દેસાઈની મુન્દ્રા એરપોર્ટથી કોડાય પોલીસ સ્ટેશન ખાતે બદલી કરવામાં આવી છે. PI બી.પી. ખરાડીને કોડાય પોલીસ સ્ટેશનથી ખાવડા પોલીસ સ્ટેશનમાં નવી જવાબદારી સોંપવામાં આવી છે. આ ઉપરાંત PI ટી.ડી. ચુડાસમાની ધોરડો પોલીસ સ્ટેશનથી ગઢશીશા પોલીસ સ્ટેશન ખાતે બદલી કરવામાં આવી છે.

મંત્રી જીતુભાઈ વાઘાણીના ગાંધીનગર સ્થિત નિવાસસ્થાને નૂતન વર્ષના મંગલ પ્રારંભે દેશી ઓલાદની ગીર ગાયોનું આગમન

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ ગૌ-પૂજન કરી મંત્રીની પહેલને બિરદાવી

ગાંધીનગર,

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના અનન્ય ગૌ-પ્રેમ અને તેમણે પોતાના દિલ્હી સ્થિત નિવાસસ્થાને ગાયો રાખીને સમગ્ર દેશને આપેલી પ્રેરણામાંથી પ્રેરાઈને ગુજરાતના કૃષિ અને પશુપાલન મંત્રી જીતુભાઈ વાઘાણીએ એક અનુકરણીય પહેલ કરી છે. દિવાળીના પાવન પર્વ બાદ નૂતન વર્ષના મંગલ પ્રારંભ સાથે જ મંત્રીએ પોતાના ગાંધીનગર સ્થિત નિવાસસ્થાને 'બાલા હનુમાન ગૌશાળા-પોરબંદર' (કેતનભાઈ ગજ્જર) ખાતેથી વિશ્વપ્રસિદ્ધ દેશી



ઓલાદની બે ગીર ગાય અને બે વાછરડી લાવીને પોતાનો ગૌ-પ્રેમ અને ભારતીય સંસ્કૃતિ પ્રત્યેની પ્રતિબદ્ધતા પ્રદર્શિત કરી છે. નવા વર્ષના શુભ અવસરે, પ્રાકૃતિક કૃષિના પ્રખર હિમાયતી અને ગૌ-પ્રેમી એવા રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ સ્વયં મંત્રીના નિવાસસ્થાને પધારીને આ ગીર ગાયોનું શાસ્ત્રોક્ત વિધિથી ગૌ-પૂજન કર્યું હતું અને ગાયોને નિરાણ અર્પણ કરી મંત્રીની આ ભાવનાને હૃદયપૂર્વક બિરદાવી હતી. આ પ્રસંગે રાજ્યપાલએ ભારતીય સંસ્કૃતિમાં ગૌમાતાના મહત્વને ઉજાગર કરતાં ગાયોની યોગ્ય સારસંભાળ, પોષણ અને વૈજ્ઞાનિક ઢબે ગૌ-સંવર્ધન અંગે મંત્રીને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

ગુજરાત સરકાર દ્વારા બેંકોની જાહેર રજાઓમાં આંબેડકર જયંતીની તારીખ અંગે સુધારો જાહેર



ગાંધીનગર,

ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગ દ્વારા વર્ષ ૨૦૨૭ની બેંકોની જાહેર રજાઓ અંગે ગત તા. ૪ નવેમ્બર, ૨૦૨૬ના રોજ બહાર પાડવામાં આવેલા જાહેરનામામાં "ડૉ. બાબાસાહેબ આંબેડકર જયંતી"ની તારીખ,વાર અને શક સંવત બાબતે શરતચૂકથી થયેલી ભૂલ સુધારવામાં આવી છે.

જેમાં અગાઉના જાહેરનામામાં આ રજા શરતચૂકથી તા. ૧૪ એપ્રિલ, ૨૦૨૬ દર્શાવવામાં આવી હતી. આ સંદર્ભે તા. ૧૬ નવેમ્બર, ૨૦૨૬ના રોજ નવું સુધારેલું જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે.

નવા સુધારા મુજબ, વર્ષ ૨૦૨૭માં ડૉ. બાબાસાહેબ આંબેડકર જયંતીની જાહેર રજા હવે બુધવાર, ૧૪ એપ્રિલ, ૨૦૨૭ના રોજ રહેશે. આ દિવસની અન્ય પંચાંગની વિગતો જોઈએ તો, શક સંવત ૧૯૪૯ની ૨૪ ચૈત્ર અને વિક્રમ સંવત ૨૦૮૩ની ચૈત્ર સુદ-૮ રહેશે.

સામાન્ય વહીવટ વિભાગ દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે, આ એક જ બાબતના સુધારા સિવાય અગાઉના મૂળ જાહેરનામાની બાકીની તમામ રજાઓ અને વિગતો યથાવત્ રહેશે.

સંગીત જગતના સ્ટાર દિલજીત દોસાંઝે ગીરની મુલાકાત લઈ એશિયાટિક સિંહની સફારીનો આનંદ માણ્યો

ગુજરાતમાં કોન્સર્ટ ટૂરિઝમના વધતા અવસર વચ્ચે દિલજીત દોસાંઝે માણ્યું ગુજરાતનું વન્યજીવન અને આતિથ્ય

અમદાવાદ,

વૈશ્વિક સંગીત જગતના લોકપ્રિય કલાકાર દિલજીત દોસાંઝ હાલમાં ગુજરાતની મુલાકાતે છે અને તેમણે આજે ગીર રાષ્ટ્રીય ઉદ્યાનની મુલાકાત લઈ સિંહ સફારીનો આનંદ માણ્યો હતો. ગીરના જંગલમાં ભવ્ય એશિયાટિક સિંહ તેમજ ગુજરાતની સમૃદ્ધ કુદરતી અને વન્યજીવનની વિરાસતથી દિલજીત દોસાંઝ અભિભૂત થયા હતા. તેઓ ગુજરાતમાં અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે યોજાનાર આગામી કોન્સર્ટ માટે આવ્યા છે. દિલજીતની ગીર મુલાકાત મનોરંજન અને પ્રવાસનના વધતા સંગમને ઉજાગર કરે છે.

ગુજરાતમાં કોન્સર્ટ ટૂરિઝમ પ્રવાસનના નવા અને મહત્વપૂર્ણ ક્ષેત્ર તરીકે ઉભરી રહ્યું છે, જે દેશ-વિદેશમાંથી પ્રવાસીઓને આકર્ષવાની સાથે હોટેલ, રેસ્ટોરન્ટ, પરિવહન, સ્થાનિક વ્યવસાય અને પ્રવાસન ક્ષેત્ર સાથે સંકળાયેલા વિવિધ હિતધારકો માટે આર્થિક તકો ઊભી કરી શકે છે. વિશાળ સ્તરના કોન્સર્ટ સાથે ગીરનું વન્યજીવન, ગુજરાતની સમૃદ્ધ સંસ્કૃતિ અને વિવિધ પ્રવાસન સ્થળોને જોડવાથી અમદાવાદ અને ગુજરાતનું ડેસ્ટિનેશન બ્રાન્ડિંગ વધુ મજબૂત બનશે અને રાજ્યને કોન્સર્ટ, ઈવેન્ટ તથા એક્સપિરિએન્શિયલ ટૂરિઝમ માટે એક આકર્ષક સ્થળ તરીકે પ્રસ્થાપિત કરવામાં મદદ મળશે.

મોટા પાયે યોજાતા કોન્સર્ટ ગુજરાતના પ્રવાસનને પરંપરાગત પ્રવાસન અનુભવોથી આગળ લઈ જવાની, પ્રવાસીઓની સંખ્યા વધારવાની, સ્થાનિક આર્થિક પ્રવૃત્તિને વેગ આપવાની અને ગુજરાતના બ્રાન્ડને રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય સ્તરે વધુ મજબૂત બનાવવાની નોંધપાત્ર તક પૂરી પાડશે.

IIT ગાંધીનગરના સંશોધકોએ છોડને જરૂર હોય ત્યારે સૂક્ષ્મ પોષકતત્વો મુક્ત કરે તેવા સીવીડ-આધારિત બીડ્સ વિકસાવ્યા

ગાંધીનગર,

ભલે માટીમાં છોડને જરૂરી બધા પોષક તત્વો હોય, છતાં તે વધવા માટે સંઘર્ષ કરી શકે છે. ઝીંક અને આયર્ન જેવા સૂક્ષ્મ પોષક તત્વો છોડના મૂળ સુધી પહોંચે છે કે માટીના કણોમાં ફસાયેલા રહે છે તે જમીનના રસાયણશાસ્ત્ર પર આધાર રાખે છે, ખાસ કરીને તેની એસિડિટી પર. ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી ગાંધીનગર (IITGN) ના સંશોધકોએ સીવીડ જેલના નાના મણકા વિકસાવ્યા છે. જ્યારે મૂળની આસપાસની માટી એસિડિક બને છે, ત્યારે આ મણકા સૂક્ષ્મ પોષક તત્વોને મુક્ત કરે છે. આ એક સંકેત છે જે છોડ પોષક તત્વોની ઉણપ અનુભવે છે ત્યારે આપે છે.

ACS Omega માં પ્રકાશિત આ અભ્યાસ, કૃષિ સમસ્યાને ઉકેલવા માટે જેલ-બીડ્સ ટેકનોલોજીનો ઉપયોગ કરે છે. તેનો ઉદ્દેશ્ય ઝીંક, આયર્ન, મેંગેનીઝ અને તાંબુ જેવા આવશ્યક સૂક્ષ્મ પોષક તત્વોને જમીન દ્વારા શોષાય તે પહેલાં અથવા પાણી



દ્વારા ધોવાઈ જાય તે પહેલાં પાક સુધી પહોંચાડવાનો છે.

આ સૂક્ષ્મ પોષક તત્વોર્ૈય્દ્ર ના જૈવિક વિજ્ઞાન અને એન્જિનિયરિંગ વિભાગના પીએચડી વિદ્વાનો, હિતાશા વિઠલાની અને સુભોજીત ઘોષની કૃતિ છે. હિતાશા વિઠલાની ડૉ. મુકેશ ધાનકાની પ્રયોગશાળામાં કેન્સર અને ઘાની સારવાર માટે બાયોમટીરિયલ્સ પર કામ કરે છે. તેમની પ્રયોગશાળા તબીબી ઉપયોગો માટે પાણી શોષક જેલ, જેને હાઈડ્રોજેલ્સ કહેવાય છે, ડિઝાઈન કરે છે. સુભોજીત ઘોષ, ડૉ. સુબ્રમણ્યમ શંકરનારાયણનના માર્ગદર્શન હેઠળ, છોડ પ્રણાલીઓમાં બાયોમોલેક્યુલ્સનો અભ્યાસ કરે છે.

આ ગ્રાન્યુલ્સ તબીબી ક્ષેત્રના એક વિચારને માટીના પોષણ પર લાગુ કરે છે. IITGN ખાતે જૈવિક વિજ્ઞાન અને એન્જિનિયરિંગ વિભાગના સહાયક પ્રોફેસર અને અભ્યાસના લેખક ડૉ. ધનકાએ જણાવ્યું, "હાઈડ્રોજેલ્સ, જે કોઈ દવાને પોતાની અંદર રાખીને તેને ધીમે ધીમે મુક્ત કરે છે, તેમાં તબીબી ઉપયોગો માટે અપાર સંભાવનાઓ છે. અમે આ ટેકનોલોજીને અનુકૂલિત કરી છે જેથી જેલ છોડને મૂળની નજીક પોષક તત્વોની આસપાસ ત્યાં સુધી રોકી રાખે જ્યાં સુધી છોડને તેમની જરૂર ન પડે."

છોડની નાની જરૂરિયાત, ભરવા માટે મોટી ઉણપ

છોડને ખૂબ જ ઓછી માત્રામાં સૂક્ષ્મ પોષકતત્વોની જરૂર પડે છે, પરંતુ તેમની ઉણપ સામાન્ય ઉત્સેચક પ્રવૃત્તિને અવરોધે છે અને હરિતદ્રવ્ય ઘટાડી શકે છે. આના પરિણામે પાંદડા પીળા પડી જાય છે, છોડનો વિકાસ અટકે છે અને ઉપજમાં ઘટાડો થાય છે. ૨૦૨૧માં બહાર પાડવામાં આવેલા સોઈલ હેલ્થ કાર્ડ ડેટાના વિશ્લેષણમાં જાણવા મળ્યું છે કે લગભગ ૩૯% ભારતીય જમીનમાં ઝીંક અને લગભગ ૧૯% આયર્નની ઉણપ છે.

આવા પાકોના ખોરાકમાં ખનીજોની ઉણપ હોય છે, જે હિડન હંગરમાં ફાળો આપે છે. આ વિટામિન અને ખનીજની ઉણપ સંયુક્ત રાષ્ટ્રના ટકાઉ વિકાસ ધ્યેય રનું લક્ષ્ય છે. જમીનમાં સૂક્ષ્મ પોષકતત્વોના ક્ષાર ઉમેરવા અથવા પાંદડા પર છંટકાવ કરવા જેવા સામાન્ય અભિગમોની પોતાની મર્યાદાઓ હોય છે. ઘણીવાર, આ ક્ષાર જમીનમાં સ્થિર થઈ જાય છે અથવા છોડના મૂળ તેમને શોષી શકે તે પહેલાં ધોવાઈ જાય છે.

કેન્દ્રીય મંત્રી એસ. પી. સિંહ બઘેલે ભુજ ખાતેની બેઠકમાં પંચાયતોની નાણાકીય આત્મનિર્ભરતા પર ભાર મૂક્યો



કેન્દ્રીય પંચાયતી રાજ રાજ્ય મંત્રી પ્રો. એસ. પી. સિંહ બઘેલે મંગળવારે કચ્છના ભુજ ખાતે "પંચાયતી રાજ સંસ્થાઓમાં આવકના પોતાના સ્ત્રોતોનું એકત્રીકરણ" વિષય પરની સલાહકાર સમિતિની બેઠકમાં ભાગ લીધો હતો.આ બેઠકમાં પંચાયતી રાજ સંસ્થાઓની નાણાકીય સ્વાયત્તતાને મજબૂત કરવા, તેમની પોતાની આવક ઊભી કરવાની ક્ષમતા વધારવા અને ટકાઉ ગ્રામીણ વિકાસ માટે નાણાકીય સંસાધનોનો શ્રેષ્ઠ ઉપયોગ સુનિશ્ચિત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું.વિચાર-વિમર્શમાં ગ્રામીણ વિકાસને વેગ આપવા માટે પાયાના સ્તરના શાસનને વધુ નાણાકીય રીતે સ્વતંત્ર, કાર્યક્ષમ અને જવાબદાર બનાવવાના મહત્વને પણ રેખાંકિત કરવામાં આવ્યું હતું.આ બેઠકમાં લોકસભાના સાંસદો ગેનીબેન નાગાજી ઠાકોર અને ઉમેશભાઈ બાબુભાઈ પટેલ, પંચાયતી રાજ મંત્રાલયના સચિવ વિનીત જોશી, સંયુક્ત સચિવો મુક્તા શેખર અને રાજેશ કુમાર સિંહ, અધિક વિકાસ કમિશનર યોગેશ નિર્ગુડે, પંચાયતી રાજ મંત્રાલયના નાયબ સચિવ દીપેન્દ્ર સિંહ અને અન્ય વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

બેઠકમાં મજબૂત ગ્રામીણ ભારતના નિર્માણ અને 'વિકસિત ભારત'ના વિઝનને સાકાર કરવાના પાયા તરીકે સશક્ત, નાણાકીય રીતે સુદૃઢ અને આત્મનિર્ભર પંચાયતોના મહત્વ પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો.

ગિરનારની લીલી પરિક્રમાને લઈને જૂનાગઢ પોલીસે રીક્ષાચાલકો માટે રજીસ્ટ્રેશન, અધિકૃત પાસ ફરજીયાત કર્યા

જૂનાગઢ,

સમગ્ર દેશમાં મહત્વનું ગણાતી ગિરનારની પાવનકારી લીલી પરિક્રમા કાર્તિક સુદ એકાદશીથી કાર્તિકી પૂર્ણિમા સુધી આયોજિત થતી હોય છે. પરિક્રમા માટે આવતા શ્રદ્ધાળુઓ ભવનાથ સુધી ઓટોરિક્ષા મારફતે પહોંચતા હોય છે. આ વખતે જૂનાગઢ જિલ્લા પોલીસ દ્વારા રિક્ષાચાલકોને પાસ આપવાનું નક્કી થયું છે. જૂનાગઢમાં સ્થાનિક રહેતા હોય તેવા રિક્ષાચાલકોને પાસ આપવામાં આવશે. આ સિવાય પરિક્રમાના પાંચ દિવસ દરમિયાન તમામ પ્રકારના રિક્ષાના ડોક્યુમેન્ટ, જેવા કે રીક્ષા કોઈ ગુનામાં વપરાય નથી અને ચાલકનો કોઈ ઈતિહાસ ગુનાહિત નથી. આવા પ્રમાણપત્રો સાથે પાસ આપવામાં આવી રહ્યા છે.

કાર્તિક સુદ એકાદશીથી કાર્તિકી પૂર્ણિમા સુધી ગરવા ગિરનારની પાવનકારી લીલી પરિક્રમા શરૂ થઈ રહે છે. આગામી ૨૦ તારીખથી આ પરિક્રમા શરૂ થશે. જે ૨૪મી તારીખે પૂર્ણ થશે. પરિક્રમામાં સમગ્ર ગુજરાત અને દેશમાંથી આવતા ભાવિકો ભવનાથ અને પરિક્રમા માર્ગ સુધી પહોંચે, તે માટે રિક્ષાચાલકોને વિશેષ પાસ આપવાનો નિર્ણય જૂનાગઢ જિલ્લા પોલીસ દ્વારા કરવામાં આવ્યો છે. જે રિક્ષાચાલકો પાસે પોલીસ દ્વારા અધિકૃત પાસ આપવામાં આવ્યો હશે, તેવી જ રિક્ષાને પરિક્રમાના દિવસો દરમિયાન ભવનાથ તળેટી અને પરિક્રમાના માર્ગ સુધી જવા દેવાની મંજૂરી આપવામાં આવશે.

જૂનાગઢ જિલ્લા પોલીસ અધિક્ષક સુબોધ ઓડેદરાએ આપેલી વિગતો અનુસાર, આ વર્ષે પરિક્રમામાં રિક્ષાચાલકો માટે પાસ ફરજિયાત બનાવવામાં આવ્યો છે. જૂનાગઢ શહેરમાં રહેતા જ રિક્ષાચાલકોને પાસ આપવામાં આવશે. જેમાં રિક્ષાના તમામ આધાર સાથેના પ્રમાણપત્રો, જે રીક્ષા પરિક્રમામાં ચલાવવા માટે મંજૂરી માંગવામાં આવી છે, તે ગુનાહિત કામો માટે ક્યારેય વપરાઈ નથી અને સાથે સાથે રિક્ષાચાલકનો પણ કોઈ ગુનાહિત ઈતિહાસ નથી. આવા ધારા ધોરણોને પૂર્ણ કરનાર રિક્ષા અને તેના ચાલકને પરિક્રમા દરમિયાન પાંચ દિવસ માટે પાસ આપવાનો નક્કી થયું છે.

જૂનાગઢ પોલીસે લીધેલા આ મોટા નિર્ણય બાદ પોલીસ સ્ટેશન બહાર રિક્ષાચાલકોની કતાર લાગી હતી. રિક્ષાચાલકોને પાસ આપવાની તમામ કામગીરી જૂનાગઢ જિલ્લા ટ્રાફિક શાખા દ્વારા શરૂ કરવામાં આવી છે. પોલીસ વિભાગ દ્વારા અધિકૃત ન કરાયેલી કોઈપણ રિક્ષાને પરિક્રમા માર્ગ પર પ્રવેશ દેવામાં આવશે નહીં.

હાપા યાર્ડમાં ૨૫,૦૦૦ ગુણી મગફળીની બમ્પર આવક થતા નવી આવક દિવસ બંધ



તસવીરઃ સુનિલ ચુડાસમા



જામનગર : જામનગરના હાપા માર્કેટિંગ યાર્ડમાં લાભ પાંચમ બાદ જણસીઓની આવક શરૂ થતાં ખેડૂતોનો ધસારો જોવા મળી રહ્યો છે. ખાસ કરીને મગફળીની વિક્રમી આવકને પગલે હાલ નવી આવક બંધ રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. યાર્ડમાં ઉતારવામાં આવેલી મગફળીની હરાજી પૂર્ણ થયા બાદ જ નવી આવક શરૂ કરવામાં આવશે.

બીજી તરફ મગફળીના બજારમાં પણ તેજીનો માહોલ જોવા મળી રહ્યો છે. ચાલુ સિઝનમાં ૯ નંબરની મગફળીના ભાવ રૂ. ૨,૭૭૫ સુધી પહોંચ્યા છે, જે આ સિઝનનો અત્યાર સુધીનો સૌથી ઊંચો ભાવ હોવાનું જાણવા મળ્યું છે. ખાસ કરીને તમિલનાડુના વેપારીઓ ખાદ્યતેલ માટે મગફળીની ખરીદી કરવા હાપા યાર્ડમાં આવી રહ્યા હોવાથી બજારમાં તેજી જોવા મળી રહી છે.

મગફળીની વિવિધ જાતોમાં ૬ નંબરની મગફળીના ભાવ પણ રૂ. ૨,૪૦૦થી વધુ બોલાઈ રહ્યા છે. ઊંચા ભાવ મળતાં ખેડૂતોમાં સંતોષની લાગણી જોવા મળી રહી છે. ઓછા વરસાદ અને ઉત્પાદનના ઘટાડાની સ્થિતિ વચ્ચે મગફળીના સારા ભાવ મળવાથી ખેડૂતોને આર્થિક રાહત મળી રહી છે.

આ અંગે હાપા માર્કેટિંગ યાર્ડના સેક્રેટરી હિતેશભાઈ પટેલે વિગતો આપતાં જણાવ્યું હતું કે, મગફળીની ભારે આવકને ધ્યાનમાં રાખીને હાલ નવી આવક અટકાવવામાં આવી છે. યાર્ડમાં ઉતારવામાં આવેલી મગફળીની હરાજી પૂર્ણ થયા બાદ જ નવી આવક શરૂ કરવામાં આવશે. આમ, હાપા માર્કેટિંગ યાર્ડમાં એક તરફ મગફળીની વિક્રમી આવક અને બીજી તરફ ભાવમાં તેજી જોવા મળતાં કૃષિ બજારમાં ઉત્સાહનો માહોલ છવાયો છે.

જામનગરના રબ્બાની પાર્કમાંથી ૫૭૬ ગ્રામ ગાંજા સાથે શખ્સને ઝડપી લેતી એસઓજી

જામનગર : યુવાધનને નશાના દુષણથી બચાવવા નો ડ્રગ્સ ઈન જામનગર અભિયાન હેઠળ જામનગર શહેરમાં નશીલા પદાર્થોના વેચાણ અને હેરાફેરીને અટકાવવા એસઓજી પોલીસે ઝુંબેશ તેજ બનાવી છે. જેના ભાગરૂપે એસઓજીની ટીમે બાતમીના આધારે કાર્યવાહી કરી રહેણાંક મકાને ગાંજાનું વેચાણ કરતા શખ્સને ૫૭૬ ગ્રામ ગાંજાના જથ્થા સાથે ઝડપી પાડ્યો હતો. આરોપી પાસેથી ગાંજો, મોબાઈલ સહિતનો મુદામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

શહેરના મોરકંડા રોડ પર આવેલા રબ્બાની પાર્ક, રબ્બાની સોસાયટી, શેરી નંબર-૭માં રહેતો ગુલામહાજી મમદગોસ શેખ નામનો શખ્સ પોતાના રહેણાક મકાને બહારથી ગાંજો મંગાવી તેનું વેચાણ કરતો હોવાની પોલીસને જાણ થતા એસઓજી પોલીસે આરોપીના ઘરે દરોડો પાડ્યો હતો. જ્યાં ગુલામહાજી મમદગોસ શેખના ઘરેથી ૨૮ હજારની કિંમતનો ૫૭૬ ગ્રામ ગાંજાનો જથ્થો પકડાયો હતો. પોલીસે એક મોબાઈલ સહિત રૂ.૩૩,૮૦૦ નો મુદામાલ જપ્ત કરી આરોપી સામે સિટી એ ડિવિઝન પોલીસ મથકમાં એનડીપીએસ કલમ હેઠળ કાયદાસરની કાર્યવાહી હાથ ધરી છે.



તસવીરઃ સુનિલ ચુડાસમા

આરોપી ગાંજાનો જથ્થો ક્યાંથી લાવ્યો અને કેટલા સમયથી નશીલા પદાર્થનું વેચાણ કરતો હતો? અન્ય કોઈ સંડોવાયેલુ છે કે કેમ? તે દિશામાં પોલીસે તપાસ હાથ ધરી છે.

આધેડનો અગમ્ય કારણોસર આપઘાત

જામનગર : જામનગરના એરફોર્સ રોડ પર આવેલી વછરાજ કોલોનીમાં રહેતા એક આધેડે પોતાના ઘરે કોઈ અગમ્ય કારણોસર ઝેરી દવા પી લેતાં તેમનું મૃત્યુ નિપજ્યાનો બનાવ પોલીસ દફતરે ઉઠવા પામ્યો છે.

પ્રાપ્ત વિગત મુજબ શહેરના એરફોર્સ રોડ પર વછરાજ કોલોનીમાં રહેતા સવજીભાઈ બેચરભાઈ માતંગ નામના આધેડએ ગઈકાલે પોતાના ઘેર કોઈ અગમ્ય કારણોસર ઝેરી દવા પી લીધી હતી. જેથી તેઓને જી.જી. હોસ્પિટલ ખાતે ખસેડાયા હતા. જ્યાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. આ બનાવ અંગે મૃતકના ભાઈ ખેંગારભાઈ બેચરભાઈ માંતગે સીટી સી. ડિવિઝન પોલીસને જાણ કરતા હોસ્પિટલ દોડી જઈ મૃતદેહનો કબ્જો સાંભળી બનાવ અંગે આગળની કાર્યવાહી હાથ ધરી છે.





State Action Plan for Containment of Antimicrobial Resistance GUJARAT
Preserve Antibiotics : Protect Lives
ગુજરાત સરકાર
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ
રાષ્ટ્રીય સ્વાસ્થ્ય મિશન



વિશ્વ એન્ટિમાઈક્રોબિયલ રેઝિસ્ટન્સ જાગૃતિ સપ્તાહ (તા. ૧૮-૨૪ નવેમ્બર ૨૦૨૬)

એન્ટિબાયોટિક્સનો બેફામ અને બેજવાબદાર ઉપયોગ
સુપરબગ્સને જન્મ આપે છે



"સ્વસ્થ સમાજના નિર્માણ અને સુપરબગ્સ સામેની લડાઈમાં સહભાગી બનો, એન્ટિબાયોટિક્સનો જવાબદારીપૂર્વક ઉપયોગ કરો અને દવાનો કોર્સ અવશ્ય પૂર્ણ કરો."
હર્ષ સંઘવી, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

"તબીબની સલાહ વિના ક્યારેય એન્ટિબાયોટિક્સ ન લો, ગમે તેટલું સારું લાગે તો પણ અધવચ્ચે એન્ટિબાયોટિક્સ બંધ ન કરો."
પ્રફુલ પાનશેરીયા, આરોગ્ય મંત્રી, ગુજરાત સરકાર